gujaratvandan.com



પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન
સાપ્તાહિક

રવિવાર, 15 સપ્ટેમ્બર 2024

ભાદરવા સુદ -12, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 21 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતાં, બુદ્ધિશાળી વ્યક્તિનો ઠપકો સાંભળવો ફાયદાકારક છે...!

**નાયડૂ-નિતિશકુમારના સહારે નરેન્દ્રની નૈયા..** 17 સપ્ટેમ્બર, 1950માં વડનગરમાં જન્મેલા નરેન્દ્ર મોદીનું જીવન સંઘર્ષથી ભરપૂર રહ્યું છે...

# રાજકીય પડકારો વચ્ચે પીએમ મોદીનો 75મા વર્ષમાં પ્રવેશ

### ■ 75મા વર્ષે રાજકીય નિવૃતિનો ભાજપનો નિયમ મોદીને લાગૂ નહીં પડે

ગુજરાત | વંદન

17 સપ્ટેમ્બર, 1950ના રોજ ગુજરાતના વડનગરમાં જન્મેલા નરેન્દ્ર દામોદરદાસ મોદી 17 સપ્ટેમ્બર, 2024ના રોજ વર્તમાનમાં તેમની સામેના રાજકીય પડકારોની વચ્ચે 75મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. રાજકીય પડકોરોમાં એક તો એ કે તાજેતરની લોકસભા ચૂંટણીઓમાં તેમની સરકારને બહુમતિ માટે જરૂરી એટલી 272 બેઠકો મળી શકી નહોતી અને એક સમયે જેઓ તેમનો જે તે વખતના રાજકીય વિરોધી રહ્યાં તે આંધ્રના વર્તમાન સીએમ ચંદ્રાબાબુ નાયડૂ અને બિહારના સીએમ નીતિશકુમારનો ટેકો લઈને ટેકાવાળી પ્રથમ અને સળંગ ત્રીજીવાર સરકાર બનાવી છે.

રાજકીય રીતે જોઈએ તો, ભારતના રાજકારણમાં ટેકાવાળી સરકારને ખૂબ ઉંચી રાજકીય કિંમત ચૂકવવી પડતી હોય છે. અને ટેકો આપનારા ક્યારે ટેકો પાછો ખેંચે તે નક્કી હોતુ નથી. ચૂંટણીમાં બહુમતિ ન મળવાની સાથે તેમના કેટલાક નિવેદનોને લઈને મોદીની માતૃસંસ્થા આરએસએસ સાથે તેમના સંબંધોમાં સહેજ ખટાશ આવી હોય તેમ સંઘ સુપ્રિમો દ્વારા તેમની જાહેરમાં આલોચના કરવામાં આવી છે.ખાસ કરીને હું બોયલોજિકલ રીતે જન્મયો નથી, ભગવાન છું...એવા નિવેદની સંઘ દ્વારા આલોચના કરવામાં આવી છે.

વડાપ્રધાન મોદી 75મો જન્મદિન પોતાના હોમ સ્ટેટ ગુજરાતમાં મનાવશે અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. તેમને નજીકથી ઓળખનારાના મતે, મોદીનું સમગ્ર જીવન સંઘર્ષથી ભરેલુ રહ્યું છે. તેમની ખાસ વિશેષતા એ છે કે તેઓ તેમને ખરાબ સમયમાં મદદ કરનારાઓને ભૂલ્યા નથી અને તેમને તેમનુ યોગ્ય ઋણ અદા કર્યું છે.

2014 અને 2019 એમ બે વખત જીતીને સત્તાના સળંગ 10 વર્ષ પસાર કર્યા બાદ પણ 2024ની લોકસભાચૂંટણીમાં અબ કી બાર 400 કે પાર...ને બદલે ભાજપને બહુમતિ જેટલી 272 બેઠકો પણ ન મળી અને કોંગ્રેસ 44માંથી 99 બેઠકો પર પહોંચતા રાહુલ ગાધી સત્તાવાર રીતે વિપક્ષના નેતા બનતા તેમણે મોદીની સામે જાણે કે રીતસર રાજકીય યુધ્ધ છેડ્યુ હોય તેમ સંસદની અંદર અને સંસદની બહાર મોદીને રાજકીય રીતે અનેકવાર ઘેર્યા છે. ઘણીવાર તો એવુ જોવા ણલ્યું કે જાણે મોદી રાહુલ કહે તેમ કરે છે. રાહુલે દાવો કર્યો છે કે તેમણે મોદીને માનસિક રીતે ભાંગી નાંખ્યો છે અને હવે તેઓ સીના તાનકર ચાલી શકે તેમ નથી.






અલબત મોદી કાંઈ તેનાથી ડરે તેમ નથી પણ તેમને હવે બીજાના સહારે સરકાર ચાલી રહી હોવાથી તેમને સ્વભાવની વિરુધ્ધ જઈને વર્તવુ પડી રહ્યું છે અને એવા નિર્ણયો પણ લેવા પડી રહ્યાં છે.

2014થી 2024ના 10 વર્ષ દરમ્યાન તેમની સામે કોઈ પડકાર નહોતો. તેમની સ્પષ્ટ કરતાં વધુ બહુમતિ મળી હતી અને નબળી કોંગ્રેસ, નબળા વિપક્ષના કારણે તેમણે નોટબંધી અને ઈલેકટોરલ બોન્ડ સહિતના અનેક નિર્ણયો લઈને ભારતના અર્થતંત્રને વિશ્વની પાંચમી ઈકોનોમી સુધી પહોંચાડી અને હવે ત્રીજા નંબરની ઈકોનોમી સહિત 2047માં ભારતને વિક્સિત દેશ બનાવવાનું કામ હાથ પર લીધુ છે.

જો કે કેટલાકના મતે, તેમની સરકાર ટેકાવાળી હોવાથી તેઓ પોતાના આ મિશનમાં કેટલા અને ક્યાં સુધી સફળ થશે તે અંગે કોઈ દાવાપૂર્વક કહેવા માટે તૈયાર નથી. અલબત એવી પણ ચર્ચા દિલ્હીમાં ચાલી રહી છે કે મહારાષ્ટ્ર, દિલ્હી વગેરે.ની ચૂંટણીઓના પરિણામો પર ટેકાવાળી સરકારનું ભાવિ અવલંબે છે. અને તેથી જ મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા કથિત ભ્રષ્ટાચારને કારણે તૂટી પડતા વિરોધને શાંત કરવા અને ઉદ્ધવ-કોંગ્રેસ અને શરદ પવારને તેનો રાજકીય લાભ લેતા રોકવા તેમણે મુંબઈમાં એક કાર્યક્રમમાં વડાપ્રધાનને તાબડતોડ બે હાથ જોડીને નમીને માફી માંગતા જોઈને સૌ કોઈને નવાઈ લાગી હતી. એમ મનાય છે કે તેમની સરકારનું ભાવિ મહારાષ્ટ્રની ચૂંટણીના પરિણામો પર છે. ટેકો આપનારા નાયડૂ અને નીતિશકુમાર પણ મહારાષ્ટ્રના પરિણામોને મહત્વના માની રહ્યાં છે..

રાજકીય નિરિક્ષકોના મતે ભાજપે મહારાષ્ટ્રમાં સત્તા માટે પોતાની સહયોગી પાર્ટી શિવસેનામાં ભાગલા પડાવીને અને મરાઠાકિંગ મનાતા શરદ પવારની પાર્ટીમાં પણ ભંગાણ પડાવીને પોતાના પગ ઉપર કૂહાડો માર્યો છે અને ઉદ્ધવ-શરદપવાર કોંગ્રેસની સાથે મળીને મહારાષ્ટ્રની ચૂંટણીમાં રાજકીય વેર વાળવા પોતાની તમામ તાકાત લગાવી રહ્યાં છે અને તેમાં છત્રપતિ શિવાજીની પ્રતિમાં 5 મહિનામાં જ ધરાશાયી થતાં તેઓ તેનો ભરપૂર લાભ લઈ રહ્યાં છે.

લોકોની અપેક્ષાથી વિપરીત જઈને કઈક નવુ કરનાર મોદીએ સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ ચંદ્રચૂડના નિવાસસ્થાને જઈને ગણેશની આરતીમાં ભાગ લઈને એક નવો વિવાદ જગાવવાની સાથે દેશ આખાને ચોંકાવ્યા છે. યુક્રેન યુધ્ધ રોકવાના પ્રયાસોના પગલે આંતરરાષ્ટ્રીય મંચ પર સક્રિય વડાપ્રધાનની વૈશ્વિક મંચ પર પ્રશંસા થઈ પણ ઘરઆંગણે હિંસાગ્રસ્ત મણિપુરની હજુ સુધી મુલાકાત નહીં લઈને વિરોધીઓના નિશાન પર છે.

ભાજપનો 75 વર્ષે રાજકિય નિવૃતિનો નિયમ મોદીને ભલે લાગૂ નહીં પડે, પણ ટેકાવાળા નાયડૂ અને નિતિશની બ્લ્યૂ બુકમાં આ નિયમ નથી....!

## ન્યૂઝ બ્રિફ

### એક એવુ પરફ્યુમ કે જેનું નામ છે-ડાયવોર્સ(છૂટાછેડા)....!




ઘણીવાર ફિલ્મો અને ગીતોમાં જોયું હશે કે બ્રેકઅપ કે ડિવોર્સ પછી લોકો ઘણા એવા કામ કરે છે જેના કારણે દગો દેનાર વ્યક્તિ દંગ રહી જાય. દુબઈના શાસક મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમની પુત્રી પ્રિન્સેસ શેખા મહારાએ પણ આવું જ કંઈક કર્યું. તેમણે છૂટાછેડા પછી એક પરફ્યુમ લોન્ચ કર્યું. હવે દુબઈની પ્રિન્સેસ માટે પરફ્યુમ લોન્ચ કરવી એ મોટી વાત શું છે પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે તેણે પરફ્યુમનું નામ ‘Divorce’ રાખ્યું છે....કોણ લગાવશે...?!

### આધાર કાર્ડ યુઝર્સ માટે મોટી રાહત... ડેડલાઈન 3 મહિના લંબાવી



આધાર કાર્ડ ધારકો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આધાર યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઑફ ઈન્ડિયા અથવા UIDAI એ મફત આધાર અપડેટ કરવાની સમયમર્યાદા વધારી દીધી છે અને હવે આ કામ ડિસેમ્બર 2024 સુધી મફતમાં કરી શકાશે. આ સમયમર્યાદા આજે પૂરી થઈ રહી હતી, પરંતુ ઓથોરિટીએ તેને ત્રણ મહિના માટે લંબાવવાનો નિર્ણય કર્યો છે.આ મુદત આજે પૂરી થવાની હતી યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ 10 વર્ષથી વધુ સમય પહેલા બનાવેલા આધાર કાર્ડ (આધાર કેડ)ને મફતમાં અપડેટ કરવાની સુવિધા પૂરી પાડી છે અને તેની સમયમર્યાદા આજે સમાપ્ત થઈ રહી હતી, જે હવે લંબાવવામાં આવી છે.

### હિન્દીનો દરેક ભારતીય ભાષા સાથે અતૂટ સંબંધ છે: અમિત શાહ




કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે શનિવારે 14 સપ્ટેમ્બર હિન્દી દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે રાજહિંદીનો દરેક ભારતીય સાથે અતૂટ સંબંધ છે. શાહે કહ્યું કે તમામ ભારતીય ભાષાઓ દેશનું ગૌરવ અને ધરોહર છે અને તેને સમૃદ્ધ કર્યા વિના દેશ પ્રગતિ કરી શકશે નહીં. શાહે કહ્યું, “મને વિશ્વાસ છે કે તમામ ભારતીય ભાષાઓને સાથે લઈને, રાજહિંદી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં યોગદાન આપવાનું ચાલુ રાખશે.”

### વાંકી નજરે...

સૌજન્યથી...




# પૃથ્વી પર પરત ક્યારે આવશો, એવુ પૂછતા જ સુનિતા તરત બોલી-બસ તક મળતા જ...!

### ■ સ્ટારલાઈનરની પરત ફર્યા બાદ અંતરિક્ષમાંથી સુનીતા વિલિયમ્સનું પ્રથમ નિવેદન

ગુજરાત | વંદન



અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલમોર 3 મહિનાથી વધુ સમયથી અવકાશમાં અટવાયેલા છે. બીજી તરફ, સ્પેસક્રાફ્ટ સ્ટારલાઈનર જેમાં બંને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ગયા હતા તે હવે બંને વગર પરત ફર્યા છે. દરમિયાન, સુનીતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરનું પ્રથમ નિવેદન બહાર આવ્યું છે, તેઓએ કહ્યું કે, અમે આગામી તક તરફ જોઈ રહ્યા છીએ. જો કે તેમની બોડી લેંગ્વેજ અને ઉપોયગમાં લેવાયેલા શબ્દો દર્શાવે છે કે તેઓ ખરેખર ત્યાં બરાબરના અટવાઈ ગયા છે અને જેમ બને તેમ વહેલી તકે ત્યાંથી નિકળવા માંગે છે...!

અવકાશયાન પરત ફર્યા બાદ પ્રથમ વખત સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરે ન્યૂઝ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો અને બધાની સામે પોતાના વિચારો રજૂ કર્યા હતા. બંને અવકાશયાત્રીઓએ કહ્યું કે, બોઈંગના સ્ટારલાઈનરને અમારા વિના પૃથ્વી પર પરત ફરતા જોવું અમારા માટે ખૂબ જ દુ:ખદ હતું.

વિલ્મોરે કહ્યું, અમે તેને અમારા વિના જતું જોવા માંગતા ન હતા, પરંતુ તે અહીં થવાનું હતું, તેણે અમારા વિના જવું હતું. સુનીતા વિલિયમ્સે આ પ્રસંગે આશા સાથે કહ્યું કે, હવે આપણે આગામી તક તરફ જોવું જોઈએ.


જ્યારે બંને અવકાશયાત્રીઓને પૂછવામાં આવ્યું કે શું તેઓ મિશનમાં થયેલી ટેકનિકલ ખામીઓને કારણે નાસાથી નારાજ છે, તો તેમણે આ વાતનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો, તેમણે સુનિતાના ટી-શર્ટ પરના નાસાના લોગો તરફ ઈશારો કર્યો હતો , તે રજૂ કરે છે કે આપણે જેના માટે ઊભા છીએ, આપણે આગળ વધીએ છીએ અને આપણે એવી વસ્તુઓ કરીએ છીએ જે સામાન્ય નથી.

આ મિશન 8 દિવસથી 8 મહિના સુધી ચાલ્યું છે. જેના કારણે 3 મહિના અંતરિક્ષમાં વિતાવ્યા બાદ બંને અવકાશયાત્રીઓએ વધુ 5 મહિના અવકાશમાં રહેવું પડશે.

# ફેસબુકે ઓસ્ટ્રેલિયાના તમામ એડલ્ટ યુઝર્સના ફોટોઝ અને પોસ્ટની ચોરી કરી!

### ■ મેટાનો લૂલો બચાવ: અમારા AI ટૂલને તાલીમ આપવા ડેટા ચોરી કરી છે

ગુજરાત | વંદન




ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પર અનેક દેશોમાં પ્રાઈવસી ભંગના આરોપો લાગ્યા છે. મેટા કંપની તેમના યુઝર્સના ડેટાનો ગેરઉપયોગ કરવાના આક્ષેપોની વચ્ચે ફેસબુકે ઓસ્ટ્રેલિયન સરકાર સમક્ષ એવી ચોંકાવનારી કબૂલાત કરી છે કે તેમણે ઓસ્ટ્રેલિયાના તમામ એડલ્ટ યુઝર્સના ફોટોઝ અને પોસ્ટની ચોરી કરી હતી...! આ પાછળનો તેનો હેતુ મેટાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટૂલને તાલીમ આપવાનો હતો. મેટા 2007થી આ પ્રકારનો ડેટા ભેગો કરતી હતી. ઓસ્ટ્રેલિયન સરકારે ફેસબુકના આ નિર્ણયને પ્રાઈવસીના ભંગ ગણાવ્યો છે. આ કારણસર કંપની પર કડક કાર્યવાહીનો ખતરો તોળાઈ રહ્યો છે.ફેસબુકે કબૂલાત કરી છે કે તે 2007 થી પોતાના AI મોડલને પ્રશિક્ષિત કરવા માટે ઑપ્ટ આઉટનું ઓપ્શન આપ્યા વિના જ ઓસ્ટ્રેલિયાના એડલ્ટ યુઝર્સના સાર્વજનિક ફોટા, પોસ્ટ અને અન્ય ડેટા એકત્રિત કરે છે. જોકે, યુરોપીયન લોકો કડક પ્રાઈવેસીના કાયદાને કારણે ઑપ્ટ-આઉટ કરી શકે છે. ઓસ્ટ્રેલિયાના લોકોને આ વિકલ્પ આપવામાં આવ્યો ન હતો. મેટાની ગ્લોબલ પ્રાઈવેસી ડિરેક્ટર, મેલિંડા ક્લેબૉગે એ બાબતની પુષ્ટિ કરી કે, સાર્વજનિક પોસ્ટને ત્યાં સુધી એકત્રિત કરવામાં આવે છે, જ્યાં સુધી જે-તે યુઝર તેને પ્રાઈવેટ કરતું નથી. આ સમગ્ર મામલો ત્યારે બહાર આવ્યો કે જ્યારે લેબર સેનેટર ટોની શેલ્ડને મેટાને સવાલ કર્યો કે, શું મેટા 2007 થી AI ને તાલીમ આપવા માટે ઓસ્ટ્રેલિયન લોકોની પોસ્ટનો ઉપયોગ કરે છે? ક્લેબૉગે શરૂઆતમાં તો તેને નકારી કાઢ્યું હતું. ગ્રીન્સ સેનેટર ડેવિડ શુબ્રિઝે તેને ચેલેન્જ કરતા કહ્યું કે, મેટા હકીકતમાં યુઝર્સના સાર્વજનિક ડેટા સ્ક્રેપ કરી રહ્યું હતું.

# આંધ્રપ્રદેશમાં ટ્રક અને બસ વચ્ચે અકસ્માતમાં સાત મુસાફરોના મોત

### ■ બેંગલુરુ જતી APSRTC બસ એક ટ્રક સાથે અથડાઈ, 33 ઘાયલ થયાં



ગુજરાત | વંદન

બેંગલુરુ જતી APSRTC બસ શુક્રવારે એક ટ્રક સાથે અથડાઈ હતી, જેમાં સાત લોકોના મોત થયા હતા અને 33 ઘાયલ થયા હતા. પોલીસે આ માહિતી આપી હતી. આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ ચિત્તૂર જિલ્લાના બંગારુપાલેમ (મંડલ) ખાતેના ભયાનક માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારને 5 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. આ અકસ્માત ચિત્તૂર જિલ્લાના પલામાનેરુ મંડલ પાસે મોગીલી ઘાટ રોડ પર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ટ્રક ડિવાઈડર ઓળંગીને બસ સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં સાત લોકોના મોત ઉપરાંત 33 લોકો ઘાયલ થયા છે, જેમની પાલમેન્રુ સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# ગુડ ન્યૂઝ: ભારતનો વિદેશી મુદ્રા ભંડાર વધીને $689.235 બિલિયન થયો

### ■ એક સપ્તાહમાં 5 અબજ ડોલરથી વધુનો વધારો નોંધાયો

ગુજરાત | વંદન

સેન્ટ્રલ બેંક આરબીઆઈએ વિદેશી મુદ્રા ભંડારનો ડેટા જાહેર કર્યો છે, જે મુજબ ભારત ફોરેક્સ રિઝર્વ રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. આ સતત ચોથું સપ્તાહ છે જ્યારે આ આંકડો વધ્યો છે. આરબીઆઈના ડેટા પર નજર કરીએ તો 6 સપ્ટેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર વધીને $689.235 બિલિયન થઈ ગયો છે.એક સપ્તાહમાં અનામતમાં 5 અબજ ડોલરથી વધુનો વધારો થયો છે



ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં વધારાની પ્રક્રિયા ચાલુ છે. ચોથા મહિનામાં આ વધારા સાથે, તે હવે 700 અબજ ડોલરની ખૂબ નજીક પહોંચી ગયો છે. હકીકતમાં, 6 સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, $5.248 બિલિયનનો જંગી ઉછાળો આવ્યો છે, જેના કારણે આ અનામત $689.235 બિલિયનના નવા જીવનકાળના ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. અગાઉના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વનો આંકડો 683.987 અબજ ડોલર હતો.



### વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો

છત્તીસગઢના મહાસમુંદમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવાની ચેંકાવનારી ઘટના બની હતી. બાગબહરા રેલ્વે સ્ટેશન પર વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં ટ્રેનના ત્રણ કોચ C2-10, C4-1, C9-78 ના કાચ તૂટી ગયા હતા. માહિતી મળતાં જ રેલવે પોલીસે 5 આરોપીઓની ધરપકડ કરી હતી. પાંચેય આરોપીઓ બગબહરાના રહેવાસી છે. આરપીએફ પોલીસ રેલવે એક્ટ 1989 હેઠળ કેસ નોંધશે અને આરોપીને આજે જ રેલવે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા.

# આગાહી: સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયાથી ચોમાસાની વિદાય શરૂ થવાની સંભાવના



### ■ 22 અથવા 23 સપ્ટેમ્બર સુધી હળવો વરસાદ પડી શકે છે

ગુજરાત | વંદન

દિલ્હી-NCR સહિત કેટલાક રાજ્યોમાં સતત વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદને કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું છે. તે જ સમયે, ECMWF (યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ્સ) ની આગાહી અનુસાર, સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયાથી ચોમાસાની વિદાય શરૂ થવાની સંભાવના છે. આ સાથે મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદની સંભાવના છે.

ECMWFએ જણાવ્યું હતું કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે, ઉત્તર-પશ્ચિમ ભારત, ખાસ કરીને પશ્ચિમ રાજસ્થાન અને અડીને આવેલા પંજાબમાંથી 23 અથવા 24 સપ્ટેમ્બરની આસપાસ ચોમાસું પાછું ખેંચવાના સંકેતો છે. તે જ સમયે, કેટલાક કારણોસર એવી પણ અપેક્ષા છે કે આ અઠવાડિયાના અંત સુધીમાં હવામાન સંપૂર્ણપણે શુષ્ક થઈ જશે. જો કે, ECMWF અને કેટલાક અન્ય મોડલ સૂચવે છે કે રાજસ્થાનમાં આવતા ભેજને કારણે 22 અથવા 23 સપ્ટેમ્બર સુધી હળવો વરસાદ પડી શકે છે.

દક્ષિણપશ્ચિમ ચોમાસું 23 અથવા 24 સપ્ટેમ્બરથી ઉત્તર પશ્ચિમ ભારતમાંથી, ખાસ કરીને પશ્ચિમ રાજસ્થાન અને આસપાસના પંજાબ વિસ્તારોમાંથી ધીમે ધીમે પાછું ખેંચી લેવાની ધારણા છે. કેટલીક અનિશ્ચિતતાઓ છે.

# કોંગોમાં સરકારને ઉથલાવવાના કેસમાં 3 અમેરિકન નાગરિકો સહિત 37ને મૃત્યુદંડની સજા

### ■ ભારે હથિયારો સાથે કોંગોની રાજધાની કિંશાસાના પ્રેસિડેન્ટ હાઉસ પર કબજો કર્યો હતો

ગુજરાત | વંદન

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં સરકારને ઉથલાવવા બળવાનો પ્રયાસ કરનાર ત્રણ અમેરિકન નાગરિકો સહિત 37 લોકોને મોતની સજા ફટકારવામાં આવી છે. તેમણે મે મહિનામાં બળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે નિષ્ફળ ગયો હતો. આ લોકોએ ભારે હથિયારો સાથે કોંગોની રાજધાની કિંશાસાના પ્રેસિડેન્ટ હાઉસ પર કબજો કર્યો હતો.

જો કે, લશ્કરી કાર્યવાહીમાં, બળવા માટે આવેલા સશસ્ત્ર દળોના નેતા, જે અમેરિકન મૂળના કોંગી નેતા હતા, માર્યા ગયા હતા. ક્રિશ્ચિયન મલાંગાના પુત્ર માર્સેલ મલાંગાને પણ આરોપી બનાવવામાં આવ્યો હતો. આ સાથે અમેરિકન બેન્જામિન ઝાલમેન કે જેઓ તેમના મિત્ર ટાયલર થોમસન અને ક્રિશ્ચિયન મલાંગાના બિઝનેસ પાર્ટનર હતા તેમની સામે પણ કેસ ચલાવવામાં આવ્યો હતો અને તેને દોષી



ઠેરવવામાં આવ્યો હતો.આ ત્રણેયને અપરાધિક કાવતરું, આતંકવાદ અને અન્ય આરોપોમાં દોષિત ઠેરવ્યા બાદ મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી છે. મલંગાએ કોર્ટને જણાવ્યું કે જો તે આ યોજનામાં સામેલ નહીં થાય તો તેના પિતાએ તેને મારી નાખવાની ધમકી આપી હતી. તેણે એમ પણ કહ્યું કે આ પ્રથમ વખત તે તેના પિતાના આમંત્રણ પર કોંગો આવ્યો હતો, જેમને તે વર્ષોથી મળ્યો ન હતો.અમેરિકન, બ્રિટિશ, કેનેડિયન, બેલ્જિયન અને કોંગોના નાગરિકો સહિત આવા 50 જેટલા લોકો સામેલ છે. તે નિષ્ફળ બળવાનો ભાગ હતો જેમાં રાષ્ટ્રપતિની ઓફિસ કબજે કરવામાં આવી હતી. ઉદાહરણ તરીકે, કુલ 37 નોમિનીઓને મૃત્યુદંડની સજા આપવામાં આવી છે. વોશિંગ્ટનમાં, સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે જણાવ્યું હતું કે દૂતાવાસના કર્મચારીઓએ કાર્યવાહીમાં ભાગ લીધો હતો અને તેઓ કેસની દેખરેખ રાખવાનું ચાલુ રાખશે.


ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com














# વડનગરથી વડાપ્રધાનપદ સુધી...

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 17 સપ્ટેમ્બર, 2024ના રોજ 75મો જન્મદિન છે.ભારતના વડાપ્રધાનોમાં કદાજ સૌથી વધુ તસ્વીરો વિવિધ માધ્યમોમાં વડાપ્રધાન મોદીની પ્રસિદ્ધ થઈ છે. જન્મસ્થળ વડનગરથી શરૂ થયેલી જીવન સફર નવી દિલ્હી વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન સુધી પૂર્ણ થઈ છે. ફોટોસેવી વડાપ્રધાનની કેટલીક લાક્ષણિક અને અલગ અલગ તસ્વીરો અત્રે રજૂ કરવામાં આવી છે....







# "અર્નિંગ વેલ, લિવિંગ વેલ"ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ બનાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું

## ગરવી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલની સરકારે ત્રણ વર્ષ પૂર્ણ કર્યા

ગુજરાત | વંદન

ગુજરાતના રાજકારણમાં એક સમય એવો હતો કે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી કોણ બનશે તેની ચર્ચાઓ થતી હતી. જે તે સમયે જે જે નામોની ચર્ચા થઈ રહી હતી તે તમામ જનતા અને મીડિયામાં તો પ્રબળ દાવેદાર તરીકે જોવામાં આવતા હતા. જોકે ભાજપ અને ખાસ કરીને નરેન્દ્ર મોદી અને અમિત શાહની અત્યાર સુધીની રાજકીય સરફરને જોઈ ચુકેલા ઘણા એવું સ્પષ્ટ માને છે કે જે ચર્ચામાં છે તે સાવ બાકાત છે..., મતલબ કે જેના નામની ચર્ચાઓ જાગે, તે નામ ક્યારેય નહીં જાહેર થાય.

ગુજરાતમાં ભાજપ અને ખાસ કરીને નરેન્દ્ર મોદી તથા અમિત શાહને સરપ્રાઈઝ કરી દેવાની અગાઉની કાર્યશૈલી પર તેઓ પ્રબળતાથી માનતા હતા અને એવું જ થયું જ્યારે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલના નામ પર મહોર લગાવી અને 13 સપ્ટેમ્બર 2021એ તેમણે મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

ગરવી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલની સરકારને ત્રણ વર્ષ થયા છે. આ સમયે ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા ત્રણ વર્ષ દરમિયાન તેમણે કયા કયા કાર્યો કર્યા તે અંગેની જાણકારી જાહેર કરવામાં આવી હતી.



ગુજરાત સરકારના માહિતી વિભાગના જણાવ્યાં પ્રમાણે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. 13 સપ્ટેમ્બર, 2021ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ત્રણ વર્ષોમાં મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે.

તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં જી20 મીટિંગો તેમજ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું 10મું સંસ્કરણ, બંને સફળતાપૂર્વક સંપન્ન થયા છે. તેમના નેતૃત્વ હેઠળ આજે ગુજરાત દેશનું સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 11 જેટલી મહત્વપૂર્ણ પોલિસીઓ લોન્ચ કરી છે, જે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબિને વધુ મજબૂત બનાવે છે.

ગુજરાતની જનતાની સેવાના ત્રણ વર્ષોમાં ભુપેન્દ્ર પટેલ અને તેમની 'ટીમ ગુજરાત'એ તમામ ક્ષેત્રોમાં ઝડપી વિકાસને વેગ આપ્યો છે. વડાપ્રધાનએ 'વિકસિત ભારત @2047'નું જે વિઝન આપ્યું છે, તેને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ની નેમ સાથે સાકાર કરવા માટે મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીના 3 વર્ષના કાર્યકાળ દરમિયાન જાહેર થયેલી મહત્વપૂર્ણ યોજનાઓ, પહેલો, નીતિઓ જાહેર કરી છે.

3 વર્ષ દરમિયાન નવી નીતિઓ જાહેર કરી તેમાં, ગુજરાત આત્મનિર્ભર પોલિસી, ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી, નવી ગુજરાત IT/ITes પોલિસી, ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી, ડ્રોન પોલિસી

ગુજરાત સેમિકંડક્ટર પોલિસી, ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી, સિનેમેટિક ટુરિઝમ પોલિસી, સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી 2.0 ,ગુજરાત ખરીદ નીતિ, અને ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પોલિસી 2024નો સમાવેશ થાય છે.

સુશાસનની સિદ્ધિઓમાં,ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત એમ 5જીનો સમાવેશ કરતું સર્વગ્રાહી દિશાદર્શન કરનારું 3 લાખ 32 હજાર કરોડનું માતબર બજેટ અમલમાં મૂક્યું છે.વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ના 10મા સંસ્કરણનું સફળ આયોજન કર્યું છે."અર્નિંગ વેલ, લિવિંગ વેલ"ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ઝીરો કેઝ્યુઅલ્ટી અભિગમ સાથે બિપરજોય વાવાઝોડાંનો સામનો, ગુજરાતમાં સફળતાપૂર્વક 17 જી20 બેઠકોનું આયોજન, ગુજરાતમાં 2649 અમૃત સરોવરોનું નિર્માણકાર્ય પૂર્ણ, જે લક્ષ્યાંકના 107% થાય છે.મુખ્યમંત્રી કાર્યાલયને ISO 9001: 2015 સર્ટિફિકેશન પ્રાપ્ત, મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા પોતાની અધિકૃત વોટ્સએપ ચેનલ કાર્યરત, Sustainable Development Goals ઈન્ડેક્સમાં આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજી વાર દેશમાં પ્રથમ અને ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ કર્યો છે.આગામી ત્રણ વર્ષમાં 1500 કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાનું નિર્માણ કરવાનું આયોજનની સાથે ઈ-શ્રમ પોર્ટલ પર 1 કરોડ 17 લાખથી વધુ અસંગઠિત શ્રમયોગીઓને સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. 1 લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના 2.0 અમલમાં મૂકવામાં આવી,શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના 19 જિલ્લાઓમાં 290 ખાદ્ય વિતરણ કેન્દ્રો કાર્યરત,શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અત્યારસુધીમાં 2 કરોડ 68 લાખ લોકોને ભોજન વિતરણ કર્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં 14 લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય, 72 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને મફત અનાજ વિતરણ, રાજ્યના 3.82 કરોડ લોકોને પ્રધાનમંત્રી

...અનુસંધાન પાના નં. 06 પર

# રાજ્યમાં ભારે વરસાદથી 4,172 કિમીના રસ્તાઓ ધોવાયા, તેમાંથી 2,429 કિમી.માં પેચ વર્ક પૂર્ણ

## ઓક્ટોબરથી જ્યાં રોડ તૂટ્યા છે, ત્યાં રી-કાર્પેટિંગ કરવામાં આવશે-પ્રવકતા મંત્રી

ગુજરાત | વંદન

રાજ્યમાં ભારે વરસાદને કારણે ઠેર-ઠેર રસ્તામાં ખાડા પડવાની સંખ્યા વધી છે. જેને ઝડપી પુરવાની ઝુંબેશ સરકારે હાથ ધરી છે. આગામી 15 સપ્ટેમ્બર સુધીમાં તમામ ખાડાનું મેટલ પેચ વર્ક પૂરું કરવામાં આવશે. આ ઉપરાંત ડામર પેચ વર્ક પણ કરવામાં આવશે. ઓક્ટોબર માસથી જ્યાં રોડ તૂટ્યા છે, ત્યાં રી-કાર્પેટિંગ કરવામાં આવશે.

સરકારના પ્રવકતા ઋષિકેશ પટેલે આ અંગેની માહિતી આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં રસ્તાના નેટવર્કમાં તમામ રસ્તા મળીને 1 લાખ 30 હજાર 686 કિલોમીટરના છે, અને જ્યાં નુક્સાન થયું છે,



એમાં 4172 કિલોમીટર છે. આ પૈકી 2,429 કિલોમીટરમાં મેટલ પેચ વર્ક પૂરું કર્યું છે. બાકીની 1,743 કિલોમીટરની કામગીરીમાં કાચા મેટલ પેચ વર્ક કરવામાં આવશે. 81 ડામર પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા છે.

બિસ્માર રસ્તાઓ પર મેટલ પેચ વર્કઃ રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે રોડ-રસ્તાની સર્જાયેલ પરિસ્થિતિની સંપૂર્ણ પણે સત્વરે પૂર્વવત કરવા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. તેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યમાં ભારે વરસાદથી રોડ-રસ્તાઓની સર્જાયેલી પરિસ્થિતિના સમારકામને તા. ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવશે.

કુલ ૨,૪૨૯ કિ.મી. ના રસ્તાઓમાં મેટલ પેચવર્ક કામ પૂર્ણઃ રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તક કુલ ૧.૩૦ લાખ કિ.મી. લંબાઈના રસ્તાઓ છે. જે પૈકી કુલ ૪,૧૭૨ કિ.મી. લંબાઈના રસ્તા વરસાદમાં નુકશાન પામેલા હતા. જેમાં યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને કુલ ૨,૪૨૯ કિ.મી. ના રસ્તાઓમાં મેટલ પેચવર્ક કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. બાકી રહી જતા ૧,૭૪૩ કિ.મી. રસ્તાઓના મેટલ પેચવર્કનું કામ આગામી ત્રણ દિવસમાં સત્વરે પૂર્ણ કરાશે.

સામાન્ય રીતે ૧૫ ઓક્ટોબર પછી રોડ રસ્તા રીપેરીંગમાં ડામર પાથરવાની કામગીરી શરૂ કરાય છે. પરંતુ આ વર્ષે યુધ્ધના ધોરણે સમગ્ર કામગીરી આરંભીને અત્યાર સુધીમાં ૮૧ ડામર પ્લાન્ટચ કોરા વિસ્તારમાં શરૂ કરી દેવામાં આવ્યા છે.

# સાવધાનઃ જો જો હોં ભ્રામક માહિતી ફેલાવતા નહીં, નહીંતર લેવાશે કાયદાકીય પગલાં

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી સંબંધિત ખોટી અને વાંધાજનક પોસ્ટ મૂકનારની સામે કાર્યવાહી

ગુજરાત | વંદન

સોશિયલ મીડિયા પર ભ્રામક, લોકોને ગેરમાર્ગે દોરવા, અધકચરી માહિતી ઉપરાંત અરાજકતા ફેલાવનાર તત્વો સામે સાયબર ક્રાઈમ કડક હાથે કામ લઈ રહી છે. ત્યારે સોશિયલ મીડિયા પર આવી જ એક ભ્રામક ખબરને લઈને પોલીસે યુઝર સામે લાલ આંખ કરી છે અને કાયદાનું ભાન કરાવ્યું છે.

દુનિયાની સૌથી મોટી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યૂનિટીને લઈને સોશિયલ મીડિયા પર વાંધાજનક અને ભ્રામક માહિતી સાથેની પોસ્ટ કરવા બદલ યુઝર સામે પોલીસે ફરિયાદ નોંધીને કાયદાનું ભાન કરાવ્યું છે. ગત 8 સપ્ટેમ્બર 2024ના રોજ પોસ્ટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર @RaGa4India નામના એકાઉન્ટ પરથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીને લઈને કરવામાં આવી હતી.

આ પોસ્ટમાં સ્ટેચ્યુ ઓફ યૂનિટીની 2018ની તસવીર મુકી "કભી ભી ગીર શક્તિ હૈ, દરાર પડના શુરૂ હો ગઈ હૈ"નો દાવો કરવામાં આવ્યો હતો. આ અંગેની પોસ્ટ સ્ટેચ્યુ ઓફ યૂનિટીના વ્યવસ્થાપકોની ધ્યાને આવતા પોલીસ સ્ટેશનમાં ખોટી




અફવા ફેલાવવા બદલ X એકાઉન્ટ ધારક સામે ફરિયાદ નોંધાવી છે. SoUના નાયબ કલેક્ટર અભિષેક સિન્હાએ આ ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે.

જોકે પીઆઈબી ફેક્ટ ચેકની ટીમ દ્વારા પણ આ અંગે તપાસ કરવામાં આવતા સોશિયલ મીડિયા પર કરાયેલો સ્ટેચ્યુ ઓફ અંગેનો દાવો બિલ્કુલ ખોટો સાબિત થયો અને આ પોસ્ટ સંપૂર્ણ પણે ભ્રામક સાબીત થઈ. ટીમે કહ્યું કે, આ ફોટો વર્ષ 2018માં સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ દરમિયાનનો છે.મહત્વપૂર્ણ છે કે, સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ રૂપે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે બાંધવામાં આવેલી 182 મીટર ઊંચી પ્રતિમા પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે. જ્યાં ન માત્ર ગુજરાત પરંતુ દેશ અને દુનિયાના હજારો પ્રવાસીઓ મુલાકાતે આવે છે. 31 ઓક્ટોબર 2018માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું અનાવરણ કર્યુ હતું.

# ગાંધીનગર મનપાને 7 વિવિધ સમિતિઓ બનાવવા રાજ્યસરકારે આપી મંજૂરી....

## મંજૂરી પહેલાં જ સંગઠને 10 સમિતિ અને ચેરમેન-વાઈસ ચેરમેનની નિમણૂક પણ કરી દીધી

ગુજરાત | વંદન




રાજ્યની તમામ મનપામાં વિસ્તાર અને બજેટની દૃષ્ટિએ ગાંધીનગરનું કદ ઘણું નાનું હોવા છતાં સરકારે પેટા સમિતીઓ બનાવવાની દરખાસ્તને મંજૂરી આપી છે. જુલાઈ 2023માં યોજાયેલી સામાન્ય સભામાં 7 પેટા સમિતી બનાવવાનો નિર્ણય લેવાયો હતો, જેને મંજૂરી માટે સરકાર સમક્ષ રજૂ કરાયો હતો. સરકારના શહેરી વિકાસ વિભાગે નવી સમિતીઓ બનાવવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. સરકારમાંથી મંજૂરી મળ્યા બાદ 7ના બદલે 10 પેટા સમિતી બનાવવાની દરખાસ્ત સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે. 25 જુલાઈ, 2023ના રોજ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં 7 સમિતીની રચના માટે સર્વ સંમતિથી ઠરાવ મંજૂર થયો હતો. જેના આધારે સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હતી. સરકારમાંથી આ દરખાસ્તને મંજૂરી મળે તે પહેલાં સંગઠને 10 સમિતી અને તેના ચેરમેન-વાઈસ ચેરમેન અને હોદ્દેદારોની નિમણૂક કરી દીધી હતી. કાયદેસર રીતે આ નિમણૂકો અમલી બની શકે તેમ ન હોવાથી સ્થાયી સમિતીએ સમિતીઓની રચનામાં સુધારો કર્યો હતો.

મ્યુનિ. કોર્પોરેશનના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, સમિતીઓની રચનાનો વિષય સરકાર સમક્ષ સૈદ્ધાંતિક મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. સરકારમાંથી આ બાબતે મંજૂરી મળી ગયા બાદ 7 સમિતીની રચના કરવી કે પછી 10 સમિતી બનાવવી તેનો નિર્ણય મ્યુનિ.ની સામાન્ય સભામાં થઈ શકે છે. કારણ કે, મ્યુનિ.ને સ્વાયત્ત સંસ્થા ગણવામાં આવે છે. સરકાર સમક્ષ ફરીથી આ બાબતે મંજૂરી લેવાની જરૂર નથી. સરકારમાંથી 7 સમિતીને મંજૂરી

...અનુસંધાન પાના નં. 06 પર

# કાલુપુર રેલવે સ્ટેશનનાં નવીનીકરણના કારણે AMTS - BRTS બસ રૂટમાં ફેરફાર કરાયા

## રૂટ નંબર 201 એન્ટી સરક્યુલર રૂટ અને સિવિલ હોસ્પિટલથી કાલુપુરનો રૂટ નંબર 18 સદંતર બંધ

ગુજરાત | વંદન

અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશનનું રિનોવેશન થતા AMTS અને BRTS બસ રૂટમાં ફેરફાર કરાયા છે. રેલવે વિભાગ દ્વારા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનની કાયાપલટ કરવામાં આવી રહી છે. કાલુપુર રેલવે સ્ટેશનના રિનોવેશનને કારણે આ સ્ટેશનના મુખ્ય રોડને બંધ કરીને ટ્રાફિકને ડાઈવર્ટ કરવામાં આવ્યો છે. આ હેતુસર ટ્રાફિક પોલીસના જાહેરનામાને અનુલક્ષીને AMTS અને BRTSના રૂટને ડાઈવર્ટ કરવામાં આવ્યા છે. જેના પગલે અમદાવાદ જનમાર્ગ લિમિટેડ દ્વારા સંચાલિત BRTS બસના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

કાલુપુર રેલવે સ્ટેશન તરફ જતી અને ત્યાંથી પસાર થતી AMTS બસના 161 રૂટમાં ફેરફાર કરાયા છે તેમજ BRTSની બસ રૂટમાં પણ ફેરફાર કરાયા છે. AMTS, BRTSના બસ રૂટમાં કરાયેલા ફેરફાર અને રૂટ બંધ કરાયા છે તેને તા. 11 સપ્ટેમ્બરથી અમલી બનાવવામાં આવ્યા છે. કાલુપુર રેલવે સ્ટેશન થઈને પસાર થતી BRTS બસના સાત રૂટ બદલવામાં આવ્યા છે. જ્યારે બે રૂટને સદંતર બંધ કરવામાં આવ્યા છે.

રૂટ નંબર 201 એન્ટી સરક્યુલર રૂટ અને સિવિલ હોસ્પિટલથી કાલુપુરનો રૂટ નંબર 18 સદંતર





બંધ રહેશે. પૂર્વ વિસ્તારમાં રખિયાલ તરફથી આવતી BRTS સારંગપુર સર્કલ થઈ જમાલપુર ગીતામંદિર તરફથી જશે. જ્યારે નરોડા તરફથી આવતી BRTS હવે કાલુપુર સર્કલથી પ્રેમ દરવાજા થઈ અલગ રૂટ ઉપર ઈસ્કોન અને ભાડજ તરફ જશે. AMTSની કાલુપુર રેલવે સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતી અને ત્યાંથી ઉપડતી કુલ 161 બસોના રૂટ બદલી નાખવામાં આવ્યા છે. કાલુપુર જતી બસો હવે સારંગપુર દરવાજા અને પાંચકુવા સુધી જ જશે. કાલુપુર રેલ્વે સ્ટેશનને તોડીને તે જગ્યા પર નવુ અધત્તન રેલ્વે સ્ટેશન અને સંલગ્ન બ્રીજ બનાવવાની કામગીરી કરવાની છે. જેના પગલે આજથી ત્રણ વર્ષ સુધી સારંગપુર સર્કલથી કાલુપુર રેલ્વે સ્ટેશન સુધીનો રેલ્વે સ્ટેશન તરફનો એક સાઈડનો રસ્તો વાહન વ્યવહારની અવર જવર માટે બંધ રહેશે. જેથી તેની વિરુધ્ધ દિશાનો રોડ પર વન-વે તરીકે જ ઉપયોગ કરી શકાશે.

કાલુપુર રેલ્વે સ્ટેશનના નવીનીકરણની કામગીરીના કારણે ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. જ્યારે આ રસ્તો બંધ રહેવાથી ટ્રાફિકની સમસ્યા ઘણી સર્જાશે. ત્યારે વૈકલ્પિક માગ તરીકે વાહનચાલકો સારંગપુર સર્કલથી પાંચકુવા થઈ રેલવે સ્ટેશન તથા કાલુપુર જવા માટે મોતીમેહલ થઈને જવુ પડશે.

## CBI દ્વારા કોર્ટને ચાર્જશીટ ડિજિટલ સ્વરૂપે પેન ડ્રાઇવમાં અપાઇ

# ગોધરા NEET પરીક્ષા કૌભાંડમાં CBI દ્વારા અધધ.. 8 હજાર પેજની ચાર્જશીટ

ગુજરાત | વંદન

NEET પરીક્ષા કૌભાંડમાં CBIની ટીમ ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યમાં તપાસ કરી રહી છે. ગોધરાની જય જલારામ સ્કૂલમાં NEET પરીક્ષામાં વિદ્યાર્થીઓને પાસ કરાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. CBIએ આ કેસમાં 8 હજાર પાનાની ચાર્જશીટ રજૂ કરી આરોપીઓના વકીલને પેનડ્રાઈવમાં ચાર્જશીટની નકલ આપી છે. ત્રણ દિવસથી CBIના 6 અધિકારીઓએ ગોધરામાં કેસને લગતા વ્યક્તિઓને પૂછપરછ માટે બોલાવ્યા હતા. જેમાંથી ચાર પુરુષ અને એક મહિલાના નિવેદનો લેવામાં આવ્યા હોવાની વિગતો મળી રહી છે.

NEET કૌભાંડમાં 5 સૂત્રધાર





સામે CBIએ સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી છે. ગોધરાની જય જલારામ સ્કૂલના સેન્ટરમાં NEETની પરીક્ષામાં ચોરી કરાવવાના આયોજનની તપાસ CBI પોલીસ મથકે આરોપીઓ સામે ફરિયાદ નોંધાઇ હતી. CBIએ તપાસ હાથ ધરતા આરોપી તુષાર ભટ્ટ, પરશુરામ રોય,આરીફ વોરા, વિભોર આનંદનો કબજો લીધા બાદ જય જલારામના સંચાલક દીક્ષિત પટેલની ધરપકડ કરી હતી. CBI દ્વારા અત્યાર સુધી છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

CBI દ્વારા NEET પરીક્ષાની તપાસ કરીને તમામ આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. CBIએ તપાસ કરીને 5 આરોપીઓ સામેની ચાર્જશીટ CBIની સ્પેશ્યલ કોર્ટમાં ફાઈલ કરી હતી. જય જલારામ સ્કૂલના સંચાલક દીક્ષિત પટેલ સામે હજુ ચાર્જશીટ રજૂ થઈ નથી તેમજ કોર્ટ દ્વારા 5 આરોપીઓના વકીલને પણ ચાર્જશીટની કોપી આપી હતી. જેમાં CBI દ્વારા અલગ અલગ આરોપીઓની 8000થી લઈને 3500 પેજની ચાર્જશીટ ડિજિટલ સ્વરૂપે પેન ડ્રાઈવમાં આપવામાં આવી છે.

# કાલુપુર રેલવે સ્ટેશનથી ઉપડતી 6 ટ્રેનો હવે સાબરમતીથી ઉપડશે

## ત્રણ ટ્રેનો અમદાવાદની જગ્યાએ ગાંધીનગર શીફ્ટ કરવામાં આવી

ગુજરાત | વંદન

કાલુપુર રેલવે સ્ટેશનના નવીનીકરણની કામગીરીના કારણે છેલ્લા કેટલાય સમયથી કેટલીક ટ્રેનોના આવવા-જવાના સમય અને સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંગે રેલવે દ્વારા અગાઉ સ્પષ્ટતાં કરવામાં આવી હતી. આમછતાં કેટલાક મુસાફરોમાં હજુપણ દ્વિધાભરી સ્થિતિ છે.

રેલવેના જણાવ્યાં અનુસાર, કુલ છ મહત્વની ગણાતી ટ્રેનો જે અગાઉ કાલુપુર રેલવે સ્ટેશનની ઉપડતી હતી તેના હાલ સાબરમતીથી રવાના કરવામાં આવી રહી છે. જેની સામે ત્રણ ટ્રેનો એવી છે કે જેને અમદાવાદની જગ્યાએ ગાંધીનગર શીફ્ટ કરવામાં આવી છે. કાલુપુર રેલવે સ્ટેશનના રી-ડેવલપમેન્ટની કામગીરી ચાલુ હોવાના કારણે દિનપ્રતિદિન કેટલીક ટ્રેનોના સમય અને સ્થળમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. રેલવેના અધિકારી કહે છે કે હાલની સ્થિતિમાં કોઈ મહત્વના ફેરફાર નથી. આગામી દિવસોમાં કઈ ટ્રેન કયાથી દોડાવવામાં આવશે તેની કોઈ જાણકારી હજુ આપવામાં આવી નથી. અગાઉ ત્રણ માસ પહેલા જે ફેરફાર કરવામાં આવ્યા હતા તે યથાવત છે. જેમાં અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ હાલમાં સાબરમતીથી ઉપાડવામાં આવી રહી છે. આજ રીતે નવીદિલ્હીથી અમદાવાદ આવતી સ્વર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ પણ સાબરમતી સુધી આવશે. આજ રીતે અમદાવાદ-લખનો સાપ્તાહિ એક્સપ્રેસ અને લખનો-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ પણ સાબમમતીથી દોડાવવામાં આવી રહી છે.

આ સિવાય અમદાવાદ-વારાણણી સાપ્તાહિક એક્સપ્રેસ અને વારાણસી -અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ અને અમદાવાદ-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ, ગોરખપુર-અમદાવાદ સાપ્તાહિત એક્સપ્રેસ અને અમદાવાદ-સુલતાનપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ, સુલતાનપુર-અમદાવાદ એક્સપ્રેસ ઉપરાંત અમદાવાદ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સાપ્તાહિક એક્સપ્રેસ અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી અમદાવાદ સુધીની ટ્રેનને પણ સાબરમતીથી દોડાવવામાં આવી રહી છે.

# નશેડી વાહન ચાલકોની હવે આવી બનશે, વીમા કંપની રકમ વસૂલશે

## વીમા કંપની ચૂકવેલુ વળતર ઈચ્છે તો ગાડીના માલિક અને ડ્રાઈવર પાસેથી વસૂલ કરશે

ગુજરાત | વંદન

હાઈકોર્ટે એક કેસમાં ઠરાવ્યું હતું કે જો અકસ્માત કરનાર ડ્રાઈવર શરાબ પીધેલો હોય તો વીમા કંપનીએ ઘાયલોને ચૂકવેલુ વળતર જો ઈચ્છે તો તે ગાડીના માલિક અને ડ્રાઈવર પાસેથી વસૂલવા દાવો દાખલ કરી શકે છે.2016માં પાલનપુરમાં સ્વિફ્ટ ગાડીનો બોલેરો સાથે અકસ્માત થયો હતો. સ્વીફ્ટ ગાડીમાં સવાર લોકોને ગંભીર ઈજા થઈ હતી અને તેઓ અશક્ત બન્યા હતા. બોલેરો ગાડીના ડ્રાઈવરે શરાબ પીધેલો હોવાથી ઘાયલોએ તેની સામે ફરિયાદ નોંધાવી હતી. ઘાયલોએ પાલનપુર મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલમાં વળતર મેળવવા દાવો દાખલ હતો. ટ્રિબ્યુનલે ચુકાદો આપતાં બોલેરો ગાડીની વીમા કંપનીને કેટલુક વળતર ઘાયલોને ચૂકવવા આદેશ કર્યો હતો. આ ચુકાદાથી નારાજ વીમા કંપની ગુજરાત હાઈકોર્ટ પહોંચી હતી. વીમા કંપનીએ જણાવ્યું હતું કે આ અકસ્માતમાં વળતર ચૂકવવાની જવાબદારી વાહનચાલક અને તેના માલિકની છે. બોલેરોના ડ્રાઈવરે શરાબ પીધો હતો તેવું રિપોર્ટમાં સાબિત થયું છે અને ગુજરાતમાં શરાબબંધીનો કાયદો છે. સામે દલીલ કરાઈ હતી કે કાનૂની કાર્યવાહીમાં બોલેરોનો ડ્રાઈવર નિર્દોષ છૂટ્યો છે. જેથી તેની કોઈ જવાબદારી બનતી નથી. ડ્રાઈવરના બ્લડ ટેસ્ટમાં 30 મિલિગ્રામ આલ્કોહોલનું પ્રમાણ મળી આવ્યું હતું. કોર્ટે અમુક રાજ્યોમાં શરાબનું અમુક હદ સુધીનું સેવન કરી શકાય અને ગાડી ચલાવી શકાય તેવા તર્કને ફગાવી દેતા નોધ્યું હતું કે ગુજરાતમાં દારૂબંધી પ્રવર્તમાન છે.

# પોલીસ ભરતી : ગુજરાત પોલીસમાં 12,472 જગ્યાઓ માટે 16 લાખથી વધુ અરજીઓ આવી

## નવેમ્બરમાં ઉમેદવારોની શારિરીક કસોટી હાથ ધરાશેઃ હસમુખ પટેલ

ગુજરાત | વંદન

ગુજરાત પોલીસમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પીએસઆઈ) અને લોકરક્ષકની નોકરી મેળવવા માટે અરજીઓ મંગાવવામાંઆવી હતી. જેમાંપીએસઆઈ અને લોકરક્ષકની ભરતીમાં કુલ 16 લાખથી વધુ ઉમેદવારોએ અરજી કરી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આ માહિતી આપી હતી.

પોલીસની ભરતીમાં પીએસઆઈની 4.99 લાખ અને લોકરક્ષક માટે 11.5 લાખ અરજીઓ આવી છે. 9 સપ્ટેમ્બર 2024 અરજી કરવાનો અંતિમ દિવસ હતો. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલ કહ્યું હતું કે એપ્રિલ મહિનામાં પીએસઆઈ માટે 4.47 લાખ



અને લોકરક્ષક માટે 9.70 લાખ અરજી આવી હતી. અત્યારે જ્યારે ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં અરજીઓ મંગાવી ત્યારે પીએસઆઈની 51,800 અને લોકરક્ષક 1.35 લાખ જેટલી અરજી આવી છે.

શારીરિક કસોટી વિશે તેમણે કહ્યું હતું કે નવેમ્બર મહિનામાં આપણે શારિરીક કસોટી શરુ કરીશું. પીએસઆઈની પરીક્ષા પુરી થયા પછી લોરરક્ષકની શારીરિક કસોટીનું આયોજન કરાશે. આ ભરતીમાં પીએસઆઈ અને લોકરક્ષક બન્નેમાં ઉમેદવારી કરનાર ઉમેદવારોએ એક જ વખત શારિરીક કસોટી આપવાની રહેશે.

નોંધનીય છે કે, ગૃહવિભાગના સત્તાવાર નોટિફિકેશન પ્રમાણે ગુજરાત પોલીસમાં 12472 જગ્યાઓ ભરવાની છે. ગુજરાત પોલીસ દ્વારા પીએસઆઈ, લોકરક્ષક અને જેલ સિપાઈ પદે મોટી સંખ્યામાં ભરતી કરવામાં આવનાર છે.

પીએસઆઈ લેખિત પરીક્ષામાં બંને પેપર એક સાથે લેવામાં આવશે અને જે ઉમેદવારો પેપર 1માં પાસ થયા હશે તેમનું પેપર 2 તપાસવામાં આવશે. ઓએમઆર લેખિત પરીક્ષા પદ્ધતિ દ્વારા જ પરીક્ષા લેવામાં આવશે. નવી CBRT પરીક્ષા પદ્ધતિનો ઉપયોગ નહીં કરવામાં આવે.

# માઇભક્તોના લાભાર્થે અંબાજી મંદિર દ્વારા 3 કરોડનું વીમા સુરક્ષા કવચ લેવાયું

## કોઈ માઇ ભક્તનું અકસ્માતમાં મૃત્યુ થાય તો વીમાનો લાભ મળશે

ગુજરાત | વંદન

દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં આવનાર તમામ ભક્તો માટે અંબાજી ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા વીમા કવચ લેવામાં આવતું હોય છે. જો ભાદરવી પૂનમના મેળા દરમિયાન કોઈ પણ માઈ ભક્તનું કોઈ પણ પ્રકારના અકસ્માતમાં મૃત્યુ થાય છે, તો તેને આ વીમા કવચનો લાભ મળી શકે છે. અંબાજીથી 20 કિલોમીટરના અંતરમાં અને 21 દિવસ સુધીની સમય મર્યાદામાં વીમા કવચનો લાભ મળવાપાત્ર રહે છે. જોકે મૃત્યુ પામનારા ભક્તને ઉંમર પ્રમાણે નિયમો અનુસાર તેના ક્લેમની રકમ મળી શકે છે.: અંબાજી મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ જણાવ્યું કે, દર ભાદરવી પૂનમ પર મંદિર ટ્રસ્ટ



દ્વારા વીમા કવચ લેવામાં આવતું હોય છે. જો કોઈ દુઃખદ ઘટના બને તો આનો લાભ મળી શકે છે. અત્યારે અમે ત્રણ કરોડનું વીમા કવચ લીધું છે. એટલે કે કહી શકાય કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા, સલામતી, સેવા સાથે દુઃખદ અકસ્માતની ઘટનામાં પણ પરિવારને આર્થિક મદદ થાય તે માટે વીમા કવચ સહિતની વ્યવસ્થા કરાઈ છે.દર ભાદરવી પૂનમના મહામેળામાં ગુજરાતના જ નહીં વિશ્વભરમાંથી લાખો માઈભક્તો અંબાજીમાં ઉમટી પડતા હોય છે. જેમના માટે વહીવટી તંત્ર તો ખડે પગે રહે જ છે, પરંતુ સેવાભાવી સંસ્થાઓ પણ તેમની સેવામાં લાગી જતી હોય છે. દર વર્ષે મા અંબાનો ભાદરવી પૂનમનો મહામેળો સુખી સંપન્ન રીતે પરિપૂર્ણ કરવામાં આવતો હોય છે. ત્યારે આ વખતે પણ વહીવટી તંત્રએ તમામ તૈયારીઓ ખૂબ જ આયોજનબદ્ધ કરી લીધી છે.

## બોર્ડની નિષ્ક્રિયતાને કારણે આવા ઘણા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને ઘોંચમાં મૂકાયા હોવાનો દાવો

# ગુજરાત હાઉસિંગ બોર્ડે વિલંબ કરતાં રહેવાસીઓએ જાતે બ્લોક તોડી પાડ્યું

**શાસ્ત્રીનગરમાં આવેલા સૂર્યા એપાર્ટમેન્ટ-2ના રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં બોર્ડના કારણે વિલંબ થઈ રહ્યો છે**

ગુજરાત | વંદન

અમદાવાદમાં હાલમાં ઘણી વર્ષો જૂની સોસાયટી અને એપાર્ટમેન્ટ્સનું રિડેવલપિંગ થઈ રહ્યું છે. આ ઉપરાંત ઘણી એવી સોસાયટી અને એપાર્ટમેન્ટ્સ છે જેમણે રિડેવલપમેન્ટ અંગે બિલ્ડર્સ સાથે કરાર કર્યા છે. જોકે, આ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ (GHB)ની પણ મંજૂરી લેવી પડતી હોય છે. રિડેવલમેન્ટની પ્રક્રિયાનો ઘણી વખત સોસિયાટી કે એપાર્ટમેન્ટના એકાદ-બે સભ્યો વાંધો ઉઠાવતા મામલો કોર્ટમાં પણ જતો હોય છે અને તેના કારણે તે પ્રક્રિયામાં વિલંબ પણ થતો હોય છે.

અમદાવાદના શાસ્ત્રીનગરમાં આવેલા સૂર્યા એપાર્ટમેન્ટ-2ના રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં ગુજરાત હાઉસિંગ બોર્ડના કારણે વિલંબ થઈ રહ્યો છે. આ એપાર્ટમેન્ટના સભ્યો અને બિલ્ડર છેલ્લા છ મહિનાથી ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી લીલી ઝંડી મળે તેની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ હાઉસિંગ બોર્ડ તરફથી કોઈ સરખો જવાબ મળી રહ્યો ન હતો. તેના કારણે રવિવારે એપાર્ટમેન્ટના રહેવાસીઓ અને બિલ્ડરે સાથે મળીને સોસાયટીના 11 બ્લોકમાંથી એક બ્લોકને ડિમોલિશ કરી દીધો હતો. રિડેવલપમેન્ટ માટે સોસાયટી કે એપાર્ટમેન્ટના 75 ટકાથી વધુ રહેવાસીઓની મંજૂરી હોવી જરૂરી છે. સૂર્યા એપાર્ટમેન્ટ-2ના 75 ટકાથી વધુ સભ્યોએ તેના માટે નોટરાઈઝ્ડ સંમતિ આપી હોવા છતાં રિડેવલપમેન્ટ બાબતે ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી



સક્રિય પ્રતિસાદ મળ્યો ન હતો જેના કારણે સભ્યોએ પગલું ભર્યું છે. તેમણે ભાવના પ્રોપર્ટી ડેવલપર સાથે રિડેવલપમેન્ટ માટે કરાર કર્યા હતા.

રહેવાસીઓએ જણાવ્યું હતું કે ગુજરાત હાઉસિંગ બોર્ડની નિષ્ક્રિયતાએ તેમના સહિત આવા ઘણા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને ઘોંચમાં મૂકી દીધા છે. સૂર્ય એપાર્ટમેન્ટ વિભાગ-2ના સેક્રેટરી હસમુખ પાટડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત હાઉસિંગ બોર્ડે છ મહિના પહેલાં રિડેવલપમેન્ટ માટે ટેન્ડર મંજૂર કર્યું હતું અને 75 ટકાથી વધુ રહેવાસીઓએ ડેવલપર અને ગુજરાત હાઉસિંગ બોર્ડને ત્રિ-પક્ષીય કરારમાં સંમતિ આપી છે. જોકે, મુઠ્ઠીભર રહેવાસીઓના વિરોધને કારણે ડેવલપર કામ શરૂ કરી શકતા નથી.

તેમણે કહ્યું હતું કે, જે રહેવાસીઓ રિડેવલપમેન્ટનો વિરોધ કરી રહ્યા છે તેઓ સહકાર આપતા નથી અને એપાર્ટમેન્ટ ખાલી કરી રહ્યા નથી. જેના કારણે પ્રોજેક્ટમાં વિલંબ થઈ રહ્યો છે અને અન્ય તમામ લોકો માટે સામાજિક અને નાણાકીય સમસ્યાઓ ઊભી થઈ રહી છે કેમ કે તેઓ પહેલાથી તેમના એપાર્ટમેન્ટ ખાલી કરીને બહાર નીકળી ગયા છે અને તેમના ઘરના રિડેવલપમેન્ટની રાહ જોઈ રહ્યા છે. તેથી અમે ડિમોલિશનનું કામ શરૂ કરવા માટે ડેવલપરની સાથે ગયા હતા. ત્રણ બ્લોક પૈકી માત્ર એક જ બ્લોક જે સંપૂર્ણપણે ખાલી હતો તેને રવિવારે તોડી પાડવામાં આવ્યો હતો

## અમદાવાદ શહેરના કુલ 12 હજાર પોલીસ કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવશે

# પીએમ મોદીનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી પોલીસનો ખાસ બંદોબસ્ત ગોઠવાયો

ગુજરાત | વંદન

શહેરમાં 16 અને 17 સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી શહેર પોલીસને ખાસ બંદોબસ્તમાં ગોઠવી દેવાશે. જેમાં શહેરના કુલ 12 હજાર પોલીસ કર્મચારીઓ ખડેપગે રહેશે. આ વખતે SRP અને બીજી ફોર્સ અન્ય રાજ્યમાં ચૂંટણી હોવાથી બહાર ગઈ છે.ત્યારે અમદાવાદ શહેરની તમામ પોલીસને આ મહત્ત્વના દિવસોમાં બંદોબસ્તમાં રોકવામાં આવી છે.સિનિયર અધિકારીઓની માગ અમદાવાદ પોલીસ તરફથી કરવામાં આવી હતી. જેમાં ચાર DCP અને ચાર ASPને અમદાવાદ માટે ફાળવવામાં આવ્યા છે.

આ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાની વિગત શહેર પોલીસ કમિશનર દ્વારા જણાવવામાં આવી છે. શહેરમાં 16 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો GMDC ગ્રાઉન્ડમાં કાર્યકર્તાઓ સાથેનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં અંદાજે અઢી હજાર જેટલા પોલીસ કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ જ દિવસે અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ઈદ-એ-મિલાદના



જુલુસ નીકળવાના છે. આ જુલુસ દરમિયાન પણ ખાસ વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવી છે. શહેરમાં ઝોન 2, ઝોન 3, ઝોન 5 અને 6માં સ્થાનિક પોલીસની સાથે અન્ય જગ્યાની પોલીસ પણ ફાળવવામાં આવશે.

અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરમાં અંદાજે 12 હજાર જેટલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ બે દિવસ તમામ પોલીસ શહેરમાં ખાસ બંદોબસ્તમાં હાજર રહેશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે મીડિયાને જણાવ્યું હતું કે, આ મામલે અમે તૈયારીઓ કરી લીધી છે અને કેટલોક વધારાનો સ્ટાફ માગવામાં આવ્યો છે જે અમને મળી ગયો છે. ચાર ડીસીપી અને ચાર એએસપી કક્ષાના અધિકારીઓ આ બે દિવસ અમદાવાદ શહેર પોલીસ સાથે કામ કરશે.

બીજી તરફ SRP અને અન્ય ફોર્સ હાલ અન્ય રાજ્યમાં છે અને રાજ્યમાં બીજી જગ્યાએ પણ તહેવારો હોવાથી અમદાવાદ પોલીસનો સૌથી વધુ ઉપયોગ કઈ રીતે થાય તેનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

17મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જન થવાનું છે.આ સમગ્ર વ્યવસ્થાને સિનિયર અધિકારીઓ દ્વારા મોનિટરિંગ અને વ્યવસ્થા સાથે જોડવામાં આવશે.

# ગુનો કરવાની નવી પધ્ધતિથી પોલીસ પણ હેરાન, ટાયરમાંથી ડ્રગ્સ મળ્યું

## કારના ટાયરમાં એક કરોડની કિંમતનું ડ્રગ્સ સંતાડ્યું હતું

ગુજરાત | વંદન

પોલીસે ટાયર અને ટ્યૂબ ખોલી જોતાં તેમાંથી બે પેકેટ પકડાયા હતાં. જેમાં એક કરોડની કિંમતનું એક કિલો MD ડ્રગ્સ ગુજરાતમાં નશીલા પદાર્થોની બેખૌફ રીતે હેરાફેરી વધી રહી છે. તાજેતરમાં જ અમદાવાદમાં વટવા GIDCમાંથી 200 કિલો ગાંજો ઝડપાયો હતો. ત્યાં શહેરના સરખેજ વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાંચે એક કરોડથી વધુની કિંમતનું MD ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ડ્રગ્સ માફિયાઓએ હતું.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના આ મોટા ઓપરેશનમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સુત્રોના જણાવ્યા પ્રમાણે ગઈકાલે મોડીરાતથી સવાર સુધી સરખેજ વિસ્તારમાં કેટલાક લોકો મોટા



જથ્થામાં એમડી ડ્રગ્સ સંતાડીને રાખ્યું હોવાની બાતમી મળી હતી. જેના આધારે અલગ અલગ જગ્યાએ રેડ કરવામાં આવી હતી. ત્યારે બે શંકમદ લોકોની અટકાયત કરવામાં આવી હતી. આ લોકો પાસે અંદાજે એક કિલો એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીઓ પાસેથી અંદાજે એક કિલો એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં એક કરોડ જેટલી કિંમત થાય છે. સામાન્ય રીતે આ એમડી ડ્રગ્સ અલગ અલગ રૂટથી અમદાવાદ આવતું હોય છે. જેની પાછળ પણ અનેક કડીઓ જોડાયેલી હોય છે. હવે આના રૂટ અને કોણે ડિલિવરી મગાવી હતી તે સમગ્ર મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## સંપાદકીય....

# લાચાર-ગરીબ દર્દીઓના હિતમાં ડૉક્ટરો ફરજ પર હાજર થાય તે આજના સમયની માંગ છે..!

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક ટ્રેઈની મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં સતત 35 દિવસથી જુનિયર ડૉક્ટરોની હડતાળનું આંદોલન ચાલી રહ્યું છે. મમતા સરકારનો દાવો છે કે ડોક્ટરોની હડતાળને કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં 29 લોકો સારવાર વિના મૃત્યુ પામ્યા છે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જાહેરાત કરી છે કે તે 29 લોકોના પરિવારને 2-2 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.અલબત તે એક સારી અના માનવીય સંવેદનીભરી જાહેરાત કહી શકાય. જો કે વિરોધ કરી રહેલા ડોક્ટરોએ આ દાવાને ફગાવી દઈને કહ્યું છે કે કોઈપણ હોસ્પિટલમાં તબીબી સેવાઓ ખોરવાઈ નથી. વરિષ્ઠ તબીબો સેવાઓ આપી રહ્યા છે.

એમ કહી શકાય કે બંગાળમાં સરકીર અને તબીબો સામસામે આવી ગયા છે.બનાવ ગંભીર અને સરકાર માટે કલંકસમાન કહી શકાય, તેમાં કોઈ બેમત નથી. તબીબી સંગઠને કેસની તપાસ બંગાળની પોલીસને બદલે સીબીઆઈને સોંપવાની માંગ કરી અને તપાસ સીબીઆઈ કરી રહી છે. બીજી તરફ સુપ્રિમ કોર્ટે પણ બનાવની ગંભીરતા લઈને જાતે સુનાવણી હાથ ધરીને મમતા સરકાર અને બંગાળ પોલીસને બરાબરની ફટકાર લગાવી છે. તેની સાથે ઘણાં દિવસની હડતાલથી આરોગ્ય સેવા પર અસર થઈ રહી હોવાથી આંદોલનકારી તબીબોને સત્વરે ફરજ પર હાજર થવા ફરમાન કર્યું છે. તેની મુદત પણ વીતી ગઈ છે. તેમ છતાં આંદોલનકારીઓએ સુપ્રિમના આદેશની ઉપરવટ જઈને અવગણના કરી છે તે યોગ્ય નથી,.

હડતાલ પર ઉતરેલા ડોક્ટરોએ યાદ રાખવુ જોઈએ કે કોરોના કાળમાં જ્યારે પરિવારમાં કોઈ કોરોનાના દર્દીને હાથ લગાડતા નહોતા અને હોસ્પિટલના દરવાજે મૂકીને જતા રહેતા હતા નએવા સમયે ડોક્ટરોએ જે ફરજ બજાવી તેને લઈને તેમને ભગવાનનું બીજુ સ્વરૂપ માનવામાં




આવ્યું હતુ. તેના પર પુષ્પ વર્ષા થતી હતી. કોરના દર્દીઓની સારવાર કરતાં કરતાં ઘણાં ડોક્ટરો પોતે ચેપ લાગીને નિધન પામ્યા તેની પણ દેશે અને સમાજે સખેદ નોંધ લીધી હતી.

એક ઘટના બની અને તેની તપાસ થઈ રહી છે, તપાસ બંગાળ સરકારના હાથમાં પણ નથી. તેથી સરકારી ડોક્ટરોએ જીદીદી વલણ અપનાવીને કોર્ટની અવગણનાથી દૂર રહેવુ જોઈએ અને લાચાર દર્દીઓના હિતમાં પોતાની ફરજ પર હાજર થઈ જવુ તેમના માટે હિતાવહ કહી શકાય.કોઈપણ આંદોલન લાંબો સમય ચાલી ન શકે અને ટકી પણ ન શકે. સંમય જતાં તેમાં ફૂટ પડી પડી શકે છે અને કોઈ સ્થિતિ સર્જાય તે પહેલાં તેમણે મમતા સરકાર સાથે મંત્રણા કરીને ખાતરી મેળવીને સર્વજન સુખાય.. સર્વજન હિતાય.ના મેડિકલ સૂત્રને ધ્યાનમાં રાખીને વેળાસર સરકારી હોસ્પિટલોમાં હાજર થઈ જવુ જોઈએ.

માનીય સંવેદનાની રીતે જોઈએ તો સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરોની ગેરહાજરીમાં નિર્દો, દર્દીઓને મરવાના વાંકે છોડી ન શકાય. વિરોધ દર્શાવવાના અન્ય રસ્તા પણ છે. જેમ કે રિલે હડતાલ રોજ એક એક ટુકડી ધરણાં પર બેસે. કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી શકે. ફરજની વચ્ચે સમય કાઢીને સૂત્રોચ્ચાર કરી શકે છે. પ્રતિક ઉપવાસ કરી શકે છે. પણ ફરજ પર નહીં જ આવીએ તે વલણની પાછળ મમતા સરકારને કોઈ રાજકીય બૂ આવે તો તેમાં તેમને દોષ ન આપી શકાય. ભગવાનનું બીજુ સ્વરૂપ સમાન ડોક્ટરો લાચાર-ગરીબ દર્દીઓના હિતમાં ફરજ પર હાજર થાય તે આજના સંમયની માંગ છે.સરકાર સામે લડવાનો ઘણો સંમય છે. તેણણે દર્દીઓની સામે જોવુ જોઈએ, નહીં કે સરકારની સામે...!

## ધર્મ

# અંબાજી મંદિર જ્યાં માતાનું હૃદય વસે છે.... ભાદરવી પૂનમનું આ છે ધાર્મિક મહત્વ...



દેશના 51 શક્તિપીઠોમાં જેનું સૌથી અગત્યનું સ્થાન છે તે શક્તિપીઠ અંબાજી બનાસકાંઠા જિલ્લામાં આવેલું છે. વિશ્વની સૌથી પ્રાચીન ગિરિમાળાઓમાં બિરાજમાન મા શક્તિના શક્તિપીઠમાં મા નું હૃદય વસે છે. જેના કારણે દર વર્ષે લાખો ભક્તો મા અંબાના દર્શન કરવા માટે અંબાજી આવે છે. જેમાં ભાદરવી પૂનમ નિમિત્તે મા અંબાના દર્શન કરવાનું વિશેષ મહત્વ છે. લોકો પગપાળા આવી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ વખતે પૂનમ 18મી સપ્ટેમ્બરના રોજ છે.

ભાદરવી પૂનમના મહામેળોના મહત્વને જોઈએ તો, ભારતીય પંચાંગ મુજબ ભાદરવા બાદ આસો મહિનો આવે છે. જેમાં માં આદ્યશક્તિની આરાધના માટે નવ દિવસનું નવરાત્રી થાય છે. ભાદરવી પૂનમના મેળાનું ધાર્મિક મહત્વ એ જ છે કે નવરાત્રિ નિમિત્તે માં અંબાના શક્તિપીઠને ધજા ચડાવી લોકો પોતાના ગામ લઈ જાય છે. જે ઉપરાંત અને પગપાળા લોકો ગરબો લઈ મા ના દ્વાર સુધી આવે છે.

માં અંબાને નવરાત્રિ નિમિત્તે પોતાના ગામમાં પધારવાનું ભાવભીનું આમંત્રણ પણ આપે છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરાના કારણે ભાદરવી પૂનમ નિમિત્તે માં અંબાને નવરાત્રીનું આમંત્રણ આપવા માટે અનેક ભાવિક ભક્તો ભાદરવી પૂનમના મહામેળામાં આવી મા અંબાના આશીર્વાદ લઈ માને નવરાત્રિ નિમિત્તે પોતાના ગામ આવવા માટેનું આમંત્રણ આપે છે. આમ આજના આધુનિક યુગમાં પણ લોકોની આસ્થા અકબંધ છે.દર વર્ષે યોજાતા ભાદરવી પૂનમના મેળામાં ૩૦ લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

આજે પણ જ્યારે ભાદરવી પૂનમનો મેળો યોજાય છે ત્યારે ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ લોકો પગપાળા આવી મા અંબાના દર્શન કરે છે. પોતાની જે પણ મનોકામના છે તેમા આગળ મૂકે છે અને તે પૂર્ણ થતાં જ લોકો કઠિન પદયાત્રા કરી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

લાલ દંડા સંઘ ની પાછળ ઈતિહાસ પણ જોડાયેલો છે. કહેવાય છે કે વર્ષો અગાઉ અમદાવાદમાં જ્યારે પ્લેગ રોગ ફાટી નીકળ્યો હતો. ત્યારે તત્કાલીન નગરશેઠ દ્વારા અંબાની બાધા રાખવામાં આવી હતી કે જો શહેરમાંથી પ્લેગ રોગ નાબૂદ થઈ જશે તો તેઓ માં અંબાનાં દર્શને આવશે. ભાદરવી પૂનમમાં નગરના બ્રાહ્મણો સંઘ લઈ આંબાના સાનિધ્યમાં આવશે. જેને પગલે વર્ષો અમદાવાદથી પાંચ બ્રાહ્મણો અંબાજી પગપાળા આવ્યા હતા.

દાંતા રાજવી પરિવાર વર્ષોથી અંબાજી આવતા લાલ દંડા સંઘને તમામ સુવિધાઓ કરી આપે છે. આજે પણ આ પરંપરા અવિરત ચાલુ છે. જ્યારે પણ લાલ દંડા સંઘ દાંતા પહોંચે છે ત્યારે રાજવી પરિવાર દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. દાંતા રાજવી પરિવારના જુના મહેલમાં રહેલા મા અંબાના મંદિરમાં પૂજા કરી તે બાદ આ લાલ દંડા સંઘ અંબાજી પ્રસ્થાન કરે છે. જ્યાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન-કમ-કલેકટર આ લાલ દંડા સંઘનું સ્વાગત કરે છે....

## રેલવે ટ્રેક પર ગેસ સિલિન્ડર, સાઇકલ, મોટા પથ્થર તો ક્યારેક લોખંડના સળિયા મળી આવ્યાં

# રેલવેને નુકશાન પહોંચાડવાનું ષડયંત્ર..?

## પાટા પરથી પેટ્રોલ ભરેલી બોટલો, માચીસની સળીઓ, ગનપાઉડર વગેરે શું સૂચવે છે..

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



ભારતમાં પ્રવાસ માટે રેલવેની પ્રથમ પસંદગી થાય છે. વાસ્તવમાં રેલવેને ભારતના અર્થતંત્રની જીવાદોરી સમાન માનવામાં આવે છે.ટ્રેનમાં અડધું ભારત ધબકે છે. એક મોજણી અનુસાર, ભારત વિશ્વનું સૌથી મોટા રેલવે નેટવર્કમાં ચોથું સ્થાન મેળવ્યું છે.

ભારતમાં રેલ્વેની શરુઆત અંગ્રેજોના શાસનકાળમાં થઈ હતી. ભારતીય રેલવેનો ઈતિહાસ 168થી વધુ વર્ષ જુનો થઈ ચુક્યો છે. ભારતમાં પહેલી ટ્રેન 16 એપ્રિલ 1853ના રોજ બંબઈ (આજનું મુંબઈ) ના બોરી બંદર સ્ટેશન (આજનું છત્રપતિ શિવાજી ટર્મિનલ)થી થાણે વચ્ચે ચલાવવામાં આવી હતી. દેશની આ પહેલી ટ્રેન વરાળવાળા એન્જીન (સ્ટીમ એન્જીન)થી ચલાવવામાં આવી હતી.પ્રથમ ટ્રેનની પહેલી મુસાફરી 400 મુસાફરો સાથે 34 કિલોમીટર લાંબી હતી. ભારતમાં તે સમયે ટ્રેનની શરુઆત દેશની સૌથી મોટી સિદ્ધીઓમાંથી એક હતી.

રેલવો આ ઈતિહાસનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો કેમ કે, દેશમાં રેલવેની સાથે એવા બનાવો બની રહ્યાં છે કે એ બાબત તરફ દોરી જાય છે કે શું રેલવે ટ્રેક પર ટ્રેનો ઉથલાવી દેવાનું કોઈ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે....?! કેમ કે, છેલ્લા 40 દિવસમાં એવી 18 ચોંકાવનારી ઘટનાઓ પ્રકાશમાં આવી છે જેમાં રેલવે ટ્રેક પર ક્યારેક ગેસ સિલિન્ડર, ક્યારેક સાઈકલ, ક્યારેક પથ્થર તો ક્યારેક લોખંડના સળિયા મળી આવ્યા હતા. અને તે ટ્રેનને ઉથલાવવાના કોઈ કાવતરા તરફ અંગૂલિનિર્દેશ કરે છે.

આ કથિત કાવતરૂ ખતરો એટલા માટે પણ મોટો છે કારણ કે દેશની મોટાભાગની વસ્તી તેમની મુસાફરીને સરળ બનાવવા માટે ટ્રેનમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે. આવી સ્થિતિમાં સવાલ એ ઉઠી રહ્યો છે કે ટ્રેનો પર એકલા વરુની જેમ હુમલાની યોજના કોણ બનાવી રહ્યું છે....કોણ છે એ ગદ્દારો...કોણ છે એ ભારતવિરોધી નાપાક તત્વો.....?

એવું નથી કે રેલ્વેના પાટા પરથી આ બધી વસ્તુઓ મળવાની ઘટનાઓ માત્ર અમુક ચોક્કસ શહેરો કે રાજ્યોમાં જ બની છે. વાસ્તવમાં, આવી ઘટનાઓ ઉત્તર પ્રદેશથી લઈને ઓડિશા અને તેલંગાણાથી મધ્ય પ્રદેશ સુધી દરેક જગ્યાએ જોવા મળી રહી છે.

રેલવેને ઉથલાવી દેવાનું કોઈ ચોક્કસ ષડયંત્ર હોય તેવી 18 ઘટનાઓ વિશે જણાવીએ જે છેલ્લા 40 દિવસમાં પ્રકાશમાં આવી છે......



1. 1લી ઓગસ્ટ 2024» ઉત્તર પ્રદેશના લખનૌ ડિવિઝનના લાલગોપાલગંજ સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર એક સાયકલ અને ગેસ સિલિન્ડર રાખવામાં આવ્યો હતો. આ કેસમાં ગુલઝારની ધરપકડ કરવામાં આવી હતી, જે રેલ્વે ટ્રેક પર ગેસ સિલિન્ડર અને સાઈકલ મૂકીને વીડિયો રેકોર્ડ કરી રહ્યો હતો. તેણે આ વીડિયો યુટ્યુબ પર પણ અપલોડ કર્યો છે.

2. 5મી ઓગસ્ટ 2024» યુપીના લખનૌ ડિવિઝનના લાલગોપાલગંજ સ્ટેશન પાસે ફરી એકવાર રેલ્વે ટ્રેક પર ગેસ સિલિન્ડર અને સાયકલ પડેલા જોવા મળ્યા. આ કેસમાં ગુફરાન પકડાયો હતો, જે લાલ ગોપાલગંજ સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર કાતર, ગેસ સિલિન્ડર અને અન્ય ઘરવપરાશની વસ્તુઓ મૂકીને વીડિયો બનાવી રહ્યો હતો.

3. 17 ઓગસ્ટ 2024યુપીના કાનપુર શહેરમાં ગોવિંદપુર અને ભીમસેન નજીક સાબરમતી એક્સપ્રેસ (19168)ના 20 ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. ટ્રેનના લોકો પાયલોટ એ.પી. બુંદેલાના જણાવ્યા અનુસાર, કોઈ વસ્તુ અથડાયા બાદ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. સ્થળ પર જૂના રેલવે ટ્રેકનો ટુકડો (લગભગ 3 ફૂટ લાંબો) અને લોખંડનો ક્લેમ્પ મળી આવ્યો હતો.

4. 17 ઓગસ્ટ 2024» પંજાબના ફિરોઝપુરમાં કરતારપુર રેલ્વે સ્ટેશન પાસે 5-6 છાંગ શીખોએ HC ગુરપ્રીત સિંહ પર કિરપાનથી હુમલો કર્યો.

5. 18 ઓગસ્ટ 2024» મધ્યપ્રદેશના જબલપુર પાસે ગડા કચ્છપરાની સેન્ટ્રલ રેલ્વે લાઈન પર લોખંડના સળિયા પડેલા મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું કે કોઈ વ્યક્તિ રેલવેમાંથી લોખંડના સળિયા ચોરીને લઈ જવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ જ્યારે તેણે જોયું કે ટ્રેન આવી રહી છે ત્યારે તે તેને ત્યાં જ છોડીને જતો રહ્યો હતો.

6. 20 ઓગસ્ટ 2024» યુપીના પ્રયાગરાજ પાસે કોઈ અજાણ્યા વ્યક્તિએ રેલ્વે ટ્રેક પર બાઈકનું એલોય વ્હીલ મૂકી દીધું. અહીં ટ્રેન નંબર KN2733541 મોટરસાઈકલની રિમ સાથે અથડાયા બાદ થંભી ગઈ હતી. તપાસ કરતાં ઝાડીઓમાંથી એલોય વ્હીલ અને પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી.

7. 20 ઓગસ્ટ 2024» સીટી પ્રમોદકુમાર અને કોન્સ્ટેબલ મોહમ્મદ. જાવેદનો મૃતદેહ રેલવે સ્ટેશન પાસે મળી આવ્યો હતો. વાસ્તવમાં, જ્યારે તે લાંબા સમય સુધી આવ્યો ન હતો, ત્યારે ડીડીયુને જાણ કરવામાં આવી હતી. દાનાપુર વિભાગના નિરીક્ષકો અને પોસ્ટ્સ સાથે તપાસ અને સંકલન પર, તેમના મૃતદેહ ભદોહરા રેલ્વે સ્ટેશન નજીક મળી આવ્યા હતા.

8. 22 ઓગસ્ટ 2024» જીવનનાથપુર સ્ટેશન માસ્તર વિરેન્દ્ર કુમાર વર્માને મિર્ઝાપુર નજીક રેલવે ટ્રેક પાસે ફરજ પૂરી કરીને ઘરે જતા સમયે ગોળી વાગી હતી. સ્ટેશન માસ્ટરને પ્રાથમિક સારવાર બાદ વારાણસીના ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા હતા.

9. 24 ઓગસ્ટ 2024» રાજસ્થાનના અજમેર જિલ્લાના જવાઈબંધ અને બિરોલિયા વચ્ચે રેલવે ટ્રેક પર અજાણ્યા વ્યક્તિએ પથ્થરો મૂક્યા હતા.

(અનુસંધાન પેજ-6 ઉપર)



### ભારતની પહેલી 'હેરિટેજ' અને 'ટોય ટ્રેન'

ભારતની પહેલી હેરિટેજ ટ્રેનનું નામ 'ફેયરી ક્વીન' હતું. વર્ષ 1881માં આ ટ્રેન પહેલી વખત પશ્ચિમ બંગાળના દાર્જીલિંગમાં ચલાવવામાં આવી હતી.જેમાં વિશ્વનું સૌથી જુનું વરાળ એન્જીન લગાવવામાં આવ્યું હતું. આ ટ્રેનનું નિર્માણ 1855માં બ્રિટીશ કંપની કિટસને કર્યું હતું. વર્ષ 1997 બાદ આ ટ્રેનને હેરિટેજ ટ્રેનનો દરજ્જો આપી દોડવવામાં આવી.જેમાં મુસાફરી કરવા માટે આખા દેશમાંથી લોકો દાર્જીલિંગ જાય છે.

### ટ્રેનમાં ટોયલેટની શરૂઆત.....

ઈ.સ. 1909માં ટ્રેનમાં પ્રવાસીઓ માટે પ્રથમ વખત ટોયલેટની સુવિધા શરૂ કરવામાં આવી.આ પહેલા ટ્રેનમાં ટોયલેટની સુવિધા નહોંતી.વર્ષ 1891માં ટ્રેનના પ્રથમ શ્રેણીના ડબામાં જ ટોયલેટની સુવિધા હતી.પરંતુ પશ્ચિમ બંગાળના એક પ્રવાસી અખિલ ચંદ્ર સેને રેલ્વે સ્ટેશનને પત્ર લખી ફરિયાદ કરી હતી કે તે લઘુશંકા કરવા ગયો અને તેની ટ્રેન છૂટી ગઈ હતી.રેલવે તંત્રે આ ફરિયાદને ધ્યાનમાં લઈ તમામ ડબામાં ટોયલેટની સુવિધા શરૂ કરાવી હતી.

## લઘુવાર્તા

# "સંસ્કૃતિની પેદાશ" : 'સ્નેહુ, આટલો મોટો દગો? આટલી બધી છેતરપિંડી? મીઠી મીઠી વાત અને બે સ્ત્રીનો સંગાથ...?

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

"હની, આર યુ હેપ્પી?"

"વેરી વેરી હેપ્પી માય ડિયર સ્નેહુ. આઈ એમ વેરી લકી. મેં ખરેખર ગયા જન્મમાં ખૂબ પૂણ્ય કર્યું હશે કે તારા જેવો પ્રેમાળ પતિ મળ્યો."

ગાર્ગીનું માથું સ્નેહલના ખભા પર ઢળેલું હતું. મુંબઈથી ઉપડેલું પ્લેઈન સ્થિર ગતિથી આકાશના અંધકારમાં ન્યુયોર્કની દિશામાં ઊડી રહ્યું હતું. સ્નેહલ અને ગાર્ગી પચ્ચીસમી લગ્ન જયંતી ભારતમાં ઉજવી અમેરિકા પાછા ફરી રહ્યાં હતાં. જે બેંક્વેટ હોલમાં લગ્ન થયા હતા એ જ બેન્ક્વેટ હોલમાં પચ્ચીસમી લગ્ન જયંતી ઉજવાઈ હતી. અલબત્ત ભવ્યતા અલગ જ હતી. જેઓ એ પા સદી પહેલાં લગ્નમાં હાજરી આપી હતી તેઓને શોધી શોધીને આમંત્રણ અપાયા હતા. આશરે વીશ પચ્ચીસ મહેમાનો તો અમેરિકામાં રહેતા હતા જેઓ ભારતમાં વેકેશન ગાળવા આવ્યા હતાં તે મિત્રોએ પણ શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. પચ્ચીસ વર્ષ પહેલાં માઉન્ટ આબુ પર જે હોટલમાં હનીમૂન માણ્યું હતું તે જ હોટલમાં સંકોચ વિહીન રંગીન મધુરજની ઉજવાઈ હતી.

ગાર્ગી એક હાઈસ્કૂલમાં શિક્ષિકા હતી. સુંદર હતી. કલામંદિર દ્વારા ભજવાતા નાટકોની હિરોઈન હતી. સંગીત અને નૃત્ય શીખી હતી. નાટકોમાં બનતો પ્રેમી અને પતિ વ્રજેશ વાસ્તવમાં પણ ગાર્ગીનો પતિ બનવા ઈચ્છતો હતો. કદાચ ગાર્ગીના પિતાના મિત્રનો પુત્ર સ્નેહલ જો અમેરિકાથી ભારત ન આવ્યો હોત તો ગાર્ગી ચોક્કસ વ્રજેશ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગઈ હોત. ગ્રાર્ગી અને વ્રજેશે જીવનની વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી. સ્નેહલ સાથેના લગ્નજીવનથી તેને સંતોષ હતો. સ્નેહલ 'કેરિંગ હસબંડ' હતો.

દશ વર્ષ પહેલાં વ્રજેશને પણ અમેરિકા આવવાની તક મળી. સ્નેહલે એને સ્થાયી થવામાં ઘણી મદદ કરી. વ્રજેશ, સ્નેહલ ગાર્ગીનો એક મિત્ર બની રહ્યો હતો. વ્રજેશ પણ આ જ સમયે ભારત આવ્યો હતો. વ્રજેશે પણ ગાર્ગીના વેડિંગ એન્નીવર્સરીમાં આનંદપૂર્વક ભાગ લીધો હતો અને જૂના મિત્રોના આગ્રહથી ગાર્ગી સાથે જૂનું ફિલ્મી સોંગ ગાયું હતું.



ગાર્ગી અને સ્નેહલનું દાંપત્ય જીવન સુખી હતું. એક દીકરી ઉષ્મા યુનિવર્સિટીમાં ભણતી હતી. સ્નેહલનો બિઝનેશ ધમધોકાર ચાલતો હતો. ગાર્ગી એક ગૃહિણી બની બધી ફરજો બજાવતી હતી. સ્નેહલ આખો દિવસ એના બિઝનેશમાં રોકાયલો રહેતો. માત્ર રવિવારની સાંજ ગાર્ગીના આખા અઠવાડિયાના દાંપત્ય જીવનને બાગ બાગ બનાવી દેતી.

લાંબા સમય પછી સ્નેહલે ગાર્ગી સાથે આટલું લાંબુ વેકેશન માણ્યું. બધું સુખ હતું પણ સ્નેહલને સમયનો અભાવ સાલતો હતો. ગાર્ગીને પણ જે જે ખોટ સાલતી હતી તે સ્નેહલે પચ્ચીસમી લગ્ન જયંતી વેકેશનમાં પૂરી કરી હતી. એઓ આનંદ યાત્રાની પૂર્ણાહુતિ કરીને બન્ને ન્યુ યોર્ક પાછા જઈ રહ્યાં હતાં. સ્નેહલે ગાર્ગીને પૂછ્યું હતું; "હની, આર યુ હેપ્પી?" અને સંતૃપ્ત પત્ની ગાર્ગીએ ઉત્તર વાળ્યો હતો, "વેરી વેરી હેપ્પી, માય ડિયર સ્નેહુ. આઈ એમ વેરી લકી. મેં ખરેખર ગયા જન્મમાં ખૂબ પૂણ્ય કર્યું હશે કે તારા જેવો પ્રેમાળ પતિ મળ્યો."

"સર, એની ડ્રિન્કસ?" એરહોસ્ટેસે હળવો પ્ર્શ્ન કર્યો.

સ્નેહલે બન્ને માટે લાઈમ ગાર્નીસ જીન એન્ડ ટોનિકનો ઓર્ડર આપ્યો. સાથે નટ્સના પેકેટ્સ હતા. ત્યાર પછી ડિનર સર્વ થવાનું હતું.

'હની ,ઈફ આઈ ડાય ટુ મોરો, હાવ યુ વીલ લીવ? હુ વીલ ટેઈક કેર ઓફ યુ?'

'યુ શટ અપ. ડોન્ટ ઈવન થીંક.' ગાર્ગીએ સ્નેહલના હોઠ પર એના હોઠ ચાંપી જ દીધા. એને વળગી રહી. એરહોસ્ટેસ ત્યાંથી ધ્યાન આપ્યા વગર પસાર થઈ ગઈ. બિઝનેશ ક્લાસમાં આવાં દશ્યોની એમને નવાઈ નથી હોતી.

'ગાર્ગી હું બિઝનેસમેન છું. ધારેલું થાય એના કરતાં ન ધારેલું થાય એની ગણત્રી આગળથી રાખવી એ મારી ધંધાકીય નીતિ રહી છે. અને એટલે જ હું સફળ પણ થયો છું. દીકરી પણ ગ્રેજ્યુએટ થશે. અત્યારથી જ બોયફ્રેંડ પણ શોધી રાખ્યો છે. બન્ને પરણી જશે. જો હું

(અનુસંધાન પેજ-6 ઉપર)

## બાંગ્લાનોમિક્સ

## બાંગ્લાભાષી બંગાળમાં મમતાનો મંત્ર-.યોધ્ધાની જેમ ડટેંગે લેકિન હટેંગે નહીં.....

# બાંગ્લાદેશની ડોર હવે લાહોરના હાથમાં, ભારત કો કુછ કરના હોગા...

## ગલુડીયું નેપાળ ભારતની સામે ઘૂરકિયા કરે..મ્યાનમાર રસ્તે મણિપુરમાં હથિયારો પહોંચે....

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

આપણાં દેશની રાજધાની દિલ્હીથી બાંગ્લાદેશની રાજધાની ઢાકાની વચ્ચે 1744 કિમીનું અંતર છે. પણ હવે આ અંતર વધી રહ્યું છે. બાંગ્લાદેશમા તખ્તાપલટ બાદ જે નવી સરકાર આવી છે તેમની પાછળ ભારતના કટ્ટર દુશ્મન પાકિસ્તાન જ છે તે હવેખુલ્લુ પડી રહ્યું છે......

બાંગ્લાદેશમાં હવે પાકિસ્તાનના સર્જક મોહમ્મદઅલી ઝીણાની પુણ્યતિથિ ઉજવાઈ અને તેમને પાકિસ્તાનની જેમ રાષ્ટ્રપિતા જાહેર કરવાની માંગણી થઈ.યાદ રહે કે બાંગ્લાદેશનું સર્જન ભારતે 1971માં કર્યું ત્યારથી તે ભારત તરફી રહ્યું. છે. વચ્ચે ખાલિદ ઝિયાની સરકાર આવી ત્યારે ભારતથી વાંકા ચાલ્યા અને છેલ્લાં 15 વર્ષથી શેખ હસીનાના શાસનમાં ભારત સાથે એવા રાજકીય સંબંધો થયાં કે ભારતના





એક ઉદ્યોગપતિએ ભારતનાં વીજમથક સ્થાપી ત્યાંથી વીજળી બાંગ્લાદેશને આપી....

હવે બાંગ્લાદેશ ફરીથી પાકિસ્તાનના પાક્કા રંગે રંગાઈ રહ્યું છે અને ત્યાં વસતા હિન્દુઓને તાકીદ કરી છે કે દુર્ગા પૂજન વખતે નંમાઝનો સમય થાય તો દુર્ગાની આરતી બંધ કરી દેવાની, નહીંતર....? બાંગ્લાદેશમાં પણ રહેતા બાંગ્લાભાષી હિન્દુઓ બંગાળની જેમ દુર્ગા પૂજા ધામધૂમથી ઉજવે છે પણ હવે સરકાર બદલાતા નવા શાસકો ભલે નોબેલવિજેતા હોય પણ પાકિસ્તાન તરફી બનીને રાજ કરે છે. અલબત તેમના દ્વારા શેખ હસીનાને સોંપી દેવાની કરેલી માંગણી ભારત માટે એક પડકારજનક બને તો કહ નહીં શકતે. શેખ હસીના જો બાંગ્લાદેશ ગઈ કે મોકલવી દેવી પડી તો તેમના શું હાલ થશે તે ફાંસીનો માંચડો બોલશે....તેમને બચાવવાની રાજનીતિ-કૂટનીતિ ચાલી રહી હશે.ભારતમાં રહેશે તો બચશે અને જો બાંગ્લાદેશ ગયા તો સમજો કે ગયા...!!?? ભારતે બાંગ્લાદેશ પ્રત્યે કડક હાથે કામ લેવુ પડે અથવા ફરીથી શેખ હસીનાની સરકાર બને તેવા દાવપેચ કરવા પડે.

ભારતની આસપાસ નજર કરીએ તો નેપાળમાં ચીનના રિમોટવાળી સરકાર આવી અને ભારતના વિસ્તારોવાળી તસ્વીરો સાથેની ચલણી નોટો છાપીને એ વિસ્તારો નેપાળના છે એવો દાવો કર્યો છે.મ્યાનમારમાં ચીનના ઈશારે લશ્કરી શાસન છે અને ત્યાંથી હથિયારો પૂર્વોત્તરના રાજ્યોમાં ખાસ કરીને મણિપુરમાં પહોંચી રહ્યાંના અહેવાલો છે.

શ્રીલંકા માંડ ભારતની વાત ફરીથી માનતુ થયું પણ અડધી પડધી કેમ કે ચીનનું જાસુસી વહાણ શ્રીલંકાના દરિયામાં છે અને ભારત પર નજર રાખી રહ્યું છે. પાકિસ્તાન આતંકવાદીઓ મોકલી રહ્યુ છે, માલદિવમાં ચીને ઉંબાડિયુ કર્યું પણ હવે ભારતે બળ નહીં પણ કળ વાપરીને તેને ભારતની તરફ વાળવાના પ્રયાસો કર્યાં છે.

ભારતે બંગાળના બદલે બાંગ્લાદેશ તરફ તોપનું નાળચુ રાખવુ પડશે. બંગાળમાં સીએમ મમતાદીદીએ રાજીનામુ આપવાની ઓફર કરી છે એટલે તેમને દૂર કરનારાઓએ તક ઝડપી લેવી જોઈએ કેમ કે આમેય ત્યાંના રાજ્યપાલે તો કહી જ દીધુ કે તેમણે સીએમ મમતા બેનર્જીનો સામાજિક બહિષ્કાર જાહેર કર્યો છે.કોઈને મમતા ગમે કે ન ગમે પણ તેઓ અનેક અને એક પછી એક રાજકીય વાવાઝોડાની સામે અડગ-અડીખમ-અણનમ અને એકલો જાને રે...યોધ્ધાની જેમ ડટેંગે લેકિન હટેંગે નહીં....નો જે રૌદ્ર સ્વરૂપ દર્શાવી રહ્યાં છે કદાજ એ જ તેમને ટકી રહેવાની શક્તિ આપતું હશે..!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ભારે વરસાદથી થયેલા નુકશાનીના સર્વે માટે કેન્દ્રિય ટીમે વડોદરાની મુલાકાત લીધી

## વિશ્વામિત્રી નદીના હાઈફલડ લેવલ, ભૌગોલિક સ્થિતિની ચકાસણી કરી



ગુજરાત | વંદન

વડોદરા શહેર અને જિલ્લામાં પૂરથી થયેલા નુકસાનનો તાગ મેળવવા અને આ સમસ્યાનો ઉકેલ શોધવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવેલી એક ખાસ ટીમ આવી પહોંચી હતી. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રાજેન્દ્ર રત્નુના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની ઈન્ટર મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમના સભ્યોએ વડોદરાના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરવા ઉપરાંત આજવા સરોવરની પણ મુલાકાત લીધી હતી.

ઈન્ટર મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમમાં નાણા વિભાગના ચિન્મય ગોટમારે, જળ શક્તિ મંત્રાલયના યોકી વિજય, નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટરના એ. વી. સુરેશ બાબુએ સવારે કલેક્ટર કચેરી ખાતે પૂરની સ્થિતિ અને તેના કારણે થયેલી નુકસાનીનો તાગ મેળવવા માટે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ વડોદરાની ભૌગોલિક સ્થિતિ, આજવા સરોવર, દેવ ડેમ અને પ્રતાપ સરોવરના જળસ્ત્રાવ વિસ્તાર ઉપરાંત ઉપરવાસમાં પડેલા વરસાદ, આજવા સરોવરની જળ સંગ્રહ શક્તિની સ્થિતિની વિગતો આપી હતી. વિશ્વામિત્રી નદીમાં કેવા સંજોગોમાં વધુ પાણી આવે છે?

ઢાઢર નદી, આજવા સરોવર કેવી રીતે અસર કરે છે, તેની હકીકતલક્ષી વિગતો આ બેઠકમાં રાણાએ આપી હતી.કલેક્ટર બિજલ શાહે આપત્તિના સમયે બચાવની કામગીરી અંગેની સવિસ્તાર વિગતો આપી માનવ સંસાધન, યાંત્રિક સાધનોનું મોબીલાઈઝેશ સહિતની બાબતો વર્ણવી હતી. આપત્તિ બાદ રાહત કાર્યો અંગે પણ વિગતો તેમણે રજૂ કરી હતી.

આ બેઠક બાદ કેન્દ્ર સરકારની આ ટીમે વડોદરા શહેરમાં માર્ગો ઉપર પડેલા ભૂવાનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં સોઈલ, સિવેજની વ્યવસ્થા અંગે પણ જાણકારી મેળવી હતી. વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના દાંડિયા બજાર, વુડા સર્કલ સહિતના સ્થળોએ પણ રૂબરૂ મુલાકાત કરી હાઈફ્લડ લેવલ, ભૌગોલિક સ્થિતિની ચકાસણી કરી હતી.

અનુસંધાન પેજ 12 પરથી...

## સુવિધામાં

ખર્ચ માત્ર 35 રહેશે. તેની સરખામણીએ, ટેક્સીથી આ મુસાફરીનો સમય 80 મિનિટ જેટલો થાય છે જેનું ભાડું 415 થી પણ વધારે થાય છે.

ઓટોરિક્શામાં આ ભાડું 375 જેટલું રહે છે જેમાં સમય મેટ્રોની આસપાસ અને તેનાથી વધારે રહે છે. સમય અને ખર્ચની બચત થવાથી રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ અને ગાંધીનગર અને ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ માટે મેટ્રો પરિવહન પસંદગીનો વિકલ્પ બની રહેશે. આ સેવા શરૂ થવાથી અમદાવાદના વ્યસ્ત રસ્તાઓ પર ટ્રાફિકને હળવો કરવામાં મદદ મળશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના ચીફ જનરલ મેનેજર પુષ્કર સિંગલાએ જણાવ્યું હતું કે, પહેલા અમદાવાદ મેટ્રો ટ્રેનમાં દૈનિક 35,000 મુસાફરો મુસાફરી કરતા હતા. હાલમાં 1.20 લાખ લોકો મેટ્રો સેવાનો લાભ લઈ રહ્યા છે. મેટ્રો ટ્રેન સેવાથી સામાન્ય લોકોને સસ્તુ ટ્રાન્સપોર્ટેશન અને સમયની બચત થશે. રાજ્યમાં હાલમાં અમદાવાદ અને સુરતમાં મેટ્રોનું કામ શરૂ છે

## ગાંધીનગરમાં

ડિરેક્ટર જયપ્રકાશ શિવહરે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે, ભારત સરકાર તરફથી નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના સંયુક્ત સચિવ લલિત બોહરા તેમજ ગુજરાત સરકાર તરફથી UGVCLના મેનેજિંગ ડિરેક્ટર અરુણ મહેશ બાબુએ તૈયારીઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

## ઐસા ભી હોતા હૈ:

તોડવામાં 18 મહિનાનો સમય લાગશે. જેના માટેનો ખર્ચ આ બ્રિજ બનાવનારી કંપની અજય ઈન્ફ્રા પાસેથી વસૂલવામાં આવશે. બ્રિજના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ છેલ્લા બે વર્ષથી બંધ છે. જેના કારણે આસપાસના વિસ્તારોમાં રહેતા સ્થાનિક લોકો સૌથી વધુ પરેશાન છે

. સ્થાનિક લોકોનું કહેવું છે કે છેલ્લા બે વર્ષમાં 20થી વધુ અરજીઓ પ્રશાસનને આપવામાં આવી છે. અનેક વખત વિરોધ પ્રદર્શનો થયા છે. પરંતુ ભ્રષ્ટાચારનો આ પુલ છેલ્લા બે વર્ષથી આટલી જર્જરિત હાલતમાં ઉભો છે. આ પુલના કારણે લોકો સર્વિસ રોડ પર ચાલી પણ શકતા નથી. ટ્રાફિક જામથી દરેક લોકો પરેશાન છે.

અનુસંધાન પેજ 04 પરથી...

## રેલવે અર્થતંત્ર...

10. 24 ઓગસ્ટ 2024» રાજસ્થાનના અજમેર જિલ્લાના જવાઈબંધ અને બિરોલિયા વચ્ચે ફરી એકવાર અજાણ્યા વ્યક્તિએ રેલવે ટ્રેક પર પથ્થરો મૂક્યા.

11. 23 ઓગસ્ટ 2024» યુપીના ફરુખાબાદ જિલ્લાના કયામગંજ-શમસાબાદ વચ્ચે પાટા પર લાકડાનો ટુકડો પડેલો મળ્યો.

12. 28 ઓગસ્ટ 2024» રાજસ્થાનના બરાન જિલ્લામાં છાબરા ગુગોર અને ભુલોન વચ્ચે ટ્રેક પર એક માલસામાન ટ્રેન મોટરસાઈકલની ચેસીસ સાથે અથડાઇ હતી. તપાસ દરમિયાન કાદવમાં લથપથ એક મોટરસાઈકલની ચેસીસ મળી આવી હતી.

13. 30 ઓગસ્ટ 2024» તેલંગાણાના રંગારેડ્ડીના લિંગમપલ્લી અને હાફિઝપેટ સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેક પર લોખંડનો સળિયો પડેલો મળી આવ્યો હતો.

14. 30 ઓગસ્ટ 2024» ઝારખંડના પલામુ જિલ્લામાં ડાલ્ટન ગંજ અને કજરી સેક્શન વચ્ચેના રેલ્વે ટ્રેક પરથી કુલ 100 પેન્ડ્રોલ ક્લિપ્સની ચોરી કરવામાં આવી હતી.

15. 30 ઓગસ્ટ 2024» ઓડિશાના સંબલપુરમાં બિલાસપુર-સુરલા રોડ સ્ટેશનો વચ્ચે ડાઉન લાઈન ટ્રેક પાસે રાખવામાં આવેલ પીએસસી સ્લીપર ટ્રેનના વાઈબ્રેશનને કારણે પાટા પર લપસી ગયું હતું. સ્લીપર ટ્રેનના ફૂટબોર્ડ સાથે ફસાઈ ગયું. લોકો પાયલોટે ટ્રેન રોકી અને ફીલ્ડ સ્ટાફને સ્લીપર્સ હટાવવાની સૂચના આપી, ત્યારબાદ ટ્રેન આગળ વધી.

16. 4 સપ્ટેમ્બર 2024» શિવપારુ-પાદરખેડા સ્ટેશનો વચ્ચે બીના-ગ્વાલિયર પેસેન્જર પથ્થર સાથે અથડાઈ હતી. રેલવે ટ્રેકની સંયુક્ત તપાસ બાદ બંને બાજુ પથ્થરોના નિશાન જોવા મળ્યા હતા.

17. 4 સપ્ટેમ્બર 2024» મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના કુર્દુવાડી સ્ટેશન યાર્ડ પાસે ટ્રેક પર ફાઉલિંગ માર્ક સ્ટોન જોવા મળ્યો, જેના કારણે ટાવર વેગન ટ્રેક પર અટકી ગઈ. તેની લંબાઈ 4 ફૂટ, પહોળાઈ અડધો ફૂટ અને વજન 80-90 કિલો જેટલું હતું.

18. 9 સપ્ટેમ્બર 2024» યુપીના કાનપુરમાં બૈરાગપુર અને ઉત્તરીપુરા વચ્ચે ટ્રેક પર ગેસ સિલિન્ડર મૂકીને કાલિંદી એક્સપ્રેસને પાટા પરથી ઉતારવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ડ્રાઈવરે બ્રેક દબાવીને ટ્રેન રોકી અને અધિકારીઓને જાણ કરી. સ્થળ પરથી પેટ્રોલ ભરેલી કાચની બોટલો, માચીસની લાકડીઓ, ગનપાઉડર વગેરે મળી આવ્યા હતા...જે ટ્રેનને ઉથલાવવાના કાવતરાનો કોઈ ભાગ હોઈ શકે.

## ખાટલા કોર્ટે...

મરી જાઉં તો તારું કોણ? હજુ આપણે ઘરડાં થયા નથી. આર્થિક ચિંતા નથી. પણ સથવારાનું શું? આપણે અમેરિકામાં છીએ. તારે બીજા લગ્ન કરવા જોઈએ. જો તું લગ્ન કરે તો કોની સાથે કરે?'

'આઈ ટોલ્ડ યુ ટુ શટ અપ. એન્જોય યોર ડ્રિન્ક્સ, હેવ યોર ડિનર એન્ડ ગો ટુ સ્લીપ. યુ આર ટાયર્ડ. એટલે વગર પીધે લવારા સૂઝે છે. કાલથી તારો બિઝનેશ શરૂ થશે અને સવારે નવ વાગ્યાથી રાત્રે બાર એક વાગ્યા સૂધી બીઝી અને બીઝી જ રહેશે. આઈ લવ યુ, તારા સિવાય હું કોઈ બીજા મેનની કલ્પના પણ નથી કરી શકતી.'

'ના, કલ્પના કરવી જરૂરી છે. કલ્પના વાસ્તવિકતા બને તે પહેલાં દીર્ઘદૃષ્ટિ પૂર્વકનું આયોજન કરવું પણ જરૂરી છે. આપણે આપણી કાલ્પનિક સલામતી માટે જાતજાતના ઈંસ્યુરન્સ લઈએ છીએ. શા માટે? હું ના હોઉં તો તારી કાળજી કોણ લેશે. પૈસા છે, ધંધો છે; એ બધું કોણ સંભાળશે? આઈ એમ વેરી સિરિયસ.'

'એક વાત પૂછું? મારા સબ્ટિટ્યૂટ તરીકે આપણો મિત્ર વ્રજેશ ચાલે? ડિવોર્સી છે. ભલો માણસ છે. તારો વર્ષો જૂનો દોસ્ત છે. તને તો મારો નવો પ્રોજેક્ટ ખબર છે. સાંડિયેગોમાં નવી ઓફિસનું કામ ચાલે છે. સ્ટિફનીને ત્યાંની જવાબદારી સંભાળવા ત્યાં મોકલી છે, પણ આપણે ઇંડિયા ગયાં તે પહેલાં એક મહિનામાં છ વાર દોડવું પડ્યું હતું. તારી ચિંતા ન હોત તો ત્યાંનું કામ હું સારી રીતે સંભાળી શક્યો હોત. હવે મારે ન્યુયોર્કની ઓફિસ કદાચ સાંડિયેગોથી સંભાળવી પડશે. મેં મારી ગેરહાજરીમાં વ્રજેશને તારી સંભાળ રાખવા સૂચવ્યું છે. મારે એ પણ જાણવું છે કે મારી હયાતી ના હોય તો તું સુખથી રહી શકે કે કેમ.'

'તો મારી હયાતી બાદ તારા સુખનું શું? છે કોઈ?'

'દુનિયાદારી સમજ. હું પુરુષ છું. મારે માટે તો ઘણાં વિકલ્પો હશે. પણ ડાર્લિંગ તને કંઈ થશે તો હું પાગલ થઈ જઈશ.'

'પગલા કહીંકા.'

સ્નેહલ પર ડ્રિન્ક્સ અને ડિનરની અસર હતી. એ તો તરત ઊંઘી ગયો; પણ ગાર્ગી વિચારતી રહી. સ્ટેજ પર વ્રજેશની પ્રેમિકા અને પત્નીનો ભાગ ભજવી ચૂકી હતી. એની બેફિકરાઈ પર એ ફીદા હતી. જો સ્નેહલ એની જિંદગીમાં ન પ્રવેશ્યો હોત તો ચોક્કસ એની પત્ની બની ગઈ હોત. સ્નેહલને પણ વ્રજેશ પર વિશ્વાસ છે. હવે એ સારો દોસ્ત છે.

વિચારોના ચઢાવ ઉતારમાં ન્યુયોર્ક પર પ્લેન ક્યારે લેન્ડ થયું તેનો પણ ખ્યાલ ના રહ્યો. પોતાના આલીશાન બંગલામાં રોજીંદું જીવન શરૂ થયું. એક વિક પછી દશ દિવસમાં સ્નેહલને બે વાર સાંડિયેગો ટ્રીપ મારવી પડી.

ઈસ્ટ કોસ્ટથી વેસ્ટ કોસ્ટ, પાંચ છ કલાક્નો ફ્લાઈંગ ટાઈમ, એરપોર્ટ પરનો સમય અને ઘરથી એરપોર્ટ, એરપોર્ટથી હોટલની હાલાકી એટલે સહેજે દશ કલાકનું મોત.

સ્નેહલે ત્રણ ચાર મહિના સાંડિએગોમાં જ રહેવાનું નક્કી કર્યું. વ્રજેશ ગાગીને કંપની આપવા એની સાથે જ સમય ગાળવા લાગ્યો.

'ગાર્ગી, આઈ લવ યુ. તારી બધી કાળજી રાખવાની મારી ફરજ છે. શારીરિક જરૂરિયાત માણવાનો સાચો સમય તો આ જ છે. મેનાપોઝ પછી મસ્તીનો મુક્ત કાળ. સ્નેહલની ગેરહાજરીમાં આપણે એકબીજાની હૂંફમાં જીવન જીવવાનું છે. સ્નેહલ પણ એ જ ઈચ્છે છે.' એણે ગાર્ગીને બાહુપાશમાં જકડી લીધી.

ગાર્ગી ધક્કો મારીને છૂટી થઈ ગઈ. પ્લીઝ ડોન્ટ ટચ મી. સ્ટે અવે. આપણે માત્ર મિત્ર છીએ. મારા સેંથામાં હજુ સ્નેહલના નામનું સિંદુર છે. હું સ્નેહલની પત્ની છું. અને એની જ પત્ની તરીકે જીવીશ અને મરીશ.

વ્રજેશ નફ્ફટાઈથી ઊભો ઊભો તાળી પાડી રહ્યો હતો. વાહ ગાર્ગી વાહ. બ્રાવો. ત્રીસ વર્ષ પહેલાં આ જ ડાયલોગ સ્ટેજ પર તાળીઓના ગડગડાટ સાથે તેં કર્યો હતો. ફેર એટલો કે એ નાટકમાં સ્નેહલને બદલે તારા સેંથામાં મારા નામનું સિંદુર હતું.' વ્રજેશે ફરી ગાર્ગીને પોતાની પાશમાં લેવાનો પ્રયાસ કર્યો.

ગાર્ગીએ વ્રજેશને એક સણસણતો તમાચો ઠોકી દીધો. 'વ્રજેશ એ નાટક હતો. આ મારું વાસ્તવિક જીવન છે. એ વીતી ગયેલો ભૂતકાળ છે. અત્યાર સુધી આપણે મિત્ર હતા. હવે તું મૈત્રીને પણ લાયક રહ્યો નથી. ગેટ આઉટ ફ્રોમ માય હાઉસ.'

'ગાર્ગી, જીવન પણ એક ડ્રામા જ છે. તું અહીં સતી સાવિત્રી થઈને સ્નેહલની માળા જપે છે. અને તારો સ્નેહલ કેલિફોર્નિયામાં બિઝનેશ પાર્ટનર સ્ટેફની સાથે રંગરેલિયા મનાવે છે. તારો સ્નેહલ સ્ટેફનીના દશ વર્ષના દીકરાનો બાપ છે અને એને બીજું બાળક આવવાનું છે. એ બેવડી જિંદગી જીવે છે. લે આ કાર્ડ. સ્ટેફનીનું આમાં એડ્રેસ અને ફોન નંબર છે. તપાસ કરી ખાતરી કરી લેજે. આજે તો હું જાઉં છું. ખાતરી કરી લે જે. જરૂર હોય ત્યારે મને બોલાવજે. હું હાજર થઈશ. મિત્ર તરીકે, પ્રેમી તરીકે કે પતિ તરીકે.

વ્રજેશે ફ્લાઈંગ કિસ સાથે વિદાય લીધી. ગાર્ગી સોફાપર ફસડાઈ પડી. મારો સ્નેહલ કદી એવું કરે જ નહીં. કરે જ નહીં. કરે જ નહીં. હમણાં જ ફોન કરું. ના ફોન નથી કરવો. સીધી સ્ટેફનીના ઘરે જ પહોંચીશ. કાલે રવિવાર છે. સ્નેહલ હોટલમાં છે કે સ્ટેફનીને ત્યાં છે.

ગાર્ગીએ તે રાતની જ ફ્લાઈટ બુક કરી

રવિવારે વહેલી સવારે ટેક્ષી કેબ સ્ટેફનીના ઘર પાસે અટકી. પૂરેપૂરી સ્વસ્થતાથી ગાર્ગીએ ડોરબેલ માર્યો. સ્નેહલે જ બારણું ખોલ્યું.

'સ્નેહલ ડિયર સરપ્રાઈઝ, ગુડ મોર્નિંગ.'

સ્નેહલ સ્તબ્ધ અને અવાચક બનીને ગાર્ગીને જોતો રહ્યો.

'મને તારા બીજા ઘરમાં અંદર આવવાનું નહિ કહેશે?''ઓહ! કમ ઈન હની.'

એ ઘરમાં પ્રવેશી. માળ પરથી સ્ટેફની એક છોકરા સાથે નીચે ઉતરી. સ્ટેફની પ્રેગ્નન્ટ હતી.

'સ્નેહુ, આટલો મોટો દગો? આટલી બધી છેતરપિંડી? મીઠી મીઠી વાત અને બે સ્ત્રીનો સંગાથ. મેં નાટકને જીવન બનાવ્યું અને તેં જીવનને નાટક બનાવ્યું. વાહ! એવૉર્ડ વિનીંગ પર્ફોરમન્સ. ડિઅર સ્ટેફની, વોટ ઈઝ ગોઈંગ ઓન? તારો આ સન સ્નેહલનો છે? તારા પેટમાં સ્નેહુનું બેબી છે?'

'કામ ડાઉન ગાર્ગી. યુ મસ્ટ બી વેરી ટાયર્ડ. રિલેક્સ. વી વીલ ટોક એઝ એડલ્ટ. લેટ્સ હેવ બ્રેકફાસ્ટ ફર્સ્ટ.' સ્ટેફનીએ ગાર્ગીને હગ કરતાં કહ્યું. સ્નેહલ હજુ પણ વિમાસણમાં હતો. કઈ રીતે ગાર્ગીને સમજાવવી. પણ સ્ટેફની સ્વસ્થ હતી. એણે ટેબલ પર ત્રણ કોફી મગ મૂક્યા.

'ગાર્ગી જો તેં ફોન કર્યો હોત તો હું કે સ્નેહલ તને એરપોર્ટ પર લેવા આવતે.' સ્ટેફની પણ ગાર્ગીના જેટલી જ સ્વસ્થ હતી. સ્નેહલ બાઘાં મારતો ઊભો હતો.

'ગાર્ગી યોર હસબંડ ઈઝ માય બેસ્ટ ફ્રેંડ. હી ઈઝ માય સુપીરિયર એન્ડ માઈ પાર્ટનર. હી ઈઝ ધ ફાધર ઓફ માય ચિલ્ડ્રન. અમે કોલેજમાં હતાં ત્યારથી જ મિત્ર હતા. તારા ફાધર ઈન લોના પૈસાથી સ્નેહલે એ બિઝનેશ શરૂ કર્યો. મને દશ ટકાની વર્કિંગ પાર્ટનર બનાવી. તમારો બધો બિઝનેશ મેં જ વિકસાવ્યો છે. તમારા લગ્ન પહેલાં એણે મને પ્રપોઝ કર્યું જ હતું. પણ હું સ્વતંત્રતામાં માનું છું. હું કોઈની પત્ની બનવા માંગતી નથી. હું સ્નેહલની મિત્ર છું. મારે બાળકો જોઈતા હતાં. અને તારા હસબંડે મને બાળક આપ્યાં છે. મને મારા પગારથી અને પાર્ટનરશીપથી સંતોષ છે. પત્ની તરીકેનો સંપૂર્ણ હક તારો જ છે. હી લવ્ઝ યુ એન્ડ હી લાઈક્સ મી. દિવસે એ મારો ખાસ મિત્ર છે. એ મારી સાથે હસી શકે છે. મારી સાથે રડી શકે છે. અમારા શરીર સંબંધો ખૂબ જ મર્યાદિત રહ્યા છે. મને સેક્સમાં રસ નથી. બે સંતાન પૂરતાં છે. તારો હસબંડ તારો જ છે. આઈ એમ ફોર્ટી સિક્સ. મોટી ઉમ્મરની પ્રેગ્નન્સીમાં તકલીફ ઊભી થઈ હતી. એટલે ત્રણ મહિનાથી એ અહીં મારી સાથે રહ્યો છે. નાવ આઈ એમ ઓકે. મેં એને ઘણી વાર વિનવ્યો હતો કે પ્લીઝ તારે આપણા સંબંધોની સ્પષ્ટતા ગાર્ગી સાથે કરી દેવી જોઈએ; પણ એ કરી શક્યો નહિ. એ માટે હું દિલગીર છું. મેં તમારી વચ્ચેથી ખસી જવા અનેકવાર પ્રયત્નો કર્યા હતા પણ એણે મને જવા દીધી નહિ. આઈ એમ સોરી. તું એને તારી સાથે લઈ જઈ શકે છે.'

'હની, આઈ લવ યુ. આઈ કેર ફોર યુ.' સ્નેહલ ગુનાહિત ભાવે ગાર્ગીને સમજાવવા કોશીશ કરતો હતો. 'મને ખબર છે કે લગ્ન પહેલાં તું વ્રજેશને ચાહતી હતી. માબાપે તારા લગ્ન મારી સાથે કરાવ્યા. તેં ભૂતકાળ ભૂલીને મને અપનાવી લીધો. પ્રેમાળ વફાદાર પત્ની તરીકે સંસાર નિભાવ્યો. તેં મને અપાર પ્રેમ આપ્યો છે. લગ્ન પછી છ માસમાં જ તારા પપ્પા મમ્મી ગુજરી ગયા. ઇંડિયામાં હવે તારું કોઈ જ નથી. હું ગીલ્ટી ગુનાહિત ભાવથી પિડાતો હતો. જે છૂટછાટ મારા જીવનમાં મૈત્રીના નામ હેઠળ પચ્ચીસ પચ્ચીસ વર્ષ હું ભોગવતો રહ્યો તે જ જીવનની તને પણ છૂટ હોવી જોઈએ એમ વિચારીને જ મેં તારા મિત્ર વ્રજેશને તારી કાળજી લેવાનું કહ્યું હતું. બીજી વાત આપણી દીકરી, સ્ટેફની સાથેના મારા સંબંધ અને મારા સન અને આવનાર બેબી વિશે જાણે જ છે. પ્લીઝ મને માફ કરી દે. આઈ લવ યુ, આઈ લવ યુ. સ્ટેફનીનો પણ હું એટલો જ આભારી છું. મૂડી રોકાણ ભલે મારું હતું પણ બિઝનેશની સફળતા સ્ટેફનીની કાબેલિયતને કારણે જ છે. એ મારા જીવનનો એક ભાગ છે. આઈ લવ યુ ડાર્લિંગ. આઈ ડોન્ટ વોન્ટ ટુ લૂઝ યુ.'

'આઈ લવ યુ ટૂ. પણ હું તારી જેમ ડબલ રિલેશન જીવી શકું નહિ. વ્રજેશ સાથે હું કોઈ સંબંધ રાખી શકું નહિ. હું તારા અને સ્ટેફનીના સંબંધ વચ્ચે પણ નહિ આવું. તારું ઘર, તારો બિઝનેશ તને મુબારક. આપણે કાયદેસર ડિવૉર્સ લઈ લઈશું. હું મારો એપાર્ટમેન્ટ શોધી લઈશ. આઈ કેન મેનેજ માઈ લાઈફ બાય માઈસેલ્ફ. આમ છતાં, મરીશ ત્યાં સુધી મારા કપાળ પર ચાંદલો અને સેંથામાં સિંદુર તો તારા નામનું જ રહેશે. કરણ કે હું હિંદુ સંસ્કૃતિની પેદાશ છું.'

ગાર્ગી ઘરની બહાર નીકળી ગઈ.

પ્રીતમ લખલાણી|Opinion સૌજન્યથી

અનુસંધાન પેજ 10 પરથી...

## મમતા સામે

બગડવા લાગે છે અને તે દોષ અને અપરાધથી ભરાઈ જાય છે. તે વર્તમાન સંજોગો માટે પોતાને જવાબદાર માને છે. શેક્સપિયરે તેમના નાટક 'ધ ટ્રેજેડી ઓફ મેકબેથ'માં લેડી મેકબેથ દ્વારા માનવીય મહત્વાકાંક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓ માટે તમામ હદો પાર કરવાની ઘેલછાનો પર્દાફાશ કર્યો છે.

## જ્યારે હાઇજેક

એનાલિસિસ (IDSA)ના તત્કાલીન ડિરેક્ટર હતા અને ડાયાબિટીસથી પીડાતા હતા, તેમને તાત્કાલિક ઈન્સ્યુલિન શોટની જરૂર હતી.

દુબઈની આકરી ગરમીમાં, બે એમ્બ્યુલન્સ પ્લેન સુધી પહોંચી અને કે સુબ્રમણ્યમને એમ્બ્યુલન્સમાં એક અપહરણકર્તા સાથે લઈ જવામાં આવ્યા. કે સુબ્રમણ્યમ પ્લેનમાં પાછા ફર્યા પછી, હાઈજેકરોએ તેમને વાટાઘાટો કરી રહેલા અધિકારીઓ પર દબાણ લાવવા કહ્યું.

તેણે કહ્યું કે તેઓ દર અડધા કલાકે એક મુસાફરને મારવાનું શરૂ કરશે.જો કે, પરિસ્થિતિ બગડી ન હતી અને ટૂંક સમયમાં મંત્રણા સફળ થઈ હતી. 36 કલાક સુધી ચાલેલા આ હાઈજેકમાં તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અપહરણકર્તાઓએ આત્મસમર્પણ કર્યું અને બાદમાં તેમને સુનાવણીનો સામનો કરવા માટે ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યા હતા.

## મહારાષ્ટ્રની

મુંડેએ વિરોધ કર્યો હતો.આશિષ શેલારે કહ્યું કે કોંગ્રેસે ડો.આંબેડકરને ચૂંટણીમાં હરાવ્યા અને આપણા દેશના રાષ્ટ્રપતિ પદ માટે આદિવાસી ઉમેદવારનો પણ વિરોધ કર્યો. આ કોંગ્રેસની લઘુમતી વિરોધી માનસિકતા દર્શાવે છે.

આ ઉપરાંત, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પાત્ર ભાડૂતોને વૈકલ્પિક આવાસના ભાડાના ચેકનું વિતરણ કરવા અને રમાબાઈ નગરના લાંબા સમયથી પડતર ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ પ્રોજેક્ટને શરૂ કરવા માટે તે જ સ્થળે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

1997માં તત્કાલિન શિવસેના-ભાજપ ગઠબંધન સરકાર દરમિયાન રમાબાઈ નગરમાં ડૉ. આંબેડકરની પ્રતિમાની અપમાનના જવાબમાં દલિત કાર્યકરો દ્વારા કરવામાં આવેલા વિરોધ બાદ પોલીસ ગોળીબારમાં દસ સ્થાનિક લોકોના મોતના નિશાન હજુ પણ છે. તાજા પરિણામે, સમુદાય ગઠબંધનથી દૂર ગયો અને 1999ની વિધાનસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસ-એનસીપીને મત આપ્યો.

વર્તમાન રાજકીય ક્ષેત્રે જ્ઞાતિ સમીકરણની ગૂંચવણોને ધ્યાનમાં રાખીને ભાજપ સામે દલિતો અને લઘુમતીઓને પોતાની પડખે રાખવાનો પડકાર છે.રાજકીય નિષ્ણાત અભિજિત બ્રહ્મનાથકરે જણાવ્યું હતું કે લોકસભામાં વિપક્ષી દળોએ ભાજપ સામે 'બંધારણ વિરોધી' હોવાનો સૂક્ષ્મ કથન સ્થાપિત કર્યો હતો, જેના કારણે ભાજપને સમગ્ર દેશમાં SC અને ST બેઠકો પર ભારે નુકસાન થયું હતું

.'અભિજીત બ્રહ્મનાથકરે કહ્યું, 'હવે ભાજપને અનામત અંગે રાહુલ ગાંધીની તાજેતરની ટિપ્પણીમાં નવા પ્રકાશનું કિરણ દેખાઈ રહ્યું છે, જેણે કોંગ્રેસની કથિત 'અનામત વિરોધી' ભાવનાઓને જન્મ આપ્યો હતો. આમ, તેઓ આગામી વિધાનસભાની ચૂંટણીમાં દલિત અને આદિવાસી સમુદાયોને કોંગ્રેસ સામે ઉભો કરવા માટે 'અનામત વિરોધી' વિરુદ્ધ 'બંધારણ વિરોધી' તરીકેની આ ભાવનાનો લાભ લેવા તૈયાર છે.

## આર્ટિફિશિયલ

થશે. હ્યુમન જૉબ વ્યક્તિગત કૌશલ્ય પર વધારે કેન્દ્રીત થશે. દાખલા તરીકે, માણસ કરતાં એઆઈ કૅન્સરનું નિદાન વધુ સારી રીતે કરે તેવી કલ્પના કરવી શક્ય છે. હું ધારું છું કે ભવિષ્યમાં ડૉક્ટરો એ નવી ટેકનૉલૉજીનો ઉપયોગ કરશે, પરંતુ ડૉક્ટરોની ભૂમિકા જ સદંતર બદલાઈ જશે એવું હું માનતી નથી."

રોબોટ કૅન્સરનું નિદાન વધુ સારી રીતે કરી શકે, પરંતુ મોટા ભાગના લોકોને આ બાબતમાં ડૉક્ટરનો, વાસ્તવિક વ્યક્તિનો અભિપ્રાય જાણવાનું પસંદ કરશે. લગભગ તમામ નોકરીઓ સંદર્ભે આ સાચું છે. તેથી તેવાં માનવીય કૌશલ્ય વિકસાવવાથી લોકોને એઆઈ સાથે કામ કરવામાં બહુ મદદ મળશે.

સોંગ મેકલોફલિન કહે છે, "મારા કામમાંથી શું બદલાશે અથવા મારું કયું કામ કમ્પ્યુટર કે એઆઈ વધુ સારી રીતે કરી શકશે અને મારામાં કેટલું પૂરક કૌશલ્ય છે, તે વિચારવું ખરેખર સલાહભર્યું છે બૅન્ક ટેલર્સે પૈસા ગણતી વખતે અત્યંત સાવધ રહેવું પડતું હતું. હવે તે કામ સ્વચાલિત થઈ ગયું છે. તેમ છતાં ટેલરનું સ્થાન યથાવત્ છે.

તેઓ કહે છે, "પૈસા ગણવાનું કામ, મશીનને કારણે જૂનું-પુરાણું થઈ ગયું છે, પરંતુ બૅન્ક ટેલર્સ હવે ગ્રાહકો સાથે જોડાવા અને નવી પ્રોડક્ટ્સ વિશે માહિતગાર કરવા પર વધારે ફોકસ કરે છે. સામાજિક કૌશલ્ય વધારે મહત્ત્વનું બની ગયું છે."

ઉચ્ચ અભ્યાસ અથવા મોટા પગારવાળી નોકરી એઆઈના યુગમાં સલામત નહીં હોય એ યાદ રાખવું જરૂરી છે, એમ જણાવતાં ફોર્ડ કહે છે, "આજીવિકા માટે કાર ડ્રાઈવિંગનું કામ કરતી વ્યક્તિ કરતાં વ્હાઇટ-કૉલર જોબ કરતી વ્યક્તિનું કામ વધારે સારું છે એવું આપણને લાગે, પરંતુ ઉબેરના ડ્રાઇવર કરતાં વ્હાઇટ-કૉલર જોબ કરતી વ્યક્તિ પર જોખમ વધારે છે, કારણ કે સેલ્ફ-ડ્રાઈવિંગ કાર આજે પણ ઉપલબ્ધ નથી.

એઆઈ રિપોર્ટ્સ જરૂર લખી શકે છે. ઘણા કિસ્સામાં ઓછા શિક્ષિત કર્મચારીઓ કરતાં શિક્ષિત કર્મચારીઓ પર જોખમ હશે. હોટલમાં રૂમ સાફ કરવાનું કામ કરતી વ્યક્તિ વિશે વિચારો. એ કામને ઑટોમેટ કરવાનું ખરેખર મુશ્કેલ છે."ટૂંકમાં એઆઈને કારણે નોકરી ગૂમાવવાને બદલે ગતિશીલ, અણધાર્યા કામ કરવાં પડે તેવી પરિસ્થિતિમાં ટકી રહેવાનું કૌશલ્ય પ્રાપ્ત કરવું ઇચ્છનીય છે. કમસેકમ થોડા સમય માટે તો ઇચ્છનીય છે જ.

અનુસંધાન પેજ 07 પરથી...

## જયારે ચીફ જસ્ટીસે

25 જુલાઈના નિર્ણયની સમીક્ષાની માંગ કરતી સહ-અરજીકર્તા તરીકે મધ્યપ્રદેશનો પણ સમાવેશ કર્યો હોવાના અહેવાલ છે.વરિષ્ઠ એડવોકેટ રાકેશ દ્વિવેદીએ, ઝારખંડ જેવા ખનિજ-સમૃદ્ધ રાજ્યો માટે હાજર થઈને બાકી લેણાં સંબંધિત નિયમિત બેંચ સમક્ષ સુનાવણી પહેલાં આ મામલાની વહેલી સૂચિબદ્ધ કરવા માટે અપીલ કરી હતી. જો કે, કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને ટાટા ગ્રૂપ તરફથી હાજર રહેલા સિનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ બેંચને રિવ્યુ પિટિશન દાખલ કરવા વિશે જાણ કરી હતી. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. બંધારણીય બેંચના નિર્ણય પર પુનર્વિચાર? ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ, ન્યાયાધીશ હૃષીકેશ રોય, અભય એસ ઓકા, બીવી નાગરથના, જેબી પારડીવાલા, મનોજ મિશ્રા, ઉજ્જલ ભુઈયા, સતીશ ચંદ્ર શર્મા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે 25 જુલાઈએ ચુકાદો સંભળાવ્યો હતો.

## સ્વીસ બેંકે

કરવામાં આવ્યો હતો. અદાણી ગ્રુપે આ આરોપને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે સ્વિસ કોર્ટની કોઈપણ કાર્યવાહીમાં ગ્રુપની કોઈ સંડોવણી નથી. તેણે કહ્યું કે તેની કંપનીના કોઈપણ ખાતા કોઈપણ સત્તાવાળાએ જપ્ત કર્યા નથી.હિંડનબર્ગ છેલ્લા એક વર્ષથી અદાણી ગ્રુપ પર અલગ-અલગ આરોપો લગાવી રહ્યું છે. 2023ની શરૂઆતમાં, અદાણી ગ્રૂપ સામેના આરોપો દ્વારા, સંશોધન એજન્સીએ સેબીના ચેરપર્સન માધાબી પુરી બૂચ અને તેમના પતિ ધવલ બુચ પર આરોપ મૂક્યો હતો કે તેઓએ અદાણી જૂથ સાથે સંબંધિત ઑફશોર ફંડમાં રોકાણ કર્યું હતું. હિંડનબર્ગ રિસર્ચ શોર્ટ શેર્સનું વેચાણ કરે છે.. અદાણી સાથેના વિવાદને કારણે તે ઘણી હેડલાઈન્સ બની છે.

## ફેસ્ટીવ ઇફેક્ટ:

EVની કિંમતમાં 1.2 લાખ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. Tiago EVની કિંમતમાં 40,000 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે ટાટા ગ્રૂપે જણાવ્યું કે નેક્સોન EVની શરૂઆતની કિંમત હવે 12.49 લાખ રૂપિયા હશે. કંપનીએ કહ્યું છે કે આનાથી દેશમાં ઈ-વાહનોને વેગ આપવામાં મદદ મળશે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તેના XUV300 ડીઝલ મોડલ પર રૂ. 1.1 લાખ અને પેટ્રોલ મોડલ પર રૂ. 97,000 સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે. બોલેરો પર 85,000 રૂપિયાથી 89,000 રૂપિયા સુધીનું ડિસ્કાઉન્ટ છે મહિન્દ્રા તેના ઈલેક્ટ્રિક મોડલ્સ પર આકર્ષક ડિસ્કાઉન્ટ પણ ઓફર કરી રહી છે.FADAએ ગયા સપ્તાહે કહ્યું હતું કે ઓગસ્ટના અંતમાં પેસેન્જર વાહનોનો સ્ટોક ચિંતાજનક સ્તરે પહોંચી ગયો હતો. તેમણે કહ્યું હતું કે ડીલરો પાસે 70 થી 75 દિવસનો સ્ટોક વેચાણ માટે ઉપલબ્ધ છે. લગભગ 7.80 લાખ વાહનો ડીલરોના સ્ટોકમાં પડ્યા છે, જેની કિંમત આશરે રૂ. 77,800 કરોડ છે.

અનુસંધાન પેજ 02 પરથી...

## "અર્નિંગ વેલ

ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં આવરી લેવાશે યુવા વિકાસ - સફળ યુવા સમર્થ ગુજરાત યોજના હેઠળ ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગ મુજબ છેલ્લા ચાર વર્ષોથી સતત દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે ગુજરાત પ્રથમ ક્રમે છે.

યુવાનોના કૌશલ્યને કેન્દ્રમાં રાખીને રોજગારી આપવાના ઉદ્દેશથી ગુજરાતમાં કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના, કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા જાન્યુઆરી 2024થી ડ્રોન એપ્લીકેશનમાં 9 અદ્યતન કોર્સ શરૂ, રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન લાઈસન્સ મેળવનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી, સ્મોલ કેટેગરીના ડ્રોન બનાવવાનું "ટાઈપ સર્ટીફિકેટ" મેળવનાર કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી દેશની એકમાત્ર સરકારી યુનિવર્સિટી છે.

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ કાર્યક્રમ હેઠળ 18 સી.એમ. ફેલો સરકાર સાથે જોડાયા., રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, 22 જિલ્લાઓમાં 24 જિલ્લા રમત સંકુલ કાર્યરત છે. 2023માં ખેલ મહાકુંભ 2.0 ઈવેન્ટમાં 53 લાખ 66 હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. વાંચે ગુજરાત કાર્યક્રમ હેઠળ, રાજ્યના 21 જિલ્લાઓના 50 તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો છે.

## ગાંધીનગર

મળે તે પહેલાં ભાજપ સંગઠને 10 સમિતીની રચના જાહેર કરી હતી અને તેમાં હોદ્દેદારો પણ નીમી દીધા હતા.સંગઠને કરેલી આ જાહેરાતને અમલમાં મૂકવા માટે 18 સપ્ટેમ્બરે યોજાનારી સામાન્ય સભામાં દરખાસ્ત રજૂ કરવામાં આવશે. સ્વાભાવિક પણે, વિપક્ષના એક માત્ર સભ્ય હોવાથી આ દરખાસ્તને મંજૂરી મળી જશે. જો કે સમિતીઓની રચના બાદ ગાંધીનગર મ્યુનિ. પર વર્ષે રૂ.બે કરોડથી વધુનું આર્થિક ભારણ વધવાની શક્યતા છે. ગાંધીનગર મ્યુનિ.માં મહત્ત્વની કામગીરીઓ નહીં હોવાથી સામાન્ય સભા મહિને એક વાર પણ મળતી નથી ત્યારે સમિતીઓની રચના બિનજરૂરી હોવાની રજૂઆતો સરકાર સમક્ષ થઈ હતી. ગાંધીનગર મ્યુનિ.માં ભાજપની ઐતિહાસિક બહુમતી હોવા છતાં રાજકીય સંતુલન સાધવા આ નિર્ણય લેવાયો હોવાનું મનાય છે.

ગાંધીનગર મ્યુનિ.માં 10 સમિતીના હોદ્દેદારોની વરણી પક્ષ તરફથી થઈ છે. આ મામલે સામાન્ય સભામાં સત્તાવાર નિર્ણય લેવાય તે પહેલાં જ સમિતીના હોદ્દેદારો પોતાની પકડ જમાવવા અધીરા બન્યાં છે. પોતે ચેરમેન બની ગયા હોય તેવા રૂઆબ સાથે કેટલાક ભાવિ હોદ્દેદારોએ મ્યુનિ. ના અધિકારીઓને સૂચનાઓ આપવા માંડી છે. ભાવિ હોદ્દેદારોના આકરા વલણ સામે કેટલાક અધિકારીઓએ ઉચ્ચ સ્તરે ફરિયાદ પણ કરી હતી. જેના પગલે સ્થાનિક નેતાઓએ અધિકારીઓને સમજાવ્યા હતા અને ખુરશી ના મળે ત્યાં સુધી શાંત રહેવા ભાવિ હોદ્દેદારોને સમજાવ્યા હતા.

અનુસંધાન પેજ 09 પરથી...

## હવે જાપાનમાં


પરંતુ તેને સ્વીકારવાની મંજૂરી આપતા ઉકેલાઈ ગયો હતો.ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા માટે 2026ની એશિયન ગેમ્સ પાનખરમાં યોજાવાની છે. જે 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર સુધી યોજાશે.એવી આશા છે કે જાપાનમાં આ ઋતુમાં એથ્લેટ્સ વધુ સારું પ્રદર્શન કરી શકશે અને વધુ દર્શકોને આકર્ષિત કરશે.

સ્થળોમાં મિઝુહો એથ્લેટિક સ્ટેડિયમનો સમાવેશ થાય તેવી અપેક્ષા છે, જેને એથ્લેટિક્સ અને ઉદ્ઘાટન અને સમાપન સમારોહ બંનેની યજમાની માટે સમયસર 35,000ની ક્ષમતામાં સુધારી દેવામાં આવશે.જિમ્નેસ્ટિક્સ અને એક્વેટિક્સ નાગોયા સિવિક જનરલ જિમ્નેશિયમ અને નજીકના પૂલ ખાતે યોજવાનું સુચન થયું છે. જ્યારે, બેઝબોલ આઈકોનિક નાગોયા ડોમ પર થશે, જ્યારે ટોયોટા સ્ટેડિયમ ફૂટબોલ મેચોનું આયોજન કરશે. 2026 એશિયન ગેમ્સમાં 45 દેશો અને પ્રદેશોના લગભગ 15,000 ખેલાડીઓ અને અધિકારીઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

# દુનિયાની બીજી સૌથી મોટી ફેબ ટૂલ ઉત્પાદક કંપની ભારતમાં એકમ સ્થાપશે

■ સેમિકન્ડક્ટર મેન્યુ. યુનિટની યોજના સાથે કંપનીઓની નજર ભારતીય બજાર પર

ગુજરાત | વંદન



વિશ્વભરમાં કોઈપણ ફેબ પ્લાન્ટ ચાર મોટા સપ્લાયર્સ - એપ્લાઇડ મટિરિયલ્સ, ASML, KAL અને ટોક્યો ઈલેક્ટ્રોનના સાધનો વિના કામ કરી શકે નહીં. ભારતમાં વધુ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ એકમોનું આયોજન કરવામાં આવ્યું હોવાથી, મોટા ટૂલ ઉત્પાદકો પણ દેશ પર નજર રાખી રહ્યા છે,એમ નિષ્ણાતોનું કહેવુ છે.

એપ્લાઇડ મટિરિયલ્સ, $26.52 બિલિયનની વાર્ષિક આવક સાથે વિશ્વની બીજી સૌથી મોટી ફેબ ટૂલ ઉત્પાદક, ભારતમાં ઉત્પાદન એકમ સ્થાપવાનું આયોજન કરી રહી છે. જો સૂત્રોનું માનીએ તો, કંપનીએ તેની મહત્વાકાંક્ષી યોજનાઓ માટે તમિલનાડુ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

આને ચાઇના-પ્લસ-વન વ્યૂહરચના તરીકે પણ ગણવામાં આવે છે કારણ કે કંપનીએ તાજેતરમાં અગ્રણી સેમિકન્ડક્ટર સાધનો ઉત્પાદક તરીકેનું ટોચનું સ્થાન ગુમાવ્યું છે. ડચ કંપની ASML એ તેનું સ્થાન લીધું છે. યુએસ પ્રતિબંધો છતાં, એપ્લાઇડ મટિરિયલ્સ તેના વેચાણના 43 ટકા માટે ચીન પર નિર્ભર છે. કંપની વિશ્વની સૌથી મોટી સેમિકન્ડક્ટર ઉત્પાદકોમાંની એક છે.

આ વિકાસ એવા સમયે થયો છે જ્યારે એપ્લાઇડ મટિરિયલ્સ ચેન્નાઈના તારામણી ખાતે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને ઉપકરણો માટે અદ્યતન AI સક્ષમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવાનું આયોજન કરી રહ્યું છે. તેનાથી 500 નોકરીઓનું સર્જન થશે. તે સ્પષ્ટ નથી કે કંપની ભારતમાં તેના કોર ફેબ ટૂલ મેન્યુફેક્ચરિંગ અથવા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

"આ કંપની ભારતમાં લાંબા ગાળાના રોકાણની વિચારણા કરી રહી છે," વિકાસથી પરિચિત એક ઉદ્યોગ સ્ત્રોતે જણાવ્યું હતું. તમિલનાડુમાં આ કેન્દ્ર તેની શરૂઆત હોઈ શકે છે. તે (કંપની) મેન્યુફેક્ચરિંગમાં પ્રવેશ કરી શકે છે જ્યારે કેન્દ્ર સરકાર ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ એન્ડ સેમિકન્ડક્ટર્સ (સ્પેક્સ) ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ તેના નવા પ્રોત્સાહનો શરૂ કરે છે. કેલિફોર્નિયા સ્થિત કંપનીએ ભારતમાં મેન્યુફેક્ચરિંગ માટે ચેન્નાઈને પસંદ કર્યું છે કે કેમ તે અંગે કંપનીએ કોઇ કારણો જણાવ્યાં નથી.

અત્યાર સુધીમાં કેન્દ્રીય કેબિનેટે ભારતમાં પાંચ સેમિકન્ડક્ટર યુનિટને મંજૂરી આપી છે. આમાં તાઈવાનની પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન (PSMC) સાથેની ભાગીદારીમાં ધોલેરા (ગુજરાત)માં $2.75 બિલિયનના રોકાણ સાથે યુએસ કંપની માઈક્રોનનું ATMP (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) યુનિટનો સમાવેશ થાય છે. દેશના પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ યુનિટનો સમાવેશ થાય છે.

અન્ય ત્રણ યુનિટ્સ મોરીગાંવ (આસામ) ખાતે ટાટા સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ પ્રાઈવેટ લિમિટેડ (ટીએસએટી), સાણંદ (ગુજરાત) ખાતેના સીજી પાવરનું એકમ (જાપાનના રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને થાઈલેન્ડના સ્ટાર્સ માઈક્રોઈલેક્ટ્રોનિક્સ સાથેની ભાગીદારીમાં) અને સાણંદ ખાતે કેન્સ છે સેમીકોનનું એકમ સ્થપાશે.. એપ્લાઇડ મટિરિયલ્સ કથિત રીતે નવા બજારો શોધી રહી છે કારણ કે ચીન તેની પોતાની ચિપ સપ્લાય ચેઈન સ્થાપિત કરવા માટે તેની રાષ્ટ્રીય નીતિ બનાવે છે.

# PM ગતિશક્તિ હેઠળ વિવિધ રાજ્યોમાં 18 રોડ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું

**પ્રોજેક્ટ્સ ઔદ્યોગિક હબ, બંદરો અને દૂરના પ્રદેશો વચ્ચે કનેક્ટિવિટી વધારવા માટે ડિઝાઇન કરાયા**

**આ પ્રોજેક્ટ્સમાં નવા રોડવેઝ, હાઇવે વિસ્તરણ અને હાલના રૂટમાં સુધારાનો સમાવેશ થાય છે**



ગુજરાત | વંદન

વર્ક પ્લાનિંગ ગ્રુપ (NPG), PM ગતિશક્તિ પહેલ હેઠળ, દેશના રોડ અને હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવાના હેતુથી 18 જટિલ રોડ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. વિવિધ રાજ્યોમાં ફેલાયેલા આ પ્રોજેક્ટ્સ મલ્ટિ-મોડલ કનેક્ટિવિટીને સુવ્યવસ્થિત કરવા, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાના ભારતના મોટા પ્રયાસોનો એક ભાગ છે. આ સમીક્ષા ઝડપી અમલીકરણ સુનિશ્ચિત કરવા અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સંબંધિત પડકારોનો સામનો કરવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવી હતી.

2021માં શરૂ કરાયેલ, PM ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન એ એક સરકારી પહેલ છે જે માલસામાન અને લોકોની એકીકૃત અવરજવર માટે પરિવહનના વિવિધ પ્રકારોને એકીકૃત કરે છે. તે સમગ્ર મંત્રાલયોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના સુમેળભર્યા આયોજન અને સંકલિત અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

NPG દ્વારા મૂલ્યાંકન કરાયેલા 18 રોડ પ્રોજેક્ટ્સ વિશાળ ભૌગોલિક વિસ્તારને આવરી લે છે, જે ભારતના પરિવહન નેટવર્કમાં નિર્ણાયક ગાબડાઓને લક્ષ્ય બનાવે છે. આ પ્રોજેક્ટ્સમાં નવા રોડવેઝ, હાઈવે વિસ્તરણ અને હાલના રૂટમાં સુધારાનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ વેપાર માર્ગો સુધારવા અને મુસાફરીનો સમય ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

NPG વિવિધ મંત્રાલયો વચ્ચે સંકલનની સુવિધા આપે છે, જેમ કે માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, રેલ્વે મંત્રાલય અને અન્ય, તેની ખાતરી કરવા માટે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ એકીકૃત અને સર્વગ્રાહી રીતે વિકસિત થાય છે. આ અભિગમ પ્રયાસોના ડુપ્લિકેશનને ઘટાડે છે અને સંસાધનના ઉપયોગને શ્રેષ્ઠ બનાવે છે.

મૂલ્યાંકન કરાયેલ પ્રોજેક્ટ્સ ઔદ્યોગિક હબ, બંદરો અને દૂરના પ્રદેશો વચ્ચે કનેક્ટિવિટી વધારવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે. આ રોડવેઝના વિકાસથી માલસામાન અને સેવાઓની વધુ સારી હિલચાલ, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો અને સપ્લાય ચેઈનની કાર્યક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે.

સમીક્ષા હેઠળના ઘણા પ્રોજેક્ટ વેપાર અને વાણિજ્ય માટે વ્યૂહાત્મક મહત્વના છે, જે મુખ્ય આર્થિક ક્ષેત્રોને બજારો સાથે જોડે છે. ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવાના સરકારના વિઝન માટે આ ખાસ કરીને સુસંગત છે, કારણ કે કાચા માલ અને તૈયાર માલના પરિવહન માટે રોડ કનેક્ટિવિટી નિર્ણાયક છે.

રોડ પ્રોજેક્ટ્સ નોકરીની તકો ઊભી કરે અને પ્રાદેશિક આર્થિક વિકાસમાં ફાળો આપે તેવી અપેક્ષા છે. સુધારેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર ઉદ્યોગોને જ ફાયદો કરશે નહીં પરંતુ સ્થાનિક અર્થતંત્રોમાં વૃદ્ધિને ઉત્તેજન આપશે, ઉદ્યોગસાહસિકતા અને પ્રવાસનને પ્રોત્સાહન આપશે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, ત્યારે NPG આ પ્રોજેક્ટ્સની પર્યાવરણીય અને સામાજિક અસરોનું પણ મૂલ્યાંકન કરી રહ્યું છે. જૂથ સુનિશ્ચિત કરે છે કે માર્ગ વિકાસ પર્યાવરણીય ધોરણોનું પાલન કરે છે અને અસરગ્રસ્ત સમુદાયોનું પર્યાપ્ત રીતે પુનર્વસન થાય છે.

ઘણા રસ્તા પ્રોજેક્ટ્સ જાહેર-ખાનગી ભાગીદારી (PPP) દ્વારા વિકસાવવામાં આવશે, જે ઝડપથી પૂર્ણ કરવા માટે ખાનગી ક્ષેત્રની કુશળતા અને રોકાણનો લાભ ઉઠાવશે. કાર્યક્ષમ પ્રોજેક્ટ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે સરકાર ખાનગી ખેલાડીઓ સાથે સહયોગને પ્રોત્સાહિત કરી રહી છે.:

મૂલ્યાંકન પછી, NPG પ્રોજેક્ટ અમલીકરણ માટે ભલામણો પ્રદાન કરશે, જે રાષ્ટ્રીય આર્થિક લક્ષ્યો સાથે સંરેખિત હોય તેને પ્રાથમિકતા આપશે. જૂથનું ધ્યાન મંજૂરીને ઝડપી બનાવવા, ભંડોળ સુરક્ષિત કરવા અને તમામ હિતધારકો સમયમર્યાદા પૂરી કરવા માટે સાથે મળીને કામ કરે તેની ખાતરી કરવા પર રહેશે. PM ગતિશક્તિનું વ્યાપક વિઝન: રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત, PM ગતિશક્તિ રેલવે, બંદરો, ઉડ્ડયન અને ઉર્જા સહિતના બહુવિધ ક્ષેત્રોને એકીકૃત કરે છે. સર્વગ્રાહી અભિગમનો ઉદ્દેશ્ય એકબીજા સાથે જોડાયેલ અને કાર્યક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેન્ડસ્કેપ બનાવવાનો છે જે ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતાને વેગ આપશે.

PM ગતિશક્તિ ફ્રેમવર્ક હેઠળ આ 18 રોડ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન ભારતની માળખાકીય ક્ષમતાઓને વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવાના સરકારના વિઝનને હાંસલ કરવામાં આ પહેલ મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે.

# ફેસ્ટીવ ઈફેક્ટ: કાર કંપનીઓ તહેવારોની સિઝનમાં 3.15 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ આપવા તૈયાર

■ ટોયોટા અને હોન્ડાએ આ વર્ષે અત્યાર સુધીમાં ડિસ્કાઉન્ટમાં બમણા કરતાં વધુ વધારો કર્યો



ગુજરાત | વંદન

કાર કંપનીઓ આ વર્ષે ગ્રાહકો પર ડિસ્કાઉન્ટનો વરસાદ કરવા જઈ રહી છે. ઓગસ્ટમાં વેચાણમાં 4.53 ટકાનો ઘટાડો થયા બાદ આ તહેવારની સિઝનમાં ખરીદદારોને આકર્ષવા માટે વધુ ડિસ્કાઉન્ટ આપવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ વર્ષે અત્યાર સુધીની ટોચની 13 કાર કંપનીઓ દ્વારા આપવામાં આવેલ સરેરાશ ડિસ્કાઉન્ટ ગયા વર્ષ કરતાં 12 ટકા વધુ છે. પરંતુ વેચાણને ઝડપી બનાવવા માટે, કંપનીઓ આ તહેવારોની સિઝનમાં રૂ. 20,000 થી રૂ. 3.15 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ આપવા તૈયાર છે.

મારુતિ સુઝુકી, હ્યુન્ડાઈ મોટર, ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને હોન્ડા કાર્સ જેવી કંપનીઓ ડિસ્કાઉન્ટ આપવામાં સૌથી આગળ છે. ગયા વર્ષે પણ તહેવારોની સિઝનમાં વિવિધ મોડલ પર રૂ. 25,000 થી રૂ. 1 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું, જે 2022ની સરખામણીમાં 40 થી 45 ટકા વધુ હતું.

ઉદ્યોગના ડેટાના આધારે, વર્ષ 2023માં ટોચની 13 કંપનીઓ દ્વારા આપવામાં આવેલ સરેરાશ ડિસ્કાઉન્ટ 34,630 રૂપિયા હતું, જે 2024માં અત્યાર સુધીમાં વધીને 38,816 રૂપિયા થઈ ગયું છે. જાટો ડાયનેમિક્સ ડેટા દર્શાવે છે કે ટોયોટા અને હોન્ડાએ આ વર્ષે અત્યાર સુધીમાં તેમના ડિસ્કાઉન્ટમાં બમણા કરતાં વધુ વધારો કર્યો છે.

ટોયોટા દ્વારા આપવામાં આવેલ સરેરાશ ડિસ્કાઉન્ટ આ વર્ષે 140 ટકા વધીને 49,914 રૂપિયા થઈ ગયું છે, જ્યારે 2023માં તે માત્ર 20,795 રૂપિયા હતું. હોન્ડા દ્વારા આપવામાં આવેલ ડિસ્કાઉન્ટ આ સમયગાળા દરમિયાન 120 ટકા વધીને રૂ. 15,412 થી રૂ. 33,930 થયું છે. અન્ય કંપનીઓમાં, ફોક્સવેગનનું ડિસ્કાઉન્ટ ગયા વર્ષની સરખામણીમાં 70 ટકા વધ્યું છે, ટાટા મોટર્સનું ડિસ્કાઉન્ટ 64 ટકા વધ્યું છે, હ્યુન્ડાઈનું ડિસ્કાઉન્ટ લગભગ 50 ટકા વધ્યું છે અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું ડિસ્કાઉન્ટ લગભગ 29 ટકા વધ્યું છે.

ઉદ્યોગના નિષ્ણાતોના મતે તાજેતરમાં સુસ્ત ગ્રામીણ માંગને કારણે વાહનોના વેચાણમાં ઘટાડો થયો છે. તેથી, વેચાણને ઝડપી બનાવવા માટે, આ તહેવારોની સિઝનમાં ભારે ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (FADA) ના નવા પ્રમુખ CS વિજ્નેશ્વરે જણાવ્યું હતું કે, 'વિવિધ કંપનીઓ દ્વારા ભારે ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવી રહી છે જે તાજેતરના વર્ષોમાં સૌથી વધુ છે. ઓક્ટોબરમાં ઘણા તહેવારો આવી રહ્યા છે અને તેથી તે ઓટો કંપનીઓ માટે મહત્વપૂર્ણ મહિનો છે. વિવિધ ડીલરો અને જુદા જુદા રાજ્યો વચ્ચે ડિસ્કાઉન્ટ બદલાઈ શકે છે, તેથી સરેરાશની ગણતરી કરવી મુશ્કેલ હશે.

જીપ ઈન્ડિયા સૌથી વધુ ડિસ્કાઉન્ટ ઓફર કરતી કંપનીઓમાં સામેલ છે. કંપની કુલ રૂ. 3.15 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ આપી રહી છે, જેમાંથી લગભગ રૂ. 2.15 લાખનું રોકડ ડિસ્કાઉન્ટ જ છે. માર્કેટ લીડર મારુતિ સુઝુકી સપ્ટેમ્બરના અંત સુધી તેના વિવિધ મોડલ પર રૂ. 15,000 થી રૂ. 1 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે.

બીજી તરફ, ચેન્નાઈમાં હ્યુન્ડાઈના એક ડીલરે જણાવ્યું કે કંપની અલ્કાઝાર પર લગભગ રૂ. 2 લાખનું મહત્તમ ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે. વર્ના પર 70,000 રૂપિયા સુધીનું અને વેન્યુ પર 55,000 રૂપિયા સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે.

Tata Motors પણ Tigor પર 30,000 રૂપિયાનું ડિસ્કાઉન્ટ આપી રહી છે. તે Altroz પર રૂ. 45,000, Tiago પર રૂ. 65,000, Nexon પર રૂ. 80,000, Harrier પર આશરે રૂ. 1.60 લાખ અને Safari પર રૂ. 1.89 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ મેળવી રહ્યું છે.


Nexon EVની કિંમતમાં 3 લાખ રૂપિયા સુધીનો અને પંચ

...અનુસંધાન પાના નં.06 પર

# ઓનલાઈન ગેમિંગ પર 28 ટકા GST બાદ આવકમાં 400% ટકાનો વધારો

■ પહેલા રૂ. 1,349 કરોડની આવક થતી હતી જે વધીને રૂ. 6,909 કરોડ થઈ

ગુજરાત | વંદન



રેવન્યુ કલેક્શનમાં 412 ટકાનો વધારો થયો છે. 1 ઓક્ટોબર, 2023થી ઓનલાઈન ગેમિંગ પર 28 ટકા GST લાદવામાં આવ્યો હતો. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે ઓનલાઈન ગેમિંગ કંપનીઓ પર 28 ટકા GST લાદ્યા બાદ છ મહિનામાં રેવન્યુ કલેક્શનમાં 412 ટકાનો વધારો થયો છે. 1 ઓક્ટોબર, 2023થી ઓનલાઈન ગેમિંગ પર 28 ટકા GST લાદવામાં આવ્યો હતો. GST કાઉન્સિલની 54મી બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપતાં, સીતારમને જણાવ્યું હતું કે 28 ટકા GST લાગુ થયાના છ મહિના પછી, કાઉન્સિલને કસિનો, ઓનલાઈન ગેમિંગ અને હોર્સ રેસિંગમાંથી આવકની વસૂલાત અંગેનો સ્ટેટસ રિપોર્ટ સુપરત કરવામાં આવ્યો હતો. "માત્ર છ મહિનામાં, ઓનલાઈન ગેમિંગની આવક 412 ટકા વધીને રૂ. 6,909 કરોડ થઈ છે," તેમણે કહ્યું. 6,909 કરોડ રૂપિયાની આ રકમ છ મહિનાના સમયગાળામાં કમાઈ છે. ઓનલાઈન ગેમિંગ પર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું તે પહેલા તે રૂ. 1,349 કરોડ હતું.

ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ અને કેસિનો પર મુકવામાં આવેલ એન્ટ્રી-લેવલ બેટ્સ 1 ઓક્ટોબર, 2023થી 28 ટકા GSTને આધીન છે. અગાઉ ઘણી ઓનલાઈન ગેમિંગ કંપનીઓ 28 ટકા GST ચૂકવતી ન હતી. તેમની દલીલ એવી હતી કે કૌશલ્યની રમત અને નસીબની રમત માટે અલગ-અલગ ટેક્સ દરો છે.GST કાઉન્સિલે ઓગસ્ટ, 2023માં તેની બેઠકમાં સ્પષ્ટતા કરી હતી કે ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ પર 28 ટકા ટેક્સ ચૂકવવો પડશે. સેન્ટ્રલ GST કાયદામાં પાછળથી ટેક્સની જોગવાઈને સ્પષ્ટ કરવા માટે સુધારો કરવામાં આવ્યો હતો.

વિદેશી ગેમિંગ પ્લેટફોર્મ માટે GST સત્તાવાળાઓ સાથે નોંધણી કરાવવા અને કર ચૂકવવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. જો તેઓ આમ નહીં કરે તો સરકાર તે સાઈટને બ્લોક કરી દેશે. ત્યારબાદ કાઉન્સિલે નક્કી કર્યું કે ઓનલાઈન ગેમિંગ સેક્ટર પરના કરવેરા અમલીકરણના છ મહિના પછી તેની સમીક્ષા કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ જ રીતે કેસિનોના કિસ્સામાં પણ નિર્ણય લેવામાં આવ્યા બાદ છ મહિનામાં આવક 30 ટકા વધીને 214 કરોડ રૂપિયા થઈ ગઈ છે. નિર્ણય પહેલા તે 164.6 કરોડ રૂપિયા હતો.

સરકારે 'મિશન મૌસમ' માટે 2000 કરોડ રૂપિયાનું બજેટ રાખ્યું છે. આ મિશનનો મુખ્ય ધ્યેય ભારતના હવામાન વિભાગને અપગ્રેડ કરવાનો છે. જેથી દેશમાં હવામાનની સચોટ આગાહી કરી શકાય. આટલું જ નહીં, તે સરકારને આપત્તિ પહેલા તૈયાર કરવામાં અને શક્ય તેટલી વહેલી તકે જીવનને સરળ બનાવવામાં મદદ કરશે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.

એક અહેવાલ અનુસાર, ચક્રવાત, પૂર, દુષ્કાળ અને હીટવેવ જેવી હવામાન પરિવર્તનને કારણે સર્જાતી આપત્તિઓને કારણે દેશમાં દર વર્ષે લગભગ 10,000 લોકો મૃત્યુ પામે છે. 'મિશન મૌસમ'નું મહત્વ એ વાત પરથી જાણી શકાય છે કે હવામાનની સચોટ આગાહી આમાંથી ઘણા લોકોના જીવ બચાવી શકે છે.

'મિશન મૌસમ'ને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે તે માત્ર હવામાનની આગાહીમાં સુધારો કરશે નહીં. બલ્કે લોકોને સમયસર માહિતી આપવાના કામમાં પણ સુધારો થશે. એટલું જ નહીં, તે કૃષિ, ઉડ્ડયન, સંરક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન અને પ્રવાસન જેવા ઉદ્યોગોની સ્થિતિમાં પણ સુધારો કરશે.

# મમતા સામે રાજ્યપાલનું નવુ હથિયાર- હું ક્યારેય મુખ્યમંત્રી સાથે કોઈ મંચ પર બેસીશ નહીં

■ સત્તાના લોભ અને અતિશય મહત્વાકાંક્ષા ધરાવતી લેડી મેકબેથ સાથે સીએમની તુલના કરી

ગુજરાત | વંદન

કોલકાતાની આરજી કાર મેડિકલ હોસ્પિટલમાં ટ્રેઈની ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના મામલાની તપાસ સીબીઆઇ દ્વ રા ચાલી રહી છે. તો બીજી તરફ આ ઘટનાના એક મહિના પછી પણ ડોક્ટરો રસ્તા પર ઉતરી રહ્યા છે. સુપ્રિમ કોર્ટની ચેતવણી છતાં હડતાળ પર ઉતરેલા તબીબો ફરજ પર પરત ફર્યા નથી.મમતા બેનર્જીથી એટલા નારાજ છે કે તેઓ બે કલાક સુધી સીએમને રાહ જોયા પછી પણ મળવા આવ્યા નથી.

દરમિયાન, રાજ્યપાલ સીવી બોઝે મમતા બેનર્જીની તુલના લેડી મેકબેથ સાથે કરી છે અને તેમનો સામાજિક બહિષ્કાર કરવાની હાકલ કરી છે.આવી સ્થિતિમાં એ સમજવું જરૂરી બની જાય છે કે લેડી મેકબેથ કોણ હતા? રાજ્યપાલ સીવી બોઝે મમતા બેનર્જીની સરખામણી તેમની સાથે કરી હતી.

મમતા બેનર્જી અને ગવર્નર કોલકાતાની ઘટના અને ત્યાર પછીની પરિસ્થિતિને લઈને વિવાદમાં છે.



દરમિયાન, રાજ્યપાલ કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક વીડિયો સંદેશમાં સીવી બોઝે કહ્યું કે હું મુખ્યમંત્રીનો સામાજિક બહિષ્કાર કરીશ. સામાજિક બહિષ્કારનો અર્થ એ છે કે હું ક્યારેય મુખ્યમંત્રી સાથે કોઈ સ્ટેજ શેર કરીશ નહીં. હું આવી કોઈ બેઠકમાં હાજરી આપીશ નહીં જેમાં મુખ્યમંત્રી હાજર હોય.આ દરમિયાન સીવી બોઝે બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને મુખ્યમંત્રી બેનર્જી પર નિશાન સાધ્યું અને તેમને બંગાળની લેડી મેકબેથ ગણાવી.

તેમણે કહ્યું કે સ્વાસ્થ્ય મંત્રી ગૃહમંત્રી છે તે વિચિત્ર વિડંબના છે. બંગાળની લેડી મેકબેથ હુગલી નદીના પાણીને રોકી શકે છે પરંતુ તેના ડાઘવાળા હાથ સાફ કરી શકતી નથી. બંગાળના ગૃહમંત્રી પોતે મુખ્યમંત્રી છે અને સુરક્ષા આપવાને બદલે મુખ્યમંત્રી વિરોધ કરી રહ્યા છે. રસ્તાઓ પર, હોસ્પિટલોમાં અને રાજ્યભરમાં હિંસા થઈ રહી છે.

લેડી મેકબેથ પ્રખ્યાત નવલકથાકાર વિલિયમ શેક્સપિયરના નાટક 'ધ ટ્રેજેડી ઓફ મેકબેથ'નું મુખ્ય પાત્ર છે. લેડી મેકબેથ ખૂબ જ મજબૂત ઈચ્છાશક્તિ ધરાવતી મહિલા છે, જે પોતાની મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે.લેડી મેકબેથ તેના સત્તાના લોભ અને અતિશય મહત્વાકાંક્ષા માટે જાણીતી છે. જ્યારે લેડી મેકબેથના પતિ મેકબેથ રાજા બનવાનું સપનું જુએ છે, ત્યારે તે તેને આ યોજનામાં સંપૂર્ણ સમર્થન આપે છે. તેણી મેકબેથને રાજા ડંકનની હત્યા કરવા ઉશ્કેરે છે જેથી તે પોતે સ્કોટલેન્ડની રાણી બની શકે.લેડી મેકબેથ તેની ક્રૂરતા અને સત્તા માટેની તેની ઈચ્છા માટે જાણીતી છે. પરંતુ સમય જતાં તેની માનસિક સ્થિતિ

...અનુસંધાન પાના નં. 06 પર

# મહારાષ્ટ્રની ચૂંટણીમાં રાહુલને અનામત વિરોધી તરીકે પ્રચાર કરવા ભાજપની રણનીતિ

ગુજરાત | વંદન



મહારાષ્ટ્રમાં તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં કારમી હાર બાદ ભાજપના નેતાઓ દલિતો અને લઘુમતીઓમાં 'બંધારણ વિરોધી' ભાવનાઓ સાથે વ્યવહાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે તેઓ કોંગ્રેસ પર વિદેશી ધરતી પર 'અનામત વિરોધી' એજન્ડા ચલાવવાનો આરોપ લગાવી રહ્યા છે.

રાહુલ ગાંધીએ અમેરિકાની મુલાકાત દરમિયાન અનામત અંગે કરેલી તાજેતરની ટિપ્પણીથી ભારતમાં ભારે હોબાળો મચી ગયો છે. આ કારણે મહારાષ્ટ્ર ભાજપના નેતાઓ અને પાર્ટી કાર્યકર્તાઓએ રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કર્યું અને તેમના નિવેદનની નિંદા કરી હતી..

અમેરિકાની જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપતી વખતે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અનામતને લઈને નિવેદન આપ્યું હતું. તેમને પૂછવામાં આવ્યું કે દેશમાં જાતિના આધારે અનામત ક્યાં સુધી ચાલુ રહેશે? તેના પર રાહુલે કહ્યું કે કોંગ્રેસ ત્યારે જ અનામત ખતમ કરવા વિશે વિચારશે જ્યારે દેશમાં સમાનતા હશે, બંધુતા હશે. અત્યારે દેશમાં આવી સ્થિતિ નથી.

જેને લઈને મુંબઈમાં દલિત મતદારોનો ગઢ ગણાતા ઘાટકોપરના રમાબાઈ નગરમાં ડૉ.આંબેડકરની પ્રતિમાની સામે બીજેપી મુંબઈ અધ્યક્ષ આશિષ શેલાર અને MLC પંકજા

...અનુસંધાન પાના નં. 06 પર


# જ્યારે હાઈજેક થયેલા વિમાનમાં ભારતના હાલના વિદેશમંત્રીના પિતા પણ હતા

■ એસ.જયશંકરે જિનીવામાં 1984નો એ રસપ્રદ કિસ્સો કહી સંભળાવ્યો....

ગુજરાત | વંદન

વિદેશ મંત્રી એસ જયશંકરે 1984માં ભારતીય વિદેશ સેવા (IFS) માં એક અધિકારી તરીકેના તેમના શરૂઆતના દિવસોનો અનુભવ શેર કર્યો, જ્યારે તેમને ખબર પડી કે તેમના પિતા પણ થોડા સમય પહેલા જ હાઈજેક કરાયેલા વિમાનમાં સવાર હતા. જયશંકરે કહ્યું, જ્યારે તેણે તેની માતાને ફોન કર્યો ત્યારે તેને આ વાતની જાણ થઈ.જયશંકરના પિતા. સુબ્રમણ્યમે બાદમાં ભારતની પરમાણુ નીતિને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે 'પ્રથમ ઉપયોગ નહીં'ની નીતિ અને બીજા હુમલાની ક્ષમતા પર ભાર મૂક્યો હતો

જીનીવામાં ભારતીય સમુદાય સાથે વાત કરતા જયશંકરે 1984માં ઈન્ડિયન એરલાઈન્સ ફ્લાઈટ 421ના હાઈજેકને યાદ કર્યું. તેઓ એક અધિકારી તરીકે તેની સાથે કામ કરી રહ્યો હતો, પરંતુ તેને ખબર પડી કે પ્લેનમાં સવાર 79 મુસાફરોમાં તેના પિતા પણ હતા. એસ.જયશંકર 1984માં એક યુવા અધિકારી હતા અને પ્લેન હાઈજેકનો સામનો કરનારી ટીમનો ભાગ હતા. તેઓ 1979માં IFSમાં જોડાયા હતા. તેમના પિતા કૃષ્ણસ્વામી સુબ્રમણ્યમ અગ્રણી આંતરરાષ્ટ્રીય વ્યૂહાત્મક બાબતોના વિશ્લેષક, પત્રકાર અને



ભૂતપૂર્વ સનદી કર્મચારી હતા.

જયશંકરે તે ક્ષણ યાદ કરી જ્યારે તેને પ્લેનમાં તેના પિતાની હાજરી વિશે જાણ થઈ. તેણે કહ્યું, 'હાઈજેકના ચાર કલાક પછી મને ખબર પડી કે મારા પિતા તે પ્લેનમાં હતા.' તેણે કહ્યું કે આ માહિતીએ તેને સત્તાવાર પ્રતિસાદ અને તેના પરિવારની અંગત ચિંતાઓ વચ્ચે એક અજીબ પરિસ્થિતિમાં મૂક્યો હતો.

તેમણે કહ્યું, 'મારી પત્ની કામ કરતી હતી અને દૂર રહેતી હતી. હું મારા પુત્ર પાસે જઈ શક્યો નહીં, જે તે સમયે માંડ થોડા મહિનાનો હતો. મેં મારી માતાને ફોન કર્યો અને કહ્યું કે ત્યાં કોઈ અપહરણ થયું છે અને હું ઘરે આવી શકીશ નહીં.

જયશંકરે કહ્યું, 'એક તરફ, હું હાઈજેક પર કામ કરી રહેલી ટીમનો ભાગ હતો, તો બીજી તરફ, હું તે પરિવારનો ભાગ હતો જે સરકાર પર દબાણ બનાવી રહ્યું હતું. હું એક વિચિત્ર પરિસ્થિતિમાં હતો.કે સુબ્રમણ્યમને ઈન્સ્યુલિન શોટની જરૂર હતી.

24 ઓગસ્ટ 1984ના રોજ, ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ 421ને પ્રતિબંધિત ઓલ ઈન્ડિયા શીખ સ્ટુડન્ટ્સ ફેડરેશનના સાત સભ્યો દ્વારા હાઈજેક કરવામાં આવી હતી. દિલ્હીથી શ્રીનગર જઈ રહેલા પ્રાદેશિક જેટલાઈનરનું પ્રથમ સ્ટોપ ચંદીગઢમાં હતું. હાઈજેકર્સે કોઈપણ હથિયાર વગર ફ્લાઈટનું હાઈજેક કર્યું હતું.દુબઈમાં લેન્ડિંગ કરતા પહેલા પ્લેન પહેલા લાહોર અને પછી કરાચી ગયું હતું.

જ્યારે ફ્લાઈટ દુબઈમાં ઉતરી, ત્યારે યુએઈના તત્કાલીન સંરક્ષણ પ્રધાન શેખ મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમની સક્રિય ભાગીદારી સાથે વાટાઘાટો શરૂ થઈ. દુબઈની આકરી ગરમીમાં મુસાફરોને 14 કલાક સુધી ફ્લાઈટની અંદર રાહ જોવી પડી હતી.

ત્યારબાદ જયશંકરના પિતા કે સુબ્રમણ્યમ, જેઓ દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ

...અનુસંધાન પાના નં. 06 પર

## કેટલાક કામો એઆઈ નહીં કરી શકે, એ કામો માટે માણસની જ જરૂર પડશે....

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, તુઝ સે યે ન હો પાયેંગા, લગા લે શર્ત..!

ગુજરાત | વંદન

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અનેક લોકોની નોકરી છીનવી લેશે એવી ચર્ચા છેલ્લાં કેટલાય સમયથી વિશ્વ આખામાં ચારેકોર થઈ રહી છે. જો કે આ અંગે રાહત આપે એમ નિષ્ણાતો કહે છે કે એવાં કેટલાંક કામ જરૂર છે, જે કમસેકમ હમણાં તો કમ્પ્યુટર નહીં જ કરી શકે. એટલે કે આ કામો એઆઇ નહીં કરી શકે અને એ કામો માટે માણસની નજ જરૂર પડશે....


યાંત્રિક લૂમ્સથી માંડીને માઈક્રોચિપ્સ સુધીનાં નવાં મશીનો માણસોની નોકરી છીનવી લેશે એવી ચિંતા ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતથી જ થતી રહી હતી, પરંતુ એ પછીના સમયમાં મોટા ભાગે માણસની મરજી ચાલતી રહી છે, નહીં કે મશીનની.

હવે કેટલાક નિષ્ણાતો કહે છે કે એઆઈની સર્વવ્યાપકતા સાથે માણસોની નોકરી છીનવાઈ જવાનો ખતરો સાચો પડી રહ્યો છે. હવે રોબોટ્સ કેટલાંક કામ ખરેખર કરી રહ્યા છે.

વિશ્વમાં રોજગારી તકોનો અભ્યાસ કરનારના એક અહેવાલમાં એવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે કે કન્ટેન્ટ જનરેશન માટે સક્ષમ એઆઈ, માણસો દ્વારા કરવામાં આવતાં કામ પૈકીનાં 25 ટકા કામ કરી શકે તેમ છે.

સમગ્ર યુરોપિયન યુનિયન અને અમેરિકામાં ઑટોમેશન 30 કરોડ નોકરીઓ ઓહિયાં કરી જશે. તે ભયંકર હોઈ શકે છે, એવું 'રૂલ ઑફ ધ રોબોટ્સ: હાઉ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ વિલ ટ્રાન્સફૉર્મ એવરીથિંગ' પુસ્તકના લેખક માર્ટિન ફોર્ડે જણાવ્યું છે.

તેમના કહેવા મુજબ, "આવું માત્ર વ્યક્તિગત રીતે જ નહીં થાય, તે પ્રણાલીગત પણ હોઈ શકે છે. તે કેટલાક લોકો માટે અચાનક અથવા બધા લોકો માટે એક જ સમયે થઈ શકે છે. તેના માત્ર લોકો માટે નહીં, અર્થતંત્ર માટે પણ ગંભીર સૂચિતાર્થો હશે..





નવા વિલક્ષણ વિચારો, નવા સર્જન સાથે સંકળાયેલાં કામોમાં માનવીની જ જરૂર પડશે...

નિષ્ણાતો સાવધાનીપૂર્વક ચેતવણી આપે છે કે કેટલીક એવી વસ્તુઓ છે, ઈમોશનલ ઈન્ટેલિજન્સ અને વિલક્ષણ વિચાર જેવા માનવીય ગુણો સાથેનાં એવાં ઘણાં કામ છે, જે કરવા એઆઈ સક્ષમ નથી. કૌશલ્ય આધારિત કામમાં આગળ વધવાથી નોકરી ગુમાવવાની શક્યતા ઘટાડવામાં મદદ મળી શકે છે.

ફોર્ડ કહે છે, "નજીકના ભવિષ્યમાં ત્રણ પ્રકારની નોકરીઓ સલામત રહેશે એવું તેમને લાગે છે. પ્રથમ પ્રકારમાં ખરેખર સર્જનાત્મક હોય તેવાં કામ આવે છે. એવાં કામ જે નિર્ધારિત ફૉર્મ્યુલા મુજબનાં નથી, પરંતુ નવા વિચાર સાથે, નવા સર્જન સાથે સંકળાયેલાં છે."

તેનો અર્થ એવો બિલકુલ નથી કે 'સર્જનાત્મક' ગણાતી તમામ નોકરી સલામત છે. વાસ્તવમાં ગ્રાફિક ડિઝાઈન અને વિઝ્યુઅલ આર્ટ સંબંધી તમામ કામનો વારો પહેલો આવે એ શક્ય છે. બેઝિક અલ્ગોરિધમ્સ લાખો ઈમેજનું વિશ્લેષણ કરવા બોટ્સને નિર્દેશ આપી શકે છે. તેને પગલે એઆઈ એસ્થેટિક્સમાં તત્કાળ નિપુણતા પ્રાપ્ત કરી શકે છે, પરંતુ અન્ય પ્રકારનાં સર્જનાત્મક કામમાં થોડી સલામતી જરૂર છે. વિજ્ઞાન, મેડિસિન અને કાયદા ક્ષેત્રે નવી કાનૂની વ્યૂહરચના અથવા વ્યવસાયિક વ્યૂહરચના આવી રહી છે. તેમાં માણસોનું સ્થાન યથાવત્ રહેશે એવું મને લાગે છે."

તેમના જણાવ્યા મુજબ, બીજી સલામત કેટગરી સુસંસ્કૃત વ્યક્તિગત સંબંધ જાળવવો જરૂરી હોય તેવાં કામની છે. નર્સીસ, બિઝનેસ કન્સલ્ટન્ટ્સ અને ઈન્વેસ્ટિગેટિવ પત્રકારો તરફ ઈશારો કરતાં તેઓ કહે છે, "આવાં કામમાં લોકોની બહુ ઊંડી સમજ જરૂરી છે. સંબંધ કેળવી શકાય એ રીતે ક્રિયા-પ્રતિક્રિયા કરવાની ક્ષમતા પ્રાપ્ત કરતા એઆઈને લાંબો સમય લાગશે એવું હું માનું છું."

ફોર્ડના કહેવા મુજબ, "ત્રીજો સેફ ઝોન એવી નોકરીઓ છે, જેમાં ઘણી ગતિશીલતા, દક્ષતા અને અણધાર્યા સંજોગોમાં સમસ્યા નિવારણની આવડત જરૂરી હોય. ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર્સ, વેલ્ડર્સ અને તેના જેવા અન્ય લોકો આ કેટગરીમાં આવે છે."

"આ બધાં કામોમાં દરેક વખતે નવી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવાનું હોય છે. તેનું ઑટોમેશન કરવાનું કદાચ સૌથી વધારે મુશ્કેલ છે. આવાં કામના ઑટોમેશન માટે સાયન્સ ફિક્શનના રોબોટ્સની જરૂર પડે. સ્ટાર વોર્સના સી-3પીઓની જરૂર પડે."

આ પ્રકારનાં કામ કરતા લોકોની નોકરી એઆઈની યુગમાં સંપૂર્ણપણે સલામત રહેશે એવું નથી. અમેરિકાની બફેલો યુનિવર્સિટી ખાતે શ્રમ અર્થશાસ્ત્રના ઍસોસિએટ પ્રોફેસર જોઆન સોંગ મેકલોફલિનના જણાવ્યા મુજબ, ઉદ્યોગ ભલે ગમે તે હોય, પરંતુ મોટાભાગનાં કામ ટેકનૉલૉજી દ્વારા સ્વચાલિત થાય તેવી શક્યતા છે.

સોંગ મેકલોફલિન કહે છે, "ઘણા કિસ્સામાં નોકરીઓ પર તત્કાળ કોઈ ખતરો નથી, પરંતુ કામમાં જરૂર ફેરફાર

...અનુસંધાન પાના નં. 06 પર

# સારા અલીના મલ્ટી કલરની બ્રોકેડવાળા ચણિયાચોળીએ ખાસ ચર્ચા જગાવી......



સામાન્ય રીતે લોકોમાં એવી છાપ હોય છે કે સેલેબ્રિટી પોતાના કપડાં એક વખત પહેર્યાં પછી ફરી પહેરતા નથી અને તેઓ મોંઘાદાટ કપડાં જ પહેરે છે. તેમાં પણ ખાસ તો અંબાણી પરિવારના લગ્ન પ્રસંગો હોય કે અન્ય કોઈ મોટી ઈવેન્ટ, તેમાં સેલેબ્રિટીએ પહેરેલાં કપડાં અનેક પ્લેટફોર્મ્સ પર ખાસ ચર્ચામાં રહે છે. હાલ ગણેશ ઉત્સવનો માહોલ ચાલી રહ્યો છે, ત્યારે આ વીકેન્ડમાં ઘણા સેલેબ્સ અંબાણી પરિવાર દ્વારા આયોજિત ગણેશપૂજામાં સામેલ થયા હતા. તેમાં બધાના રંગબેરંગી કપડાં વચ્ચે સારા અલી ખાનના મલ્ટી કલરની બ્રોકેડવાળા ચણિયાચોળીએ ખાસ ચર્ચા જગાવી છે. ડિઝાઈન કરેલાં તેના લહેંગા ચોલી વર્ષોથી એકઠી કરેલી બ્રોકેડની વિન્ટેજ સાડીઓમાંથી તૈયાર કરવામાં આવ્યા હતા. તેની સાથે તેણે ટીશ્યુનો દુપટ્ટો પહેર્યો હતો. આ ડ્રેસમાં તે બહુ સુંદર અને જાજરમાન લાગતી હતી. આ ચણિયાચોળી જૂના કપડાં અને હસ્તકળાનો એક સુંદર નમુનો હતો.

તેના આ લહેંગામાં પર્પલ, ગ્રીન, પિંક, ગોલ્ડન અને રેડ વિન્ટેજ બ્રોકેડની એન્બ્રોડરીવાળી સાડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં ગ્રીન અને પર્પલ કલરની એક નાની બોર્ડર હતી જે ચણિયાને વધુ સુંદર બનાવતી હતી. આ જ શેડમાં તેનું બ્લાઉઝ પણ બનાવવામાં આવ્યું હતું. તેના ગોલ્ડન ટીશ્યુ દુપટ્ટા પર બારીક ગોલ્ડન ઝરદોસી એમ્બ્રોઈડરી કરવામાં આવી હતી. જેની નેચરલ ચમક વધુ ઉઠાવ આપતી હતી.

તેના લહેંગાને વધુ મહત્વ આપવા માટે સારાએ બહુ ડેલિકેટ ગોલ્ડન જ્વેલરી પહેરી હતી. જેમાં તેણે નાનું ચોકર નેકલેસ અને ઝૂમકાં પહેર્યા હતા. જે તેના લહેંગાની ગોલ્ડન એમ્બ્રોઈડરીમાં વધુ મેચ થતાં હતાં. સાથે જ તેણે મેક અપ પણ ઘણો ઓછો રાખ્યો હતો. તેણે નો મેકઅપ નેચરલ લૂક અપનાવ્યો હતો. તેથી લિપસ્ટિક પણ ન્યૂડ શેડની જ કરી હતી. સાથે હેરસ્ટાઈલમાં પણ કોઈ હેવી બન કે કશું કર્યા વિના દક્ષ નિધિ દ્વારા તેના વાળમાં થોડું ટેક્સ્ચર આપીને તેની હાફ પોની કરવામાં આવી હતી .




# શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની 'સ્ત્રી 2' ઓટીટી પર રજૂ થવાની અટકળો

શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની 'સ્ત્રી 2' ચોથા અઠવાડિયે પણ બૉક્સ-ઑફિસ પર ધમાલ મચાવી રહી છે ત્યારે એવું જાણવા મળ્યું છે કે આ ફિલ્મ ૨૭ સપ્ટેમ્બરથી ઓવર ધ ટૉપ (OTT) પ્લૅટફૉર્મ પ્રાઈમ વિડિયો પર જોવા મળે એવી અટકળો વહેતી થઈ છે..

કેમ કે થિયેટરોમાં હજી આ ફિલ્મનો જાદુ ઓસર્યો નથી. અને હજુ સારી એવી કમાણી કરી છે ત્યારે જો ઓટીટી પર રજૂ થાય તો થિયેટરમાં આ ફિલ્મ જોવાનો રોમાંચ ઘટી શકે છે. આ ફિલ્મે શનિવારે ગણેશોત્સવનો આરંભ થયો હોવા છતાં શુક્રવારની સરખામણીમાં ૮૧.૨૦ ટકા વધુ બિઝનેસ કર્યો હતો. શુક્રવારે 'સ્ત્રી 2'એ ૪.૮૪ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો એની સામે શનિવારે ૮.૭૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. રવિવારે એમાં હજી વધારો થયો હતો અને ૧૧.૪૦ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી..

અત્યાર સુધીમાં 500 કરોડ રૂપિયાનો બિઝનેસ કરીને 'સ્ત્રી 2' હવે 'જવાન', 'ગદર 2', 'પઠાન', હિન્દી 'બાહુબલી 2' અને 'ઍનિમલ'ની કક્ષામાં આવી ગઈ છે. આ ઉપરાંત 'સ્ત્રી 2'એ હિન્દી 'બાહુબલી 2'એ ૭ વર્ષ પહેલાં રચેલો ત્રીજા વીક-એન્ડના કલેક્શનનો રેકૉર્ડ પણ તોડી નાખ્યો છે. હિન્દી 'બાહુબલી 2'એ ત્રીજા વીક-એન્ડમાં ૪૨.૫૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે 'સ્ત્રી 2'એ ત્રીજા વીક-એન્ડમાં ૪૮.૭૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.

'સ્ત્રી 2'ની સફળતાને પગલે બૉક્સ-ઑફિસ ક્વીન બની ગયેલી શ્રદ્ધા કપૂરે ૨૦૧૩ની ફિલ્મ 'કાઈપો છે' માટે ઑડિશન આપેલું, પણ એમાં તે નાપાસ થઈ હતી. સુશાંત સિંહ રાજપૂત, રાજકુમાર રાવ, અમિત સાધને ચમકાવતી આ ફિલ્મમાં હિરોઈનનો રોલ અમ્રિતા પુરીને મળ્યો હતો. આ ફિલ્મ માટે રિજેક્ટ થઈ એ પહેલાં શ્રદ્ધા ૨૦૧૦ની તેની પહેલીવહેલી ફિલ્મ 'તીન પત્તી' અને 'લવ કા ધી એન્ડ'માં ચમકી ચૂકી હતી, પણ આ બન્ને ફિલ્મો ફ્લૉપ ગઈ હતી......

# જ્યારે એક મમ્મી સ્ટ્રોંગ હોય ત્યારે દીકરી ચોક્કસપણે સ્ટ્રોંગ હોય જ છે.....





પેરિસ ઑલિમ્પિક્સમાં શૂટિંગમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર મનુ ભાકરને 'કૌન બનેગા કરોડપતિ'માં આમંત્રિત કરવામાં આવી હતી. 'જીત કા જશ્ન' નામના આ એપિસોડમાં મનુની સાથે અમન સેહરાવત પણ હતી, જેણે રેસલિંગમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો.

આ શોમાં અમિતાભ બચ્ચન સામે હૉટ સીટ પર બેસીને મનુએ કહ્યું હતું કે 'મારી મમ્મી મારી સૌથી મોટી પ્રેરણા છે. તેણે હંમેશાં ઍથ્લીટ બનવાનું સપનું જોયું હતું, પણ એ સપનું સાકાર કરવા માટેના રિસોર્સિસ અને સપોર્ટ તેની પાસે નહોતા. એક ઍથ્લીટ તરીકે તે કયા સ્તર સુધી પહોંચી શકે એની જોકે મમ્મીને કલ્પના નહોતી, પણ તે સ્પોર્ટ્સમાં બહુ સારી હતી.

તેણે હંમેશાં મારા રસના વિષયોમાં આગળ વધવાની મને સ્વતંત્રતા આપી હતી. મને ક્યારેક ડર લાગતો ત્યારે પણ તે મને એમ કહીને મોટિવેટ કરતી કે ચિંતા નહીં કર, બસ રમ્યા કર. એક રીતે આજે હું જ્યાં છું ત્યાં મને પહોંચતી જોવાનું તેનું પણ સપનું હતું. તેનો જબરદસ્ત સપોર્ટ મારા માટે પ્રેરણારૂપ રહ્યો છે. હું માનું છું કે જ્યારે એક મમ્મી સ્ટ્રૉન્ગ હોય છે ત્યારે દીકરી ચોક્કસપણે સ્ટ્રૉન્ગ હોય છે.'

# "યુપી બિહાર હિલે" ગીત... રિલીઝ થતાંની સાથે જ ચાહકોમાં ધૂમ મચાવી રહ્યું છે...



ભોજપુરી ઈન્ડસ્ટ્રીમાં પોતાના રેકોર્ડ બ્રેક ગીતો પર બધાને ડાન્સ કરનાર સમર સિંહનું નવું ગીત 'યુપી બિહાર હિલે' રિલીઝ કરવામાં આવ્યું છે. જ્યાં પ્રખ્યાત સિંગર શિલ્પી સિંહ પણ તેની સાથે પોતાનો અવાજ મિક્સ કરતી જોવા મળી હતી.

આ બંનેની ફેન ફોલોઈંગ જબરદસ્ત છે.સમર સિંહના ઘણા ગીતો એવા છે જેને યુટ્યુબ પર 100 મિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા છે. તેના એક ગીતે 400 મિલિયન વ્યુઝને પાર કરી લીધું છે, જે કોઈપણ ગાયક માટે મોટી વાત માનવામાં આવે છે. હવે તેનું નવું ગીત 'યુપી બિહાર હિલે' પણ લોકોને ડાન્સ કરવા મજબૂર કરી રહ્યું છે.

યુપી બિહાર હિલે ગીત.... રિલીઝ થતાની સાથે જ લોકોમાં ધૂમ મચાવી રહ્યું છે. આ ગીતમાં સમર સિંહ અભિનેત્રી સપના ચૌહાણ સાથે ડાન્સ કરતો જોવા મળ્યો હતો. ગીતની શરૂઆતમાં બંને પોતાની શાનદાર કેમેસ્ટ્રી બતાવીને દર્શકોને પ્રભાવિત કરી રહ્યા છે. વીડિયોમાં જ્યારે સમર અદભૂત દેખાઈ રહ્યો છે, ત્યારે સપના તેના અભિનયનો જાદુ ફેલાવતી જોવા મળી હતી.

સમર સિંહ પણ આ ગીતને લઈને ઉત્સાહિત છે. તેણે કહ્યું, 'આ એક ધમાકેદાર ગીત છે જેને અમે દિલથી તૈયાર કર્યું છે. શિલ્પી રાજ સાથે કામ કરવાનો અનુભવ હંમેશા સારો રહે છે. અમે આશા રાખીએ છીએ કે પ્રેક્ષકોને આ ગીત એટલું જ ગમશે જેટલું અમને તેને બનાવવામાં આવ્યું હતું.

આ ગીતની ટ્યુન અને ડાન્સ સ્ટેપ્સ દરેકને ડાન્સ કરી દેશે.સિંગર શિલ્પી રાજે પણ ગીત વિશે વાત કરી અને કહ્યું, 'આ એક દમદાર અને મજેદાર ગીત છે, જેને અમે ખૂબ જ ઉત્સાહથી રેકોર્ડ કર્યું છે. આ ગીતની બીટ્સ દરેકને ડાન્સ ફ્લોર પર લઈ જશે.

અમને પૂરી આશા છે કે આ ગીત દર્શકોના દિલમાં જગ્યા બનાવશે અને લોકો તેને ખૂબ પસંદ કરશે.અભિનેત્રી સપના ચૌહાણે કહ્યું- 'ગીતમાં પર્ફોર્મ કરવું ખૂબ જ મજેદાર અનુભવ હતો. 'યુપી બિહાર હિલે'નું મ્યુઝિક અને એનર્જી એટલી જબરદસ્ત છે કે દરેકને ડાન્સ કરવા પર મજબૂર થઈ જશે

.સમર સિંહ અને શિલ્પી રાજ દ્વારા ગાયેલા આ ગીતના લિરિક્સ વિકી રોશને લખ્યા છે. સંગીત રોશન સિંહે આપ્યું છે. આ ગીત સમર મોદીએ કમ્પોઝ કર્યું છે અને વિડિયો આશિષ સત્યાર્થીએ ડિરેક્ટ કર્યો છે. આ ગીતની કોરિયોગ્રાફી અનુજ મૌર્ય દ્વારા કરવામાં આવી છે. તેને ભૂમિ પ્રોડક્શન્સની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર રિલીઝ કરવામાં આવી છે.

# બોમન ઇરાનીની "ધ મહેતા બોયઝ" 15મી CSAFF ફેસ્ટીવલમાં દર્શાવાશે



પ્રાઈમ વિડિયોએ તેની અત્યંત અપેક્ષિત અસલ મૂવી 'ધ મહેતા બોયઝ'ના વિશિષ્ટ વર્લ્ડ પ્રીમિયરની જાહેરાત કરી છે. આ ફિલ્મ 15માં શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલ (CSAFF)માં 19 અને 22 સપ્ટેમ્બર 2024 વચ્ચે બતાવવામાં આવશે.

આ ફિલ્મ 20 સપ્ટેમ્બરે ફેસ્ટિવલની શરૂઆતની રાત્રે બતાવવામાં આવશે. ઈરાની મૂવીટોન એલએલપી અને ચૉકબોર્ડ એન્ટરટેઈનમેન્ટ એલએલપી દ્વારા નિર્મિત અને બોમન ઈરાની, દાનેશ ઈરાની, વિકેશ ભૂટાની અને શુજાત સૌદાગર દ્વારા નિર્મિત, "ધ મહેતા બોયઝ" બોમન ઈરાની દ્વારા નિર્દેશિત છે. પટકથા ઈરાની અને એલેક્ઝાન્ડર ડીનેલેરિસ જુનિયર દ્વારા લખવામાં આવી છે, જેમણે ફિલ્મ "બર્ડમેન" માટે શ્રેષ્ઠ મૂળ પટકથાનો ઓસ્કાર જીત્યો હતો. આ ફિલ્મમાં બોમન ઈરાની, અવિનાશ તિવારી, શ્રેયા ચૌધરી અને પૂજા સરૂપ જેવા ખૂબ જ પ્રતિભાશાળી કલાકારો છે.

"ધ મહેતા બોયઝ" એક પિતા અને પુત્રીની વાર્તા છે જેમના મતભેદ છે. પરંતુ તેઓને 48 કલાક સાથે વિતાવવાની ફરજ પડી છે. આ ફિલ્મ તેમની મુશ્કેલ સફર બતાવે છે અને પિતા-પુત્રના સંબંધોમાં વારંવાર રહેતી મૂંઝવણ પર પણ ઊંડાણપૂર્વક નજર નાખે છે.

20 સપ્ટેમ્બરે સ્ક્રિનિંગ પછી, જાણીતા અભિનેતા, લેખક, દિગ્દર્શક અને નિર્માતા બોમન ઈરાની, લેખક એલેક્ઝાન્ડર ડિનેલેરિસ જુનિયર, અભિનેતા અવિનાશ તિવારી અને શ્રેયા ચૌધરી અને નિર્માતા દાનેશ ઈરાની અને અંકિતા બત્રા સાથે ચર્ચા થશે. બીજા દિવસે, 21 સપ્ટેમ્બરે, બોમન ઈરાની અને એલેક્ઝાંડર ડીનેલેરીસ જુનિયર "ધ મહેતા બોયઝ" ની લેખન પ્રક્રિયા પર માસ્ટર ક્લાસ આપશે.

આ વર્ષે, શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલ દક્ષિણ એશિયાના ફિલ્મ નિર્માતાઓની પ્રતિભા અને સર્જનાત્મકતાને પ્રદર્શિત કરવાના 15 વર્ષની ઉજવણી કરી રહ્યો છે. તેની શરૂઆતથી, ફેસ્ટિવલે પ્રતિભાશાળી વ્યક્તિઓને તેમની અનન્ય વાર્તાઓ અને વિચારો શિકાગોના પ્રેક્ષકો સાથે શેર કરવાની તક પૂરી પાડી છે. વિવિધ ફિલ્મો દ્વારા, CSAFF દક્ષિણ એશિયન સિનેમાની વિવિધતા અને વિશ્વભરના ફિલ્મ ઉદ્યોગો પર તેની અસર દર્શાવે છે.

# આશાતાઇ 91 વર્ષે પણ યુવા હૈયું હોય તેમ ગાયકીમાં જાન રેડે છે..ચુરા લિયા હૈ તુમને જો...


8 સપ્ટેમ્બર 1933માં જન્મેલી જાણીતી ગાયિકા આશા ભોંસલે 91 વર્ષની થઈ....આ ઉંમરે પણ તેની શીખવાની ઉત્સુકતા અંગેના પ્રશ્ન પર તેણે કહ્યું, 'આ દિવસોમાં યુવાન દેખાવા માટે હું કંઈ કરતી નથી. જે લોકો અંદરથી ખુશ અને હકારાત્મક હોય છે તેઓનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ સારો હોય છે. હું સકારાત્મક રહું છું, હું શીખું છું... આ બધું ભગવાનમાંના મારા અતૂટ વિશ્વાસને કારણે થાય છે.' એક વાતચીતમાં આશાએ કહ્યું કે તેનો અવાજ તેની મોટી બહેન લતા મંગેશકર જેવો જ હતો, પરંતુ તેનો (આશા)નો અવાજ હંમેશા સરખો હતો. મારી પોતાની ઓળખ બનાવવા માંગતી હતી.

ચુરા લિયા હૈ તુમને જો દિલ કો..'પિયા તુ અબ તો આજા..', 'તોરા મન દર્પણ કહેલાયે..', 'મેરા કુછ સામાન...', અને 'લે ગઈ લે ગઈ દિલ લે ગઈ ગઈ ' જેવા તેના વિવિધ ગીતો માટે જાણીતી આશાએ કહ્યું, 'એકને પડકારોનો સામનો કરવો પડે છે. વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનને અલગ રાખવું જોઈએ. એક કલાકાર તરીકે તમારે ગીતમાં લાગણીઓ અનુસાર બદલાવ લાવવો જોઈએ. આ જ કારણ છે કે દીદી અને મેં આટલા વર્ષો સુધી પ્લેબેક સિંગિંગમાં અમારું સ્થાન જાળવી રાખ્યું. દીદીએ તેની શરૂઆત કરી અને પછી હું ગાયનક્ષેત્રમાં આવી,....

આશાએ તેના સંગીતકાર-પતિ આરડી બર્મન વિશે પણ વાત કરી, જેને પ્રેમથી પંચમ તરીકે ઓળખવામાં આવે છે. આશાએ કહ્યું, 'એકવાર મેં તેમને મને એક સાદું ગીત આપવાનું કહ્યું, તો તેણે કહ્યું, કોઈ પણ સાદું ગીત ગાઈ શકે છે, પરંતુ તમારા જેવું કોઈ નથી. જો તમે આ ગીતો નહીં ગાશો તો હું તેમને કંપોઝ કરવાનું બંધ કરી દઈશ.' પંચમનું દરેક ગીત મારા માટે એક પડકાર હતું. તે ગાયકનું મન વાંચતો હતો. પીઢ ગાયિકાએ કહ્યું કે તેને 1981ની ક્લાસિક ફિલ્મ 'ઉમરાવ જાન' માટે ગીત ગાવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તેણે ફિલ્મના તમામ ગીતોને પોતાનો અવાજ આપ્યો હતો. મુઝફ્ફર અલી દ્વારા દિગ્દર્શિત અને રેખા અભિનીત આ ફિલ્મ માટે ભોંસલેને શ્રેષ્ઠ પ્લેબેક સિંગરનો પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. તેણે 'દિલ ચીઝ ક્યા હૈ', 'ઈન આંખો કી મસ્તી કે', 'યે ક્યા જગહ હૈ ફ્રેન્ડ્સ' અને 'જસ્ટજુ જીસી થી' જેવા ગીતો ગાયા. આશાએ કહ્યું, 'આ માત્ર નસીબ છે કે બધા ગીતો હિટ થયા....



# 'દેવરા પાર્ટ 1' ટ્રેલર જોયા બાદ આખી ફિલ્મ જોવા દર્શકો આતુર...બેતાબ..




સાઉથ સુપરસ્ટાર જુનિયર એનટીઆર સ્ટારર માસ એક્શન ડ્રામા ફિલ્મ 'દેવરા પાર્ટ 1'ના ટ્રેલરની રાહ પૂરી થઈ ગઈ છે. 'દેવરા પાર્ટ 1'નું ટ્રેલર 10મી સપ્ટેમ્બરે તેના નિર્ધારિત સમય અને તારીખે રિલીઝ કરવામાં આવ્યું છે. જુનિયર એનટીઆરના ચાહકો 'દેવરા પાર્ટ 1'ના ટ્રેલરની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, જે હવે સમાપ્ત થઈ ગયું છે. 'દેવરા પાર્ટ 1'ના પહેલા ટીઝર અને પોસ્ટરે ફિલ્મમાં ચાહકોની રુચિ વધારી દીધી હતી, પરંતુ ટ્રેલર જોયા બાદ 27 સપ્ટેમ્બર સુધીની રાહ ચાહકો માટે મુશ્કેલ સાબિત થઈ શકે છે....

'દેવરા પાર્ટ 1' એક માસ ડ્રામા એક્શન ફિલ્મ છે. આમાં જુનિયર એનટીઆર ડબલ રોલમાં છે. ટ્રેલરમાં જુનિયર એનટીઆરના બે અવતાર પણ જોવા મળે છે. પ્રથમ અવતારમાં, તે પિતાની ભૂમિકામાં નીડર, બહાદુર અને હિંમતવાન તરીકે જોવામાં આવે છે, જે સૈફ અલી ખાન સાથે તેના પોતાના મહાસાગરમાં યુદ્ધ લડતો જોવા મળે છે. જ્યારે બીજા અવતારમાં તે સામાન્ય માણસની જેમ સામાન્ય અને ડરપોક દેખાય છે. ટ્રેલર જણાવે છે કે દેવરા (જુનિયર એનટીઆર) અને ભૈરા (સૈફ અલી ખાન) સમુદ્રને પકડવા માટે એકબીજાના લોહીના તરસ્યા બની ગયા છે.

ફિલ્મ 'દેવરા પાર્ટ 1'માં સૈફ અલી ખાનને વિલન ભૈરા તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે અને તે ફિલ્મમાં જુનિયર એનટીઆર સાથે સ્પર્ધા કરતો જોવા મળશે. જ્યારે બોલિવૂડ અભિનેત્રી જ્હાન્વી કપૂર જુનિયર એનટીઆર સાથે રોમાન્સ કરતી જોવા મળશે.

'દેવરા પાર્ટ 1'નું નિર્માણ શિવ કોરાટાલા દ્વારા કરવામાં આવ્યું છે. યુવસુધા આર્ટસે ફિલ્મનું નિર્માણ કર્યું છે. આ ફિલ્મ 27 સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે. અગાઉ આ ફિલ્મ દશેરાના અવસર પર રિલીઝ થવાની હતી. જણાવી દઈએ કે, જૂનિયર એનટીઆર વર્ષ 2022માં રિલીઝ થયેલી મેગા-બ્લોકબસ્ટર ફિલ્મ RRRમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મના ગીત નાટુ-નાટુએ બેસ્ટ ઓરિજિનલ સોંગ કેટેગરીમાં ઓસ્કાર જીત્યો હતો. તે જ સમયે, જુનિયર એનટીઆરના ચાહકોમાં ઉત્તેજનાનું સ્તર ઊંચું છે કારણ કે તે બે વર્ષ પછી સ્ક્રીન પર આવી રહ્યો છે.

# જ્યારે શાહરૂખે કરણની મજાક ઉડાવતા કહ્યું- અરે..કભી પિક્ચરેં ભી તો બના મેરે ભાઈ..!




શાહરૂખ અને કરણ, જેઓ ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી (IIFA) એવોર્ડ્સ 2024 હોસ્ટ કરવા માટે તૈયાર છે, તેમણે "કુછ કુછ હોતા હૈ", "કભી ખુશી કભી ગમ...", "માય નેમ ઈઝ ખાન" અને "કભી અલવિદા ના કહેના". જેવી ઘણી હિટ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. IIFA એવોર્ડ્સની પ્રેસ કોન્ફરન્સમાં, શાહરૂખે દિગ્દર્શકના મોરચે ઓછા સક્રિય હોવા બદલ કરણની ખૂબ મજાક ઉડાવી હતી...

તે ચેટ શો, ફિલ્મ શો હોસ્ટ કરે છે. પિક્ચરેં ભી તો બના મેરે ભાઈ (તમે ક્યારે ફિલ્મો બનાવવાના છો, મારા ભાઈ?)" સુપરસ્ટારે ફિલ્મ નિર્માતા તરફથી હાસ્ય ઉડાવતા કહ્યું. કરણ, જેનું છેલ્લું દિગ્દર્શન 2023માં "રોકી ઔર રાની કી પ્રેમ કહાની" હતું, તેણે સ્વીકાર્યું કે શાહરૂખ સાચો હતો.


લોકપ્રિય સેલિબ્રિટી ચેટ શો "કોફી વિથ કરણ" ને પણ હોસ્ટ કરતા ફિલ્મ નિર્માતાએ કહ્યું, "ફિલ્મ નિર્માતા માટે આ ઘણા સ્તરો પર ખૂબ ખોટું લાગે છે. કે મારે ફિલ્મો બનાવવી જોઈએ. (પરંતુ) મારે તે જ કરવું જોઈએ." " આઈફા એવોર્ડ્સ, ત્રણ દિવસીય એવોર્ડ ગાલા, યાસ આઈલેન્ડ, અબુ ધાબી ખાતે સતત ત્રીજા વર્ષે પરત આવે છે અને 27 થી 29 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.

અભિનેતા વિકી કૌશલ હોસ્ટ તરીકે સ્ટેજ પર શાહરૂખ અને કરણ સાથે જોડાશે. પીઢ અભિનેતા રેખા અને શાહિદ કપૂર, જાહ્નવી કપૂર અને કૃતિ સેનન જેવા સ્ટાર્સ દ્વારા પણ પરફોર્મન્સ આપવામાં આવશે. "વિકી અને કરણ અને તમામ અદ્ભુત પ્રતિભાઓ સાથે આ શોને હોસ્ટ કરવાનો મને ખૂબ જ વિશેષાધિકાર છે.

આજે સાંજે અમારામાંથી કેટલાક અહીં હાજર છે. અને અલબત્ત, ત્યાં શાનદાર પર્ફોર્મન્સ થવાનું છે. ત્યાં શાહિદ હશે, વિકી, જાહ્નવી, કૃતિ અને અલબત્ત, તે બધામાં સૌથી અદ્ભુત સ્ટાર, રેખા જી, પણ છે" શાહરૂખે કહ્યું. "પઠાણ" સ્ટાર, જે લગભગ એક દાયકા પછી હોસ્ટ તરીકે IIFA સ્ટેજ પર પરત ફરી રહ્યો છે, તેણે કહ્યું કે તે એવોર્ડ શોની તમામ આવૃત્તિઓ રજૂ કરવા માંગે છે પરંતુ તારીખો મેળ ખાતી નથી.....

# ચાર્મિંગ રકુલસિંહની વ્યથા- મારે આર્મીમાં જવુ હતું ....પણ શું કરૂ....અહીં આવી ગઇ...

બોલિવૂડ અભિનેત્રી રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની બી-ટાઉનના પાવર કપલ્સમાંથી એક છે. ચાહકો તેમની જોડીને ખૂબ પસંદ કરે છે. એક્ટ્રેસ પોતાની પ્રોફેશનલ લાઈફ સિવાય તેની પર્સનલ લાઈફને લઈને પણ ઘણી ચર્ચામાં રહે છે. રકુલ પ્રીત સિંહે હાલમાં જ નેપોટિઝમની ચર્ચા વિશે પોતાનો અભિપ્રાય શેર કર્યો છે અને કહ્યું છે કે આ કારણે તેણે કેટલાક પ્રોજેક્ટ્સ પણ ગુમાવ્યા છે. રકુલ પ્રીત સિંહે 2014 માં આવેલી ફિલ્મ યારિયાંથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે દે દે પ્યાર દે, રનવે 34, ડોક્ટર જી, થેંક ગોડ અને છત્રીવાલી જેવી હિન્દી ફિલ્મોમાં કામ કર્યું છે. રકુલ હવે અજય દેવગન અને આર માધવન સાથે દે દે પ્યાર દે 2ની તૈયારી કરી રહી છે. રણવીર શોમાં રકુલ પ્રીત સિંહે નેપોટિઝમ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો અને સ્વીકાર્યું કે તેણે ફિલ્મો ગુમાવી દીધી છે. રકુલે યાદ કર્યું કે જ્યારે તે આર્મીમાં જોડાવા માંગતી હતી ત્યારે તેના પિતા તેનો અનુભવ શેર કરતા હતા. રકુલ કહે છે કે 'મારે આર્મીમાં જોડાવું હતું, મારા પિતા તેમના અનુભવો મારી સાથે શેર કરતા હતા.



# ખતરોં કે ખિલાડી-14 રિયાલિટી શોનું ગ્રાન્ડ ફિનાલે ઓક્ટોબરમાં પ્રસારિત




ખતરોં કે ખિલાડી 14 સ્ટંટ-આધારિત રિયાલિટી શો વિવાદોને કારણે પ્રસારિત થાય તે પહેલાં જ ચર્ચામાં રહેલ શો છે. પરંતુ રોહિત શેટ્ટીની આગેવાની હેઠળના શોએ દર્શકોને નિરાશ કર્યા ન હતા અને પ્રસારિત થયા બાદ ચાર્ટમાં ટોપ પર રહેલ છે. હવે, શો પૂરો થવાનો સમય આવી ગયો છે.

ખતરોં કે ખિલાડી 14 ગ્રાન્ડ ફિનાલે તારીખ અંગે જોઇએ તો, એક રિપોર્ટ મુજબ રોહિત શેટ્ટીનો શો સપ્ટેમ્બરના મધ્યમાં ગ્રાન્ડ ફિનાલે શૂટ કરશે. 27 જુલાઈથી શરૂ થયેલો આ શો ઓક્ટોબરમાં ફિનાલે એપિસોડનું પ્રસારણ કરશે. જો કે, આ અંગે કોઈ સત્તાવાર સમર્થન નથી.

ખતરોં કે ખિલાડી 14ની શરૂઆત શિલ્પા શિંદે, અભિષેક કુમાર, નિયતિ ફતનાની, નિમ્રિત કૌર આહલુવાલિયા, શાલિન ભનોટ, ક્રિષ્ના શ્રોફ, સુમોના ચક્રવર્તી, ગશ્મીર મહાજાની, આશિષ મેહરોત્રા, અદિતિ શર્મા, અસીમ રિયાઝ અને મેહરા સાથે થઈ હતી. જણાવી દઈએ કે આસિમ રિયાઝને રોહિત શેટ્ટીએ તેના ખરાબ વર્તન માટે શોમાંથી બહાર કરવામાં આવ્યો હતો. તે વોટર સ્ટંટ કરવામાં નિષ્ફળ ગયો હતો, અભિષેક કુમાર સાથે ઝઘડ્યો અને પછી હોસ્ટ સાથે દલીલ કરી હતી. તેણે નિર્માતાઓ પર એવા સ્ટંટ પ્લાન કરવાનો આરોપ મૂક્યો કે જે કરવાનું અશક્ય હતું. તેણે આગળ કહ્યું કે જો ટીમમાંથી કોઈ કેમેરા સામે સ્ટંટ કરી શકે તો તે શો માટે કોઈ પૈસા લેશે નહીં.

### સમયાંતરે ટ્રાફિકમાં થતા વધારા અને મોંઘા પરિવહન સામે મેટ્રો વિશ્વસનીય વિકલ્પ બની રહેશે

# સુવિધામાં વધારો : 16મીએ પીએમના હસ્તે અમદાવાદથી ગાંધીનગર મેટ્રોનો શુભારંભ

**■ કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ સુવિધા મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે**

ગુજરાત | વંદન

હવે અમદાવાદ અને ગાંધીનગર મેટ્રો ટ્રેનથી કનેક્ટ થવા જઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રોના બીજા ફેઝનો 16 સપ્ટેમ્બરે શુભારંભ થશે. મેટ્રો ફેઝ-3 મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-1 સુધી કનેક્ટ થશે. મેટ્રો ફેઝ-3નો એક કોરિડોર ગિફ્ટ સિટી, ગાંધીનગર અને અમદાવાદને જોડશે. એપીએમસી (વાસણા)થી ગાંધીનગર સેક્ટર 1 સુધીની મેટ્રો યાત્રામાં 33.5 કિ.મી અંતર 65 મિનિટમાં કપાશે અને ભાડું માત્ર 35 છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન શરૂ થતા લોકોનો સમય અને બળતણ બચશે. પર્યાવરણ શુદ્ધ કરવામાં પણ મદદ મળશે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના ત્રીજા તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ ફેઝ 21 કિલોમીટરનો છે, જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર 16, સેક્ટર 24 અને મહાત્મા મંદિર સુધી જશે.

આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર 1ના વિસ્તારને આવરી લેવાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો 16 સપ્ટેમ્બરે સેક્ટર-1થી શુભારંભ કરવામાં આવશે. મેટ્રો રેલવેનો ત્રીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે.

મેટ્રો રેલના વિસ્તરણનું એક મહત્વનું પાસું સમય અને ખર્ચની બચત છે. સમયાંતરે ટ્રાફિકમાં થતા વધારા અને મોંઘા પરિહવન સામે મેટ્રો એક વાજબી અને વિશ્વસનીય પરિવહન વિકલ્પ બની રહેશે. એક ઉદાહરણથી સમજીએ તો,

**મેટ્રો પ્રોજેક્ટમાં કેટલો ખર્ચ થયો....**



મેટ્રોના ફેઝ-3 પ્રોજેક્ટનો કુલ ખર્ચ 5,384 કરોડ છે, જેમાં AFD અને KfW જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફન્ડીંગ લેવામાં આવ્યું છે. આ નાણાકીય જોગવાઈ નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સ્થાનિક આર્થિક વિકાસને વેગ આપવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**મેટ્રોથી પર્યાવરણને પણ ફાયદો**



મેટ્રોના લીધે વાહનોમાંથી થતા ઉત્સર્જનમાં ઘટાડો લાવવામાં મદદ મળે છે. શહેરોમાં થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે, મેટ્રોનું આ વિસ્તરણ પર્યાવરણ અને આર્થિક વિકાસ માટે એક દૂરંદેશી ઉપાય બની રહેશે.

**આર્થિક અને સામાજિક પ્રભાવ**

મેટ્રોના નવા સ્ટેશન શરૂ થવાથી, સ્થાનિક વિસ્તારમાં મોટાપાયે આર્થિક અને સામાજિક ફાયદા જોવા મળશે. ખાસ કરીને ગિફ્ટ સિટી અને ઈન્ફોસિટી જેવા વ્યાવસાયિક કેન્દ્રોના વિસ્તરણથી, આ વિસ્તારમાં કામ કરતા વ્યવસાયિકો અને કર્મચારીઓને હવે ઝડપી અને સુવિધાસભર પરિવહન સેવા મળશે, જેનાથી ઉત્પાદકતા વધશે અને સ્થાનિક ઉદ્યોગોના વિકાસને વેગ મળશે.

એપીએમસી(વાસણા)થી ગાંધીનગર સેક્ટર-1 સુધીની 33.5 કિ.મીની મેટ્રો યાત્રા માત્ર 65 મિનિટમાં પૂર્ણ થાય છે જેનો

...અનુસંધાન પાના નં.06 પર



# મહાનગરોને કનેક્ટ કરવા માટે 20 નવી વોલ્વો બસોને મંત્રીએ પ્રસ્થાન કરાવી

**■ બસમાં આગ લાગે તો અંદર બનાવેલી ટાંકીમાંથી તરત જ પાણીનો છંટકાવ થશે**

ગુજરાત | વંદન

રાજ્યના મહાનગરોને એકબીજા સાથે કનેક્ટ કરવા માટે 20 નવીન હાઈટેક વોલ્વો બસોને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ અધતન ટેક્નોલોજી યુક્ત 20 નવીન હાઈટેક બસો આજથી ગુજરાતના નાગરિકો માટે કાર્યરત રહેશે. જેમાં અમદાવાદ નેહરૂનગરથી સુરત માટે આઠ બસો, અમદાવાદ નેહરુનગરથી વડોદરા ખાતે આઠ બસો તેમજ અમદાવાદથી રાજકોટ માટે ચાર બસોનું સંચાલન નાગરિકો માટે શરૂ કરવામાં આવ્યું હતું.

વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નવીન બસમાં સુરક્ષા અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ બસ દેશની પ્રથમ સૌથી સુરક્ષિત બસ છે, આ બસમાં, એરફોર્સના એરક્રાફ્ટ અને નેવીની સબમરીનમાં જે પ્રકારની ફાયર સેફ્ટીની સુવિધા હોય છે તેવા પ્રકારની ફાયરસેફ્ટીની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ફાયર ડીટેકશન અને અલાર્મ, ફાયર ડીટેકશન અને સપ્રેશન અને ફાયર ડીટેકશન અને પ્રોટેક્શનનો સમાવેશ થાય છે. બસમાં કોઈ પણ કારણસર આગની દુર્ઘટના અથવા ધુમાડો ઉત્પન્ન થાય ત્યારે નાઈટ્રોજન ગેસ અને ૨૫૦ લીટરની પાણીની બે ટેન્કો દ્વારા બસની અંદર સ્પ્રિંકલર ટેક્નોલોજીની મદદથી પાણીનો છંટકાવ થશે અને નાગરિકો સુરક્ષિત બહાર આવી શકશે.

આ બસોમાં મહિલાઓની સુરક્ષાને ધ્યાને રાખીને એક ઈમરજન્સી બટન આપવામાં આવ્યું છે. યાત્રા દરમિયાન મહિલાઓ સાથે કોઈ બનાવ બને ત્યારે મહિલાઓ દ્વારા આ બટન દબાવવાથી નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ થશે અને ગુનેગારને પકડવામાં સરળતા રહેશે.

વિવિધ સુવિધાઓથી સજ્જ: આ નવીન બસોમાં નાગરિકો માટે વિશેષ સુવિધાઓ ધ્યાનમાં રાખવામાં આવી છે. જેમાં 47 સીટીંગ કેપેસીટી, 2X2 લેધર અને આરામદાયક પુશબેક સીટ, સી.સી.ટી.વી કેમેરા, મોબાઈલ ચાર્જીંગ ફેસીલીટી, ફાયરસેફ્ટી માટે અધ્યતન સ્પ્રિંકલર સિસ્ટમ, સ્મોક ડિટેક્ટર એલાર્મ, એલ.ઈ.ડી. ટી.વી, એક્ઝોસ્ટ ફેન સાથેના હેચ, ઈમર્જન્સી એક્ઝિટ ડોર વગેરે આધુનિક ટેકનોલોજી સુવિધાઓથી સજ્જ આ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે.

# 17મીથી રાજ્યભરમાં “સરકાર આપને દ્વાર” કાર્યક્રમ સેવા સેતુના 10મા તબક્કાનો પ્રારંભ

**■ વિવિધ વિભાગોની કુલ ૫૫ સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર મળશે**

ગુજરાત | વંદન

રાજ્યમાં નાગરિકોને ઘર આંગણે સરકારી સેવાઓ મળી રહે તે માટે દસમાં તબક્કાના સેવા સેતુનો રાજ્ય વ્યાપી પ્રારંભ થશે. સેવા સેતુના 10માં તબક્કામાં કુલ 55 સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ૯ તબક્કામાં કુલ ૨.૮૯ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ મેળવ્યો છે. સેવા સેતુના ૯ તબક્કામાં અરજી નિકાલનો દર ૯૯.૮૮ ટકા રહ્યો હતો.




રાજ્યમાં આગામી તારીખ ૧૭ સપ્ટેમ્બર થી સેવા સેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો પ્રારંભ થશે. જે આગામી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં પણ મહાનગરપાલિકા દીઠ ૦૨ તથા નગરપાલિકા દીઠ ૦૨ કાર્યક્રમોનું આયોજન કરાશે.

સેવા સેતુના ૧૦માં તબક્કામાં વિશેષ એ રહેશે કે આ વખતે કુલ ૫૫ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે. જેમાં સામાન્ય વહિવટ વિભાગ, નાણા વિભાગ, મહેસૂલ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ જેવા વિવિધ વિભાગોની કુલ ૫૫ સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ મળશે.

મહત્વપૂર્ણ છે કે, અત્યાર સુધીમાં ૯ તબક્કામાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત કુલ ૨.૮૯ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ મેળવ્યો છે. સેવા સેતુ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૨,૮૯,૯૮,૩૪૯ અરજીઓ મળી હતી, જે પૈકી ૨,૮૯,૬૫,૦૬૪ અરજીઓ એટલે કે, ૯૯.૮૮ ટકા અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે.

# અસંતોષ: સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત 11 સભ્યોએ ભાજપમાંથી રાજીનામા આપ્યા

**■ કલોલ નગરપાલિકામાં રિ-ટેન્ડરીંગ મામલે થયેલી મારામારી બાદનું પગલું**

ગુજરાત | વંદન




તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકામાં મારામારી થયા બાદ હવે એને લઈને આજે કલોલ નગરપાલિકામાં ભડકો જોવા મળ્યો છે. એકાએક સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત 11 સભ્યોએ ભાજપના સભ્યપદેથી રાજીનામા આપી દેતાં ખળભળાટ વ્યાપી ગયો છે. તેમણે સ્થાનિક ધારાસભ્ય સામે નારાજગી હોવાનો દાવો કર્યો છે.

ગત 5 તારીખે કલોલ નગરપાલિકામાં રી-ટેન્ડરિંગ મામલે બે જૂથો વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હતી. ભાજપના બે જૂથ સામે સામે આવી ગયા હતા. રોષે ભરાયેલા લોકોમાંથી એક વ્યક્તિએ હદ વટાવીને ટેબલ પર ચઢીને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને લાફો ઝીંકી દીધો હતો.

ગુસ્સે ભરાયેલા ટોળામાંથી એક અન્ય વ્યક્તિએ કોર્પોરેટરના પતિને ઉપરા-છાપરી ત્રણ-ચાર તમાચા માર્યા હતા, ખુરશી માથે ઉપાડીને અધિકારીને મારવાનો પ્રયત્ન પણ કર્યો હતો. અન્ય લોકોએ નારાબાજી કરીને વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ પોલીસે સમગ્ર મામલો થાળે પડ્યો હતો આ માથાકૂટ ઉપર સુધી પહોંચી છતાં નિવેડો ના આવતા આજે રાજીનામાનો દોર શરૂ થયો હતો.

# ભાજપના નેતા દારૂની કારનું પાઈલોટિંગ કરતાં ઝડપાયા, પાર્ટીમાંથી સસ્પેન્ડ




**■ પોલીસે બીયર અને કાર મળી કુલ 4.64 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી**

ગુજરાત | વંદન


ગુજરાતમાં અગાઉની જેમ વધુ એક ભાજપ નેતા દારૂ કેસમાં સંડોવાયા હોવાનું બહાર આવ્યું છે. રાજસ્થાનથી દારૂનો જથ્થો ભરીને ખેડા જિલ્લાના ગળતેશ્વર ખાતે આવેલી કારનું પાઈલોટિંગ કરીને ડેસર તાલુકાના વરસડા ગામમાં આવેલા ખેડા જિલ્લાના ભાજપ યુવા મોરચાના મંત્રી ઈશ્વર મોહનભાઈ પરમાર સહિત ચાર શખ્સોને ડેસર પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે બીયરનો મોટો જથ્થો અને કાર મળી કુલ રૂપિયા 4.64 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ દારૂકાંડ સામે આવ્યા બાદ ઈશ્વર પરમારને ભાજપના તમામ હોદ્દાઓ અને પ્રાથમિક સભ્ય પદેથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જેનો પત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સામે આવ્યો છે.

ગઈરાત્રે પોલીસે વરસડા ક્વોરી આવાસ નજીક મહી નદીના કોતરોમાં જઈને તપાસ કરતાં એક ગ્રે કલરની ખેડા પાસિંગની બલેનો કાર જણાઈ હતી. આ કારમાં ત્રણ શખ્સો જણાતા તેઓની હાજરી અંગે પૂછપરછ કરતાં ત્રણેએ જણાવ્યું હતું કે સફેદ રંગની દારૂ ભરેલી કારનું પાઈલોટિંગ કરીને આવ્યા છે અને મહી નદીના કોતરમાં દારૂ ઉતાર્યો છે તેમજ અમે રૂપિયા લેવા માટે ઊભા છીએ.

પોલીસે ત્રણેને સાથે રાખી કોતરોમાં તપાસ કરતાં 1.42 લાખ કિમતના 1143 બીયરના ટીન મળ્યા હતાં. ત્રણેના નામ પૂછતાં ઈશ્વર મોહનભાઈ પરમાર (રહે.મોર્ડન હાઈસ્કૂલ બાજુમાં, સેવાલીયા, તા.ગળતેશ્વર, જિલ્લો ખેડા), અલ્પેશ રમણભાઈ સોલંકી (રહે.ચોરાવાળું ફળિયું, અગાડી, તા.ગળતેશ્વર) અને મહેશ ઉર્ફે અજય જેણાભાઈ પરમાર (રહે. ઈન્દિરાનગરી, સેવાલીયા) જાણવા મળ્યું હતું.

પોલીસ પૂછપરછમાં રાજસ્થાનના છાપરીયાથી દિપુરાજ નામનો શખ્સ કારમાં દારૂ લઈને ગળતેશ્વર આવ્યો હતો અને અમારો સંપર્ક કરી દારૂ ભરેલી કારનું પાઈલોટિંગ કરીને દારૂનો જથ્થો વરસડા ગામના નવઘણ ભરવાડને આપવા આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બાદમાં નવઘણ ભરવાડની પણ ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી વધુ પૂછપરછ માટે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

# ઉપરવાસમાં ભારે વરસાદથી ધરોઈ ડેમની જળસપાટી 615.22 ફૂટ પહોંચી



**■ ડેમમાંથી 10 શહેરો અને 1 હજાર જેટલા ગામ અને પરાને પીવાનું પાણી અપાય છે**

ગુજરાત | વંદન

હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યભરમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ઉત્તર ગુજરાતમાં ઉપરવાસમાં ભારે વરસાદ પડતા મહેસાણાના ધરોઈ ડેમમાં 4300 ક્યુસેક પાણીની આવક થઈ છે. ધરોઈ ડેમમાં 75.03 ટકા પાણીનો જથ્થો છે. ડેમની ભયજનક સપાટી 622 ફૂટ છે. ત્યારે હાલમાં ધરોઈ ડેમની જળસપાટી 615.22 ફૂટ પહોંચી છે. ધરોઈ ડેમમાંથી મહેસાણા, પાટણ અને બનાસકાંઠામાં પાણી આપવામાં આવે છે. 10 શહેરો અને 1 હજાર જેટલા ગામ અને પરાને પીવાનું પાણી આપવામાં આવે છે. ત્યારે 9 શહેર અને 538 ગામને ડેમમાંથી પાણી પુરૂ પાડવામાં આવે છે.અંબાલાલ પટેલની આગાહી અનુસાર, સપ્ટેમ્બર મહિનામાં ભારે વરસાદી માહોલ જોવા મળશે. બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ સક્રિય થતાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં.પંચમહાલ, દાહોદ, લીમખેડા, ગોધરામાં વરસાદની શક્યતાઓ છે. વડોદરા, આણંદ, નડિયાદમાં 3થી4 ઈંચ વરસાદની શક્યતા છે.

# ગાંધીનગરમાં 16મીથી ચોથા ગ્લોબલ RE-INVEST એક્સ્પો-2024નું આયોજન કરાયું

**■ વડાપ્રધાન મોદી દ્વારા ખુલ્લુ મૂકાશે, કેન્દ્રીયમંત્રીએ તૈયારીઓની સમીક્ષા કરી**

ગુજરાત | વંદન

ગાંધીનગર ખાતે આગામી તા. 16 થી 18 સપ્ટેમ્બર દરમિયાન ચોથા ગ્લોબલ RE-INVEST રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો-2024નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો શુભારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરાવશે.

RE-INVEST-2024ની તૈયારીઓની સમીક્ષા કરવા કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશી મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ કાર્યક્રમ સ્થળ (મુખ્ય કનવેંશન હોલ) તેમજ એક્ઝીબિશન હોલ સહિતની તમામ વ્યવસ્થાઓની જાત મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી.



કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય તેમજ ગુજરાત સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કાર્યક્રમલક્ષી વિવિધ બાબતોની તલસ્પર્શી માહિતી મેળવી હતી. નાગરિકોની ભાગીદારી વધારવા તેમજ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા મંત્રીએ જરૂરી સૂચનો પણ કર્યા હતા.

આ બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રીએ ગુજરાત સરકારના પ્રોએક્ટિવ એપ્રોચની સરાહના કરી હતી તેમજ સંપૂર્ણ સહયોગ માટે ગુજરાત સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીની મુલાકાત દરમિયાન ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના સચિવ ભૂપિંદરસિંઘ ભલ્લા તેમજ ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર ઉપરાંત GUVNLના મેનેજિંગ

...અનુસંધાન પેજ નં. 6 પર

# ઐસા ભી હોતા હૈ:42 કરોડમાં બનેલા પુલને તોડવાનો ખર્ચ થશે માત્ર 52 કરોડ!!

**■ 52 કરોડનો ખર્ચ હાટકેશ્વર બ્રિજ બનાવનાર અજય ઈન્ફ્રા પાસેથી વસૂલવામાં આવશે**

ગુજરાત | વંદન

અમદાવાદનો નબળો બનાવવામાં આવેલો અને ભ્રષ્ટાચારના પ્રતિક સમાન હાટકેશ્વર બ્રિજ 2022થી બંધ છે. આ પુલ તોડવા માટે અત્યાર સુધીમાં 4 વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેન્ડરની આ સ્ટોરી પણ ઘણી રસપ્રદ હતી કારણ કે આ નબળા બ્રિજના ડિમોલિશન માટે બહાર પાડવામાં આવેલા પ્રથમ બે ટેન્ડરમાં કોઈ કોન્ટ્રાક્ટરે રસ દાખવ્યો ન હતો.

જ્યારે ત્રીજી વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યું ત્યારે મહારાષ્ટ્રના એક કોન્ટ્રાક્ટરે ટેન્ડર ભર્યું હતું પરંતુ અંતે તે પણ કેન્સલ થઈ ગયું હતું. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનને ચોથી વખત આ બ્રિજ તોડી પાડવા ટેન્ડર બહાર પાડ્યું હતું. અંતે રાજસ્થાનના કોન્ટ્રાક્ટર વિષ્ણુપ્રસાદ પુંગલિયાને કામ સોંપ્યું હતું. આ પુલને તોડી પાડવા માટે રૂ.52 કરોડનું વર્ક ઓર્ડર દર્શાવવામાં આવ્યું છે. જે બાદ હવે આખરે હાટકેશ્વર બ્રિજ તોડી પાડવામાં આવશે તેવી આશા સેવાઈ રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગળાનો કાંટો બની રહેલો અમદાવાદનો જર્જરિત હાટકેશ્વર બ્રિજ છેલ્લા 2 વર્ષથી સંપૂર્ણપણે બંધ છે. આ બ્રિજ વર્ષ 2017માં અજય ઈન્ફ્રા નામની કંપની દ્વારા 42 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. ત્યારે અજય ઈન્ફ્રાએ દાવો કર્યો હતો કે આ બ્રિજની આયુ 100 વર્ષ હશે. પરંતુ તેના નિર્માણના 5 વર્ષ બાદ જ આ બ્રિજની મજબૂતાઈ પર સવાલો ઉઠવા લાગ્યા હતા, આ બ્રિજની સ્ટેબિલિટી ટેસ્ટ કરાવવામાં આવી હતી.



વિવિધ એજન્સીઓ દ્વારા આપવામાં આવેલા અહેવાલો અનુસાર, આ પુલના નિર્માણમાં હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ થયા બાદ આ પુલને વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાટકેશ્વર બ્રિજ બનાવનાર કંપનીને બ્લેક લિસ્ટ કરવામાં આવી હતી.

વર્ષ 2017માં રૂ.42 કરોડના ખર્ચે બનેલા હાટકેશ્વર બ્રિજને તોડી પાડવાનો ખર્ચ રૂ.52 કરોડ થવાનો અંદાજ છે. નિયમો અનુસાર હવે આ ખર્ચ વર્ષ 2017માં બ્રિજ બનાવનાર કંપની અજય ઈન્ફ્રા પાસેથી વસૂલવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા અનુસાર, ‘હાટકેશ્વર બ્રિજ કોન્ટ્રાકટર દ્વારા નબળો બનાવવાને કારણે છેલ્લા બે વર્ષથી બંધ હતો. બ્રિજના સ્ટેબિલિટી રિપોર્ટને ધ્યાનમાં રાખીને અમે બ્રિજ બનાવનાર અજય ઈન્ફ્રા નામની કંપનીને બ્લેકલિસ્ટ કરી હતી.’

ચેરમેને જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં મહાનગરપાલિકાએ આ બ્રિજને તોડવા માટે ચાર વખત ટેન્ડર બહાર પાડ્યા છે, પરંતુ ત્રણ ટેન્ડરમાં કોઈ કંપની જર્જરિત બ્રિજને તોડવા તૈયાર નથી. આખરે ચોથી વખત સમગ્ર પ્રક્રિયા પસાર કર્યા બાદ ફરી એકવાર ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. હવે રાજસ્થાનની કંપની રૂ.52 કરોડનો વર્ક ઓર્ડર લઈને જર્જરિત પુલને તોડી પાડવાની તૈયારી કરી રહી છે. આગામી બે સપ્તાહમાં તમામ નિયમો મુજબ પુલ તોડી પાડવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવશે. આ પુલને

...અનુસંધાન પેજ નં. 6 પર

